આઈપીએલ આજની મેચ

દિલ્હી કેપીટલ VS રાજસ્થાન રોયલ્સ

સાંજે ૭:30 કલાકે



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૧૬-૪-૨૦૨૫, બુધવાર

વર્ષ: ૧૪, અંક : ૩૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia



જય બજરંગ

ફલોર એન્ડ મસાલા મીલ

ચણા તુવેર મગ, અડદની ચોખ્ખી દાળ બનાવી આપશું માંડવી ફોલી આપશું. સિંઘાલુ હીંગ દળી આપશું.

સાકર દળી આપશું

93273 08756


# રાજકોટમાં ઈન્દિરા સર્કલ નજીક કાળમુખી સીટી બસે ત્રણ લોકોને કચડી નાખતા અરેરાટી



## બે લોકો ઈજાગ્રસ્તઃ ૧૫૦ ફૂટ રીંગ રોડ એમ્બ્યુલન્સના સાયરનથી દ્રવી ઉઠ્યોઃ ચાલક ચિક્કાર નશામાં હોવાનો આક્ષેપ

## અકસ્માતને પગલે સ્થાનિકોમાં રોષ ફાટી નિકળ્યોઃ બસ પર પથ્થરમારો, ચક્કાજામ



## અકસ્માતના સીસીટીવી વાયરલઃ અનેક ટુ વ્હીલર પર પૈડા ફરી વળ્યાંના દ્રશ્યોથી હૃદય કંપી ઉઠ્યાં

સમગ્ર ભયાનક અકસ્માતના દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયાં હતા. જે સીસીટીવી વાયરલ પણ થયાં છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, બેફામ બનેલી બસએ અનેક ટુ વ્હીલર ચાલકો અને ફોર વ્હીલને ટક્કર મારતા આ ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ત્રણ લોકોના મોત થયાં હતા અને ત્રણથી વધુ ઈજાગ્રસ્ત થયાના અહેવાલ મળી રહ્યા છે.



## સીપી, એડિશનલ સિપી, ડીસીપી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયાઃ રોષે ભરાયેલ ટોળાને વિખેરવા લાઠીચાર્જ

**અબતક, રાજકોટ**

રાજકોટના ઈન્દિરા સર્કલ નજીક ભયાનક અકસ્માત સર્જાયો છે. બેફામ દોડતી સીટી બસે રોડ ક્રોસ કરતા પાંચ લોકોને અડફેટે લેતા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે બે લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે ૧૫૦ ફૂટ રીંગ રોડ શાયરનના અવાજથી દ્રવી ઉઠ્યો હતો જ્યારે બીજી બાજુ સ્થાનિકોમાં આક્રોશનો માહોલ જોવા મળ્યો હતો. રોષે ભરાયેલ ટોળાંએ બસ પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં એકત્રિત થઈ જતાં ચક્કાજામ સર્જાયો હતો. બીજી બાજુ આક્રોષિત ટોળાંને વિખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. બીજી બાજુ પોલીસ કમિશ્નર, એડિશનલ પોલીસ કમિશ્નર, ડીસીપી સહિતના અધિકારીઓ દોડી ગયા હતા.

રાજકોટ શહેરમાં એક ભયાવાહ અકસ્માત સર્જાતા અરેરાટી સાથે રોષ વ્યાપ્યો છે. આજે સવારે અંદાજિત દસ વાગ્યાં આસપાસ ઈન્દિરા સર્કલ નજીક સીટી બસે અકસ્માત સર્જ્યો હતો. પ્રદ્યુમનપાર્કથી લાઈટ હાઉસના રૂટ પર દોડતી આર-ટુ નંબરની સીટી બસ ઈન્દિરા સર્કલથી પંચાયતનગર તરફ જઈ રહી હતી. ત્યારે ઈન્દિરા સર્કલ ખાતે ટ્રાફિક સિગ્નલ બંધ હોવા છતાં પણ પૂરપાટ ઝડપે ધસી આવેલી સીટી બસના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. ટ્રાફિક સિગ્નલ બંધ હોય રાહદારીઓ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા પણ બેફામ બનેલી સીટી બસે કુલ પાંચ લોકોને અડફેટે લઈ લીધા હતા. જે પૈકી ત્રણ લોકો પર બસના ટાયર ફરી વળતા તેમના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે બે લોકોને ઈજા પહોંચતા સારવાર અર્થે

(અનુ. આઠમા પાને)

### આર-૨ રૂટની બસે અકસ્માત સર્જ્યોઃ ચાલક શિશુપાલસિંહ પણ સારવાર હેઠળ

પ્રદ્યુમનપાર્કથી લાઈટ હાઉસના રૂટ પર દોડતી આર-ટુ નંબરની સીટી બસ ઈન્દિરા સર્કલથી પંચાયતનગર તરફ જઈ રહી હતી. ત્યારે ઈન્દિરા સર્કલ ખાતે ટ્રાફિક સિગ્નલ બંધ હોવા છતાં પણ પૂરપાટ ઝડપે ધસી આવેલી સીટી બસના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. ત્યારે લોકોએ ચાલક પીધેલી હાલતમાં હોવાનો આક્ષેપ કર્યો હતો. બીજી બાજુ ચાલક શિશુપાલસિંહ ઝાલાને ઈજાગ્રસ્ત થતાં તેને પણ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે ચાલકે ઈજાગ્રસ્ત હાલતમાં જણાવ્યું હતું કે, તે કોઈ નશામાં ન હતો પણ બ્રેક નહિ લાગતા અકસ્માત સર્જાયો હતો.



### અકસ્માતો નિવારવા ટ્રાફિક અવરનેસ વધુ સંગીન બનાવવી આવશ્યક

સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ. ખાતે સીટી બસ અકસ્માતમાં ત્રણના ભોગ લેવાની ઘટનાએ અકસ્માત ના કારણોની ચર્ચા જગાવી છે ત્યારે અકસ્માત માત્ર ચાલકની ગફલત પરજ બદનામીનું ઠીકરાં ફોડવાનો રિવાજ છે, ત્યારે અકસ્માત નિવારવા ટ્રાફિક અવરનેસ પણ જરૂરી છે રાજકોટ સહિત મોટા શહેરોમાં સિગ્નલ અને જાહેર રસ્તા પર વાહન ચાલકો દ્વારા આડેધડ ડ્રાઈવિંગ અને સિગ્નલ સ્ટોપ અને ટ્રાફિક ના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જોવાય છે અકસ્માતો નિવારવા વ્યવસ્થાની સાથે સાથે રસ્તા પર વાહન ચલાવતા તમામ લોકોએ ટ્રાફિકના નિયમો અંગે સજાગતા કેળવવી જોઈએ. અકસ્માતમાં કોઈ એકનો દોસ ન ગણી ટ્રાફિક નિયમો નો ભંગ કરી અવ્યવસ્થા (અનુ. આઠમા પાને)

# આનંદો.... ચોમાસું ટનાટન રહેશે

## અલ નીનોની કોઈ અસર નહીંઃ સામાન્ય કરતા વધુ વરસાદ પડવાની આઈએમડીની હૈયે ટાઢક આપતો વરતારો

**અબતક, રાજકોટ**


ખેડૂતો માટે લાપસીના આંધણ મુકાય તેવા હૈયે ટાઢક આપતા સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. આ વર્ષે ભારતમાં નૈઋત્યનું ચોમાસું સામાન્ય કરતા પણ વધુ સારુ રહેશે. દેશમાં સરેરાશ ૧૦૫ ટકા જેટલો વધુ વરસાદ પડશે તેવી આગાહી આઈએમડી દ્વારા આપવામાં આવી છે. અગાઉ ખાનગી હવામાન વિભાગ દ્વારા પણ દેશમાં ચોમાસુ સારુ રહેવાનો અને ૧૦૩ ટકા જેટલો વરસાદ પડવાની શકયતા વ્યકત કરી છે.

ભારતીય હવામાન વિભાગએ દાવો કર્યો છે કે આ વખતે ચોમાસુ સામાન્ય કરતા સારું રહેશે. જૂનથી સપ્ટેમ્બર સુધી સારો વરસાદ પડશે.આઈએમડી મુજબ, ૨૦૨૫ માં ૧૦૫ ટકા એટલે કે ૮૭ સેમી વરસાદની શક્યતા છે. ચોમાસાની ઋતુ ૪ મહિના સુધી ચાલે છે, જેના માટે લાંબા ગાળાની સરેરાશ ૮૬૮.૬ મીમી એટલે કે ૮૬.૮૬ સેમી છે. આનો અર્થ એ થયો કે સમગ્ર મોસમ દરમિયાન કુલ આટલો વરસાદ પડશે.જે રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે તેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, મરાઠવાડા, પશ્ચિમ બંગાળ અને તેલંગાણાનો સમાવેશ થાય છે. જે રાજ્યોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે તેમાં જમ્મુ અને કાશ્મીર, બિહાર, તમિલનાડુ, લદ્દાખ અને પૂર્વોત્તર રાજ્યોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ચોમાસુ ૧ જૂનની આસપાસ કેરળમાં પ્રવેશ કરે છે. ચોમાસુ સામાન્ય રીતે ૧૫-૨૫ જૂનની વચ્ચે આવે છે. ૪ મહિનાની ઋતુ પછી, સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ચોમાસું રાજસ્થાન થઈને પાછું ફરે છે.મે અને જૂનમાં ગરમીનો પ્રકોપ ચાલુ રહેશે. અલ નીનોની કોઈ શક્યતા નથી. હાલમાં ગરમી અને લૂ ફેંકાઈ રહી છે, જેના કારણે વીજળી અને પાણીની માંગમાં વધારો થશે. ભારતમાં ૫૨ ટકા કૃષિ ક્ષેત્ર ચોમાસા પર આધારિત છે. આવી સ્થિતિમાં ખેડૂતો માટે આ રાહતના સમાચાર છે. અલ નીનોને કારણે દરિયાનું તાપમાન ૩-૪ ડિગ્રી વધે છે. આના કારણે, ઓછા વરસાદવાળા વિસ્તારોમાં વધુ વરસાદ અને વધુ વરસાદવાળા વિસ્તારોમાં વધુ વરસાદ પડે છે. અલ નીનોની અસરને કારણે ભારતમાં ચોમાસુ નબળું રહે છે.

ભારતમાં ૭૦ ટકા વરસાદ ચોમાસા દરમિયાન થાય છે. દેશના ૭૦-૮૦ ટકા ખેડૂતો વરસાદ માટે ચોમાસા પર આધાર રાખે છે. વધુ કે ઓછો વરસાદ ઉપજને અસર કરે છે. કૃષિ ક્ષેત્ર અર્થતંત્રમાં ૨૦ ટકા ફાળો આપે છે. અડધી વસ્તી કૃષિ ક્ષેત્રમાં કાર્યરત છે. સારો વરસાદ એટલે સારી આવક. ૨૦૨૦ થી ૨૦૨૪ ની વાત કરીએ તો, સ્કાયમેટની આગાહી ફરી એકવાર સાચી સાબિત થઈ છે.

૨૦૨૪માં, આલએમડી એ ૧૦૬ ટકા વરસાદની આગાહી કરી હતી અને સ્કાયમેટે ૧૦૨ ટકા વરસાદની આગાહી કરી હતી, પરંતુ

(અનુ. આઠમા પાને)




## દેશમાં સરેરાશ ૧૦૫ ટકા જેટલો વરસાદ પડશેઃ ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે પણ ચોમાસામાં ૧૦૩ ટકા વરસાદ પડવાની આગાહી કરી છે

# છત્તિસગઢના બસ્તરમાં એન્કાઉન્ટરમાં બે નક્સલી ઠાર

## સુરક્ષા કર્મચારીઓએ એન્કાઉન્ટર સ્થળ પરથી એકે-૪૭ રાઈફલ સહિત અન્ય હથિયારો, દારૂગોળો અને નક્સલી સામગ્રી પણ જપ્ત કરી

**અબતક, છતીસગઢ**

છત્તીસગઢના કોંડાગાંવ અને નારાયણપુર જિલ્લાની સરહદે આવેલા કિલમ-બરગુમ વિસ્તારના જંગલોમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું, જેમાં પૂર્વ બસ્તર ડિવિઝનના બે વોન્ટેડ નક્સલવાદી કમાન્ડર માર્યા ગયા. આ એન્કાઉન્ટર ૧૫ એપ્રિલના રોજ થયું હતું, જેમાં સુરક્ષા દળોએ ડીવીસીએમ હલદર અને એસીએમ રામેને મારીને મોટી સફળતા મેળવી હતી.



સુરક્ષા દળોએ ગુપ્ત માહિતીના આધારે આ કાર્યવાહી કરી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને નક્સલીઓ પર કુલ ૧૩ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં હલદર પર ૮ લાખ અને રામે પર ૫ લાખનું ઈનામ હતું. સુરક્ષા કર્મચારીઓએ એન્કાઉન્ટર સ્થળ

(અનુ. આઠમા પાને)

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ સામે ચાર્જશીટ દાખલ સ્પેશિયલ કોર્ટમાં ૨૫મી એ સુનવણી

## ૫૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સોનિયા-રાહુલ સહિત ૫ લોકો અને ૨ કંપનીઓને આરોપી તરીકે નામ દાખલ

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી માટે મુશ્કેલી વધી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ નેશનલ હેરાલ્ડ કેસમાં ૯ એપ્રિલે ૫૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના આરોપમાં ચાર્જશીટ દાખલ કરી છે. આ ચાર્જશીટમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનું નામ આરોપી તરીકે છે.છેલ્લા કેટલાક વર્ષોમાં આ કેસમાં સોનિયા અને રાહુલ, તેમજ કોંગ્રેસના ભૂતપૂર્વ ખજાનચી મોતીલાલ વોરા અને ઓસ્કાર ફર્નાન્ડિઝની ઘણી વખત પૂછપરછ પણ કરાય છે.

ચાર્જશીટમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિત ૫ લોકો અને ૨ કંપનીઓને આરોપી તરીકે નામ દાખલ કરવામાં આવ્યા છે. આરોપીઓમાં કોંગ્રેસના નજીકના સહયોગી સેમ પિત્રોડા અને સુમન દુબેનો પણ સમાવેશ થાય છે.


(અનુ. આઠમા પાને)

# અફઘાનિસ્તાનમાં ૫.૯ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો

## ભૂકંપની અસર દિલ્હી-એનસીઆર સહિત ભારતના અનેક વિસ્તારોમાં જોવા મળીઃ ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૭૫ કિ.મી. ઊંડે હતું

**અબતક, નવી દિલ્હી**

દિલ્હી-એનસીઆરમાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ઘટના વિશે માહિતી આપતાં રાષ્ટ્રીય ભૂકંપ કેન્દ્રએ કહ્યું કે આજે અફઘાનિસ્તાનના હિંદુ કુશ વિસ્તારમાં ૫.૯ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો જેની અસર દિલ્હી-એનસીઆર સહિત ભારતના અનેક વિસ્તારોમાં જોવા મળી હતી. એનસીએસના અહેવાલ અનુસાર ભૂકંપનું કેન્દ્ર ૭૫ કિ.મી. ઊંડે હતું. ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ ભારે નુકસાન પહોંચાડવા માટે પૂરતું ગણાય છે. ખાસ કરીને ભૂકંપના કેન્દ્રની આજુબાજુના વિસ્તારોમાં. જોકે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના અહેવાલ સામે આવ્યા નથી. પરંતુ ભૂકંપનો આંચકો ભારે હોવાને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભૂકંપના આંચકા સવારે ૪:૪૪ વાગ્યે અનુભવાયા હોવાની જાણકારી મળી રહી છે. જેના કારણે લોકો ફફડી ગયા હતા અને ઊંઘમાંથી ઊઠી દોટ મૂકવાની ફરજ પડી હતી. ભારતમાં દિલ્હી-એનસીઆર, યુપી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ આફ્ટર શોક અનુભવાયા હતા.



આજે વિશ્વ હાથી બચાવ દિવસ

# આફ્રિકન બુશ હાથી અને એશિયન હાથી બન્ને લુપ્ત પ્રજાતિ તરીકે સુચિબધ્ધ

## ગ્રહ પરના સૌથી મોટા ભૂમિ પ્રાણી તરીકે તે ઈકો સિસ્ટમના સ્વાસ્થ્યને જાળવવામાં મહત્વ પૂર્ણઃ જેમની વસ્તીમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે પૃથ્વીવાસીઓએ તેની દુર્દશા વિશે જાગૃતિ લાવવાનો છેઃ વિશ્વમાં આફ્રિકા અને એશિયામાં સૌથી વધુ જોવા મળે છે

પૃથ્વી પર પ્રાણી જગતનું સૌથી મોટું પ્રાણી હાથી છે. તે લાગણીશીલ, બુધ્ધિશાળી અને સુંદર મહાકાય પ્રાણી છે, પણ તેની વસ્તુ દુઃખદ રીતે વિવિધ જોખમને કારણે ઝડપથી ઘટી રહી છે, આજે હાથી બચાવ દિવસ કે સેવધ એલિફન્ટ ડે ઉજવાય રહ્યો છે, ત્યારે વૈશ્વિક સ્તરે તેની જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાયા છે. આપણે સૌએ તેને પડતી મુશ્કેલી બાબતે શિક્ષિત કરવાની તાતી જરુરીયાત છે. વિશ્વમાં હાથી આફ્રિકા અને એશિયા ખંડમાં જોવા મળે છે, તેની બે પ્રજાતિઓમાં આફ્રિકન બુશ અને એશિયન હાથી બન્ને લુપ્ત પ્રજાતિ તરીકે સુચિબધ્ધ કરાયા છે.

ગ્રહ પરના સૌથી મોટા ભુમિ પ્રાણી તરીકે તે ઈકો સિસ્ટમના સ્વાસ્થ્યને જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વસ્તીમાં થતાં નોધપાત્ર ઘટાડા સામે અને તેની દુર્દશા વિશે જાગૃતિ લાવવાનો છે. વિશ્વમાં આફ્રિકાના જંગલોમાં માત્ર ચાર લાખ હાથી જ બચ્યા છે, તેના ઘટાડાનું મુખ્યકારણ હાથી દાંતનો વેપાર ગણાય છે, જો કે ૧૯૮૯ થી તેના પર પ્રતિબંધ મુકાયો છે. વિશ્વમાં હાથી દાંતનું સૌથી મોટું બજાર ચીન છે, તેને પણ ૨૦૧૬થી તેના વેપાર ઉપર પ્રતિબંધ મુકયો છે. બાળકોને હાથી ખુબ જ ગમે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

વિશ્વમાં તેની કુલ ત્રણ પ્રજાતિઓમાં આફ્રિકન બુશ, આફ્રિકન ફોરેસ્ટ અને એશિયન હાથી છે. તે બુધ્ધિશાળી, સામાજીક અને મોટાભાગે સૌમ્ય જોવા મળે છે. તે આનંદ, ગુસ્સો અને દુઃખ જેવી વિવિધ લાગણીઓ પ્રદર્શિત કરે છે. તે લાંબા અંતરના ભૂકંપના સ્પંદનો ઉત્પન કરે છે, અને સ્પર્શ દ્વારા એકબીજાનું સ્વાગત કરે છે. તેમનું કદ અને શકિત તેમના રહેઠાણોને આકાર આપે છે. તે બીજ ફેલાવવા અને વિવિધ છોડ અને વૃક્ષોની પ્રજાતિઓના પ્રજનનને સરળ બનાવે છે. માનવ સંસ્કૃતિમાં પણ તેમનું લાંબા સમયથી મુલ્ય રહ્યું છે.

તેમના શાળા પણ શકિત અને મિલનસાર સ્વભાવ માટે સૌને આદર હોય છે. પ્રાચિન સ્થાપત્યોમાં પણ તેના ચિત્રો, કોતરણી સાથે બૌધ્ધ મંદિરો કે ગૌથિક ચર્ચમાં પથ્થરની કોતરણી હોય છે. આ મનોહર જીવને વિશ્વના વિવિધ ધર્મોમાં પણ પૂજનીય માનવામાં આવે છે. એશિયામાં હાથીઓનો ઉપયોગ ઘણીવાર કામ કરતા પ્રાણી તરીકે થાય છે, લોકો તેની પાસે ભાર વહન કરવા અને પરિવહનના સાધન તરીકે ઉપયોગ કરે છે. તેમનામાં અદભુત શકિત હોવાથી પ્રાચિન સમયમાં તેનો યુધ્ધોમાં ઉપયોગ થતો હતો.

તેમનો ગેરકાયદેર શિકાર પ્રતિબંધ હોવા છતાં આજે વૈશ્વિક સ્તરે જોવા મળે છે, આફ્રિકન હાથીનું દર ૩૦ મિનિટે એકને હાથી દાંત માટે મારી નાખવામાં આવે છે. હાથી માટે અન્ય ખતરામાં રહેઠાણનું નુકશાન અને વિભાજન, શહેરીકરણ, પાક અંગે માનવીઓ સાથે સંઘર્ષો પણ છે. કેદમાં રાખવામાં આવેલા અને ઉપેક્ષિત હાથીઓ સાથે દુવ્યવહાર કરવાના કિસ્સા પણ જોવા મળે છે. આફ્રિકન વન હાથીઓને ગંભીર રીતે લુપ્ત પ્રાય પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરાય છે. હાથીઓના પુનર્વસન અને તેના બચાવ કર્યો માટે ઘણી સંસ્થા કાર્ય કરી રહી છે. હાથી વિશે ઘણી લોકવાયકોઓ પણ જોવા મળે છે, તેને વરસાદ લાવનાર પ્રાણી કે પૌરાણિક કથાઓમાં તેને શકિત અને રાજાશાહીનું પ્રતિક ગણાય છે. તેના પગથી સંવેદન શીલ ત્વચાનો ઉપયોગ કરીને સ્પંદન અનુભવે છે, તેના હલન ચલનનું સંકલન કરીને અન્ય લોકોને ભયની ચેતવણી આપે છે. બૌધ્ધધર્મમાં સફેદ હાથીઓને શ્રધ્ધાનું પ્રતિક ગણાય છે. દુષ્કાળ દરમ્યાન તે પાણી માટે ખોદકામ કરે છે, તના છાણ દ્વારા બીજ ફેલાવવાનું કામ કરે છે. તે પોતાની ચામડીને સનબર્ન અને જંતુના કરડવાના બચાવ માટે પોતાના શહીર ઉપર ધુળ, કાદવ નાંખે છે. તે માણસના અવાજે ઓળખી શકે છે, અને મૈત્રિપૂર્ણ અને ધમકી ભર્યા સ્વર વચ્ચેનો તફાવત સમજે છે. હાથીઓનો આદરણિય દરજજો હોવા છતાં તેમના અસ્તિત્વ માટે ખતરો મુખ્યત્વે માનવ પ્રેરિતઓ ગણાય છે. ૨૦૧૨ થી વૈશ્વિ સ્તરે તેમના બચાવ માટે દિવસ ઉજવાય છે. આજની ઉજવણીમાં સૌએ સોશિયલ મીડીયા પર જાગૃતિ પ્રસરાવવી, હાથી દાંતના ઉત્પાદન ન ખરીદવા, સાથે પ્રાણીઘરની મુલાકાત લઈને તેના વિશે વિવિધ જાણવી જોઈએ. ખાસ કરીને વિદ્યાર્થી મિત્રોને આ પ્રાણી વિશે જનજાગૃતિમાં સામેલ કરવા જરુરી છે.



### હાથીની સૂંઢમાં હાડકા હોતા નથી, પણ દોઢ લાખ સ્નાયુ હોય છે !

ભૂતકાળમાં જોવા મળતી અનેક જાતિઓ લુપ્ત થઈ ગઈ છે. અને હાલની જાતિઓ માટે પણ મનુષ્યોનું સંકટ જોવા મળી રહ્યું છે. એક અચરજ પમાડે તેવા સંશોધનમાં જાણવા મળ્યું કે હાથીઓ પણ માણસની જેમ એકબીજાને નામથી સંબોધે છે. હાડકા વગરની સૂંઢમાં દોઢ લાખ સ્નાયુ હોય છે. તેના કાન શરીરનું તાપમાન જાળવવામાં મદદ કરે છે. તે એક દિવસમાં ૩૦૦ લીટર પાણી પીવે છે. તેના મોટા કાન હોવા છતાં અવાજ સાંભળવામાં નબળા હોય છે. તેની ચામડી એક ઈંચ જાડી હોય છે. સૂંઢના છેડે આવેલો આંગળી જેવો ભાગ ખંજવાળ અને આંખો સાફ કરવામાં કામ આવે છે. હાથી પાણીમાં લાંબ અંતર સુધી તરી શકે છે. તેની ઉંચાઈ ૧૦ થી ૧૨ ફુટની હોય છે. તે કૂદકા મારી શકતું નથી. હાથી બહુ ઉંઘ લેતા નથી, પણ રાત્રે ઉભા ઉભા જ ઉંઘ ખેંચી લે છે. ભારતીય હાથી ભારત ઉપરાંત બર્મા, સિયામ, મલાયા, સુમાત્રા અને શ્રીલંકામાં વસે છે. ભારતીય હાથીમાં માત્ર નર હાથીને દંતશૂળ જોવા મળે છે.



## આફ્રિકાના જંગલોમાં હવે માત્ર ચાર લાખ હાથી જ બન્યા છે, તેના ઘટાડાનું મુખ્ય કારણ હાથી દાંત માટે તેનો શિકાર ગણાય છેઃ ૧૯૮૯ થી હાથી દાંતના આંતરરાષ્ટ્રીય વેપાર પર પ્રતિબંધ મુકાયો છેઃ વિશ્વમાં સૌથી મોટું હાથી દાંત બજાર છે, તેને પણ ૨૦૧૬થી પ્રતિબંધ મુકયો છે

# પાંચ વર્ષ સુધીના બાળકને ઘરથી દૂર કરવું જોઈએ નહીં

## પાંચ વર્ષ સુધીના બાળકને કોઈ અનુશાસનમાં બાંધવું જોઈએ નહીં

ભારતની શિક્ષણ પરંપરા વિશ્વમાં સૌથી પ્રાચીન છે.ન માત્ર પ્રાચીન પરંતુ તે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ પણ છે. આટલી પ્રાચીન શિક્ષણ પરંપરામાં બાલ શિક્ષણના સંદર્ભમાં એક વાત ખાસ ધ્યાન દેવા જેવી છે. એ છે બાળકને શાળામાં બેસાડવાની ઉંમર. ભૂતકાળમાં વિદ્યાલયમાં વિદ્યાભ્યાસ માટે પ્રવેશની ઉંમર ક્યાંક સાત વર્ષની હતી, તો ક્યાંક છ વર્ષની હતી. કોઈપણ પરિસ્થિતિમાં પાંચ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોનો વિદ્યાલયમાં પ્રવેશ થતો ન હતો.

કોઈપણ પરિસ્થિતિમાં બાળકને પાંચ વર્ષની ઉંમર સુધી માતા-પિતા કે ઘરથી દૂર કરવું જોઈએ નહીં.પાંચ વર્ષ સુધીના બાળકને કોઈ અનુશાસનમાં બાંધવું જોઈએ નહીં. જ્યારે આપણે અઢી ત્રણ વર્ષના બાળકને મોન્ટેસરી,નર્સરી કે કે.જી.ના નામે વિદ્યાલયમાં મોકલીએ છીએ.ત્યાં તો પાઠ્યક્રમ લાગુ કરી દેવામાં આવે છે. સ્કૂલ બેગ, પુસ્તકો,ગૃહકાર્ય, પરીક્ષા વગેરે લાગુ પડી જાય છે. એનો સીધો અર્થ એ થાય કે આપણે બાળકને સમયથી બે ત્રણ વર્ષ વહેલું ભણાવવાનું શરૂ કરી દઈએ છીએ. આમાં અનુશાસન મૂક્ત ક્યાં રહ્યું ? જો કે નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦ અન્વયે હવે છ વર્ષની ઉંમરનું બાળક જ પહેલાં ધોરણમાં પ્રવેશ પાત્ર બનવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

ઉંમરના ત્રણ તબક્કા છે.ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીનો પહેલો તબક્કો, છ થી પંદર વર્ષ સુધીનો બીજો તબક્કો અને સોળ વર્ષથી જીવનના અંત સુધીનો ત્રીજો તબક્કો. આ ત્રણેય તબક્કા જીવન વિકાસની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાના આધાર પર નક્કી કરવામાં આવ્યા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીમાં સંસ્કાર ગ્રહણ ક્ષમતા સૌથી વધુ હોય છે. આ વાત સાથે ભારતીય અને પાશ્ચાત્ય તમામ મનોવૈજ્ઞાનિકો સંમત છે. ક્યાંક ક્યાંક આ ઉંમર છ વર્ષની પણ બતાવવામાં આવે છે. પાંચ વર્ષ પૂરાં થયા પછી બુદ્ધિનો વિકાસ શરૂ થાય છે અને પંદર વર્ષ પૂરાં થતાં થતાં બુદ્ધિની ક્ષમતા પણ પૂરી થઈ જાય છે. એનાથી આગળ બુદ્ધિ વિકાસ થતો નથી. તેના પછી જે પણ બુદ્ધિ વધે છે તે અનુભવ અને કાર્યના માધ્યમથી જ વધે છે.

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ સંસ્કાર છે.પંદર વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ શિક્ષણ છે અને સોળ વર્ષની ઉંમરથી આગળ વિકાસનું માધ્યમ સ્વાધ્યાય છે. યોગની ભાષામાં જો કહેવામાં આવે તો પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસ પ્રક્રિયાનું અધિષ્ઠાન 'ચિત્ત' છે, પંદર વર્ષની ઉંમર સુધી 'મન' અને સોળ વર્ષથી આગળ વિકાસની પ્રક્રિયાનું અધિષ્ઠાન 'બુદ્ધિ' છે.

આપણે સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાને આ મૂળભૂત વાતો સાથે જોડવી જોઈએ. આ સંદર્ભમાં આપણી શિક્ષણ વ્યવસ્થાનું વિભાજન થવું જોઈએ. પાંચ વર્ષની ઉંમર સુધી ઘરમાં માતા-પિતા દ્વારા સંસ્કાર મેળવે, છથી પંદર વર્ષ સુધી આચાર્ય દ્વારા વિદ્યાલયમાં શિક્ષણ મેળવે અને સોળ વર્ષથી આગળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સ્વતંત્ર શિક્ષણ મેળવે. આ અર્થમાં પાંચ વર્ષની ઉંમર સુધી અવાજની મધુરતા, સ્વાદની સાત્વિકતા, પ્રકાશની તેજસ્વીતા, સ્પર્શની પવિત્રતા, સમગ્ર વાતાવરણની પ્રસન્નતા, ગતિનું લાલિત્ય,ઈન્દ્રિય અનુભવોની સુંદરતા પ્રાપ્ત થવી જોઈએ. આ ભૌતિક પ્રકારનો અનુભવ થયો.સાથે સાથે જે પણ માનવીય સંબંધ જોડાય તે પ્રેમપૂર્ણ હોવા જોઈએ. સાંસ્કૃતિક પરંપરા અને જીવન મૂલ્યો સાથે પણ સંબંધ જોડવો જોઈએ. આપણા પૂર્વજો અને મહાપુરૂષો આપણા પ્રેરણા સ્રોત છે, એ પણ શિશુ અવસ્થાના શિક્ષણનો એક ભાગ છે.આ જ નૈતિક શિક્ષણ છે. એનાથી ચરિત્ર નિર્માણ થશે. બાળકને જે જે માધ્યમથી પ્રેરણા આપીએ, અનુભવ કરાવીએ છીએ એ આનંદદાયક હોવા જોઈએ. આ દૃષ્ટિએ ખેલ, ગીત, વાતો વગેરે ખૂબ જરૂરી છે. બાળકોને રમવામાં, ગાવામાં, નાચવા-કૂદવામાં, પાણીમાં પલળવામાં, ઘાસ કે રેતીમાં આળોટવામાં, વાતો સાંભળવામાં, સંગીત સાંભળવામાં અને મોટાઓનું અનુકરણ કરવામાં ખૂબ જ આનંદ આવે છે. આ બધાં સંસ્કારનાં માધ્યમો છે.

સંસ્કાર પ્રક્રિયામાં સૌથી વધુ અનુભવ અને પ્રેરણાનું મહત્વ છે.બાળકને રંગના નામ યાદ ન રહે તો ચિંતાની વાત નથી.આંખોને વિવિધ પ્રકારના રંગ, રંગની રચના, રંગનું સમાયોજન વગેરે દેખાવું જોઈએ. ગીતના શબ્દો યાદ ના રહે તો ચિંતા નથી. તથ્ય યાદ ન રહે તો પણ ચિંતા નથી, પરંતુ ગીતનો ભાવ અને સ્વર અંદર ઉતરવા જોઈએ. પાણીમાં લાકડાં તરે છે અને લોખંડ ડૂબી જાય છે, એ જોવું જરૂરી છે. અર્થાત પોતાની ચારે બાજુની સૃષ્ટિનું આંતરબાહ્ય, અનુભવ કરવો, તેમની સાથે તાદાત્મ્ય સાધવું, આનંદથી પુલકિત થઈ જવું, બધા તરફથી પ્રેમની વર્ષા થઈ રહી છે, એનો અનુભવ કરવો એ જ તેના અંતઃકરણને સમૃદ્ધ કરવાનો એક માત્ર ઉપાય છે.




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૪-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વાર તહેવાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેંગો આઈસ્ક્રીમ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૫:૩૦ સ્પે.સ્ટોરી (આર યુ ઓકે)
૦૫:૩૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેંડપ કોમેડી
૦૮:૦૦ થી ૦૮:૩૦ મનુ મોજીલો
૦૮:૩૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૪-૨૦૨૫ ગુરુવાર**
૦૬:૩૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૭-૪-૨૦૨૫ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ચૈત્ર વદ ચોથ વિછુડો
**નક્ષત્ર** જયેષ્ઠા
**યોગ** વરિયાન **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૬.૨૭ **સુર્યાસ્તઃ** ૭.૦૭
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૪૯ થી ૧.૪૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૯ | | | | ૨ |
| ૮ | | | | | | | ૭ | |
| ૬ | ૪ | | ૮ | | | | ૯ | |
| | | | | | | ૪ | ૬ | |
| | | ૭ | ૫ | | | | ૩ | |
| ૯ | | | | | | | | |
| | | ૫ | ૧ | ૨ | ૯ | | | |
| | | ૬ | | | | ૧ | | |
| | | | | ૩ | | ૫ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૧ |
| ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૫ | ૮ | ૨ | ૪ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૬ | ૭ | ૫ | ૯ | ૩ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૪ | ૩ | ૧ | ૭ | ૬ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૭ | ૮ | ૨ | ૪ | ૫ |
| ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ | ૯ | ૩ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૬ | ૩ | ૧ | ૨ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૮ | ૯ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૭.૪.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર વદ ચોથ, જ્યેષ્ઠા નક્ષત્ર, વરિયાન યોગ, કૌલવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : આર્થિક બાબતોમાં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો. નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ (બ,વ,ઉ)** : સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન (ક,છ,ઘ)** : ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવકનો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક (ડ,હ)** : થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ (મ,ટ)** : જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ)** : આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત)** : પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે .

**વૃશ્ચિક (ન,ય)** : નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે, પ્રગતિ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : અંગત વ્યકિત સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર (ખ,જ)** : વિદ્યાર્થીવર્ગને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ (ગ,સ,શ)** : આજના દિવસે તમારા રસના વિષયોમાં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદમાં પસાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

## સિટી કાઉન્સિલ ઓફ જેતપુર આયોજિત ''સ્નેહનું વાવેતર'' સમૂહ લગ્નોત્સવમાં જેતપુરના આંગણેથી

# સ્નેહથી નીતરતું પાનેતર પહેરાવી કોડ ભરેલી ૧૧૧ દીકરીઓને સાસરે વળાવાશે

### સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયાના સ્મરણાર્થે અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાના સહયોગ થકી રવિવારે રજવાડી ઠાઠ-માઠ સાથે પરંપરાગત રીતરિવાજોની ભવ્યતા જોવા મળશે

**અબતક, રાજકોટ**

જેતપુર સીટી કાઉન્સિલ આયોજિત ૧૭ મી વખત સર્વજ્ઞાતિય રજવાડી સમુહ લગ્ન ઉત્સવનું અનેરૂ અને ભવ્ય ''સ્નેહનું વાવેતર'' સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયા સ્મરણાંથે તેમજ ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ના સહયોગ થકી સમૂહ લગ્નનું તા.૨૦ ૪ ને રવિવારના રોજ રજવાડી પાર્ટી પ્લોટ જુનાગઢ રોડ જેતપુર ખાતે રાખેલ છે, અબતકના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથેની શુભેચ્છા મુલાકાતમાં જેતપુર ડાઈંગ એસોસિએશનના પ્રમુખ જયંતીભાઈ રામોલિયા,લલીતભાઈ રાદડિયા, પ્રવીણભાઈ ગજેરા, અરવિંદભાઈ વોરા, પ્રવીણભાઈ નંદાણીયા, વિનોદભાઈ કમુપરાએ સમગ્ર માહિતી આપી હતી સમૂહલગ્નત્સવમાં રજવાડી શૈલીમાં કરવામાં આવશે તેમજ જેમાં પરંપરાગત રીત-રિવાજો અને ભવ્યતા જોવા મળશે.સમૂહ લગ્નત્સવ થકી સામાજિક સમરસતાને પ્રોત્સાહન મળશે તેમજ સર્વે જ્ઞાતિ ની દીકરીઓ આ સમૂહ લગ્નમાં જોડાય છે

જેમાં ૧૧૧ દીકરીઓના લગ્ન ધામધૂમથી કરાવવામાં આવશે ,જેતપુર સિટી કાઉન્સિલ દ્વારા આયોજિત આ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નમાં વરરાજા માટે ભવ્ય વરઘોડો પણ કાઢવામાં આવશે. વરરાજાઓને એકસાથે ભવ્ય રીતે સજ્જ કરેલા વાહનોમાં - ઘોડા પર બેસાડીને લગ્ન સ્થળે લાવવામાં આવે છે, આ ઉપરાંત કન્યાઓને વિવિધ કરિયાવરરૂપી ભેટ તેમના ઘરે પહોંચાડી દેવામાં આવી છે તેમજ સ્નેહનું વાવેતર સમૂહલગ્ન લગ્નઉત્સવનુ ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. મોટી હવેલીના જે .જે પ્રિયાંકરાયજી , તેમજ સ્વામિનારાયણ મંદિરના મહંત નીલકંઠચરણદાસજી વચન પાઠવશે,કેબિનેટ મંત્રી મનસુખ માંડવીયા, મંત્રી રાઘવજી પટેલ, મુળુભાઈ બેરા, કુંવરજીભાઈ બાવળીયા,ધારાસભ્ય મહેન્દ્ર પાડેલીયા,ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા પૂર્વ સાંસદ રમેશ ધડુક, ભરત બોઘરા, રાજકોટ જિલ્લા ભાજપ અલ્પેશ ઢોલરીયા, આરડીસી બેંકના ડિરેક્ટર લલિત રાદડિયા ખીમજીભાઈ મકવાણા,જય જગદીશ ગ્રુપના વિરજીભાઈ વેકરીયા, પોરબંદર ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા, રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદન સંઘના ચેરમેન ગોરધન ધામેલીયા, ગુજરાત રાજ્ય પૂર્વ મંત્રી જશુમતીબેન કોરાટ રાજકોટ જિલ્લા સંઘના પ્રમુખ દિનેશ ભુવા , જેતપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સખરેલીયા જેતપુર માર્કેટિંગ યાર્ડના ચેરમેન જમન ભુવા, રાજકોટ માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન ડી.કે સખીયા જેતપુર નગરપાલિકાના પ્રમુખ મેનાબેન ઉસદડિયા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી ,નિશાન ગ્રુપના શૈલેષ હિરપરા, રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, ઉદ્યોગપતિ મનસુખ વાઘાણી, વેકો પ્રિન્ટના સંજય ગજેરા જેતપુર કન્યા છાત્રાલયના રાજુભાઈ પટેલ, મિતલબેન રાદડિયા, રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપત બોદર જુનાગઢ જિલ્લા બેંકના પ્રમુખ કિરીટ પટેલ ,રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મનસુખ ખાચરિયા, ધોરાજી માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરી કિશન માવાણી રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદન સંઘના પૂર્વ પ્રમુખ ગોવિંદભાઈ રાણપરીયા સહિતના સામાજિક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે. જેતપુરના યુવા મંડળો અને વિવિધ કલબના સભ્યો પણ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે સમર્થકો અને કાર્યકરો પણ સ્વયંસેવક કામ કરવા માટે ઉત્સાહ બતાવી રહ્યા છે સમૂહ લગ્નના આયોજનમાં દાતાઓનો સાથ અને સહકાર મળેલ છે.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

### જેતપુરવાસીઓનો ખૂબ જ સાથ સહકાર મળ્યો: પ્રમુખ જયંતીભાઈ રામોલિયા



અબતક સાથેની વાતચીતમાં જેતપુર ડાઈંગ એસોસિએશનના પ્રમુખ જયંતીભાઈ રામોલિયા એ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૭ વર્ષથી સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે, જેમાં ૨૦૦ થી ૩૦૦ જેટલા સ્વયંસેવકો સતત ખડે પગે રહીને કામગીરી કરી રહ્યા છે, આ સમૂહ લગ્નમાં ૧૧૧ દીકરીઓનું કન્યાદાન આપવામાં આવશે તેમજ કરિયાવર રૂપી ભેટ તેમના ઘરે પહોંચાડી દેવામાં આવી છે, સ્વ વિઠ્ઠલભાઈ રાદડિયા ના સ્મરણાંથે તેમજ ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ના સહયોગ થકી ૧૧૧ દીકરીઓ લગ્નગ્રંથિથી જોડાશે. આ ઉપરાંત જામકંડોરણામાં કન્યા છાત્રાલય તેમજ કુમાર છાત્રાલયમાં ગુજરાતભરના શિક્ષણ મેળવી રહ્યા છે તે ખૂબ જ ગર્વની વાત છે , આ ઉપરાંત શાહી સમુહલગ્નત્સવ ના આયોજનમાં જેતપુરવાસીઓનો ખૂબ જ સાથ સહકાર મળેલ છે તેમજ દાતાઓએ પણ ઉદાર દિલે દાન આપેલ છે.

# મુન્દ્રાઃ ધ્રબ સીમ વિસ્તારમાં રૂ. ૯૫ લાખની સરકારી જમીન કરાઈ ખુલ્લી



### હોટેલ, દુકાનો અને વાડાઓ પર ફર્યુ બુલડોઝર

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

મુન્દ્રા તાલુકાના ધ્રબ ગામના સીમ વિસ્તારમા ટ્રા.સ. નં ૧૬૯ પૈકીના વિસ્તારમાં ગેરકાયદેસર દબાણ તોડીને અંદાજે ૯૫ લાખ ૭૦ હજારની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. કચ્છમાં સરકારી જમીન ઉપર અનઅધિકૃત દબાણ હટાવવાની ઝુંબેશ અંતર્ગત કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ અને મુન્દ્રા પ્રાંત અધિકારી બી.એચ.ઝાલાના સુપરવિઝન હેઠળ મામલતદાર કે.એસ.ગોંદિયા અને વહીવટીતંત્રની ટીમ દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી ધ્રબ સીમ વિસ્તારમાં હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી હેઠળ કુલ સાત સ્થળોએ ગેરકાયદેસર રીતે સરકારી જમીન ઉપર બાંધવામાં આવેલી હોટેલ, દુકાનો અને વાડાઓને દૂર કરવામાં આવ્યા હતા. મુન્દ્રાના ધ્રબ સીમ વિસ્તારમા ટ્રા.સ. નં ૧૬૯ પૈકી સરકારી પડતર જમીન પર કોમર્શિયલ રીતે ગેરકાયદેસર દબાણને વહીવટીતંત્ર દ્વારા દૂર કરીને અંદાજિત કુલ ૯૫,૭૦,૦૦૦ રકમની ૧૪૫૦ ચો.મી સરકારી જમીનને ખુલ્લી કરાવવામાં આવી હતી તેમ પ્રાંત અધિકારી બી.એચ.ઝાલાએ જણાવેલ છે.




દુઃખદ અવસાન
ઉઠમણું / પ્રાર્થનાસભા



સ્વ. કાંતાબેન રમણીકલાલ દેસાઈ
સ્વ.તા. ૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર

અમારા માતૃશ્રી કાંતાબેન રમણીકલાલ દેસાઈ (ઉ.વ.૯૮) તા. ૧૫/૦૪/૨૦૨૫, મંગળવારના રોજ અરીહંતશરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

તા. ૧૭/૦૪/૨૦૨૫, ગુરૂવારે • ઉઠમણું : સવારે ૧૦ થી ૧૧
પ્રાર્થનાસભા : સવારે ૧૧ થી ૧૨ • સ્થળ : પારસ સોસાયટી કોમ્યુનિટી હોલ, પારસ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રોડ, રાજકોટ.


નલીનભાઈ રમણીકલાલ દેસાઈ
ડો. કિશોરભાઈ રમણીકલાલ દેસાઈ (સિનિયર બાળરોગ નિષ્ણાંત)
દિલીપભાઈ રમણીકલાલ દેસાઈ
અનિલભાઈ રમણીકલાલ દેસાઈ (એડવોકેટ)
શ્રીમતી હંસાબેન ઐશ્વર્યકુમાર દાસ
દેસાઈ પરિવારના જય જીનેન્દ્ર



૧૩મી પુણ્યતિથિએ પુણ્યસ્મરણ

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥
'આ (બ્રહ્મતત્વ) પૂર્ણ છે.
આ વિશ્વ પૂર્ણ છે.
પૂર્ણમાંથી પૂર્ણ ઉદેયાય છે.
પૂર્ણબ્રહ્મમાંથી પૂર્ણ લીધા પછી પણ પૂર્ણબ્રહ્મ જ બાકી રહે છે.


નાથાભાઈ બી. ઉનાગર । ચંદુભાઈ બી. ઉનાગર
ગં.સ્વ.હીરાબેન છગનભાઈ ઉનાગર તથા
પુત્ર પરિવાર : હર્ષદભાઈ, દિપકભાઈ, મહેશભાઈ
મહેશ્વરી પ્રિન્ટર્સ, રાજકોટ.



પ્રજાપતિ સ્વ. છગનભાઈ ભાણજીભાઈ ઉનાગર
સ્વ. તા. ૧૬-૪-૨૦૧૨ સોમવાર



ચોથી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલી



સ્વ.હરગોવિંદભાઈ માવજીભાઈ વ્યાસ
સ્વ.તા.૧૬-૦૪-૨૦૨૧, શુક્રવાર

વ્હાલના વડલા જેવું આપનું જીવંત અસ્તિત્વ તો આજે અમારી વચ્ચે નથી, પણ એ વડલાની શીતલ છાયાં સમાન સંસ્કાર, સ્નેહ, સમર્પણ, ધૈર્ય, સંઘર્ષ અને સકારાત્મકતાથી ભરપુર આપનું કર્તવ્યનિષ્ઠ, સૌમ્ય વ્યક્તિત્વ સદાય અમારા માટે આદર્શરૂપ બની રહેશે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

ગં.સ્વ. નીલાબેન હરગોવિંદભાઈ વ્યાસ
નીરજ હરગોવિંદભાઈ વ્યાસ ✦ પલ્લવી નીરજભાઈ વ્યાસ
રક્ષીત હરગોવિંદભાઈ વ્યાસ ✦ કાજલ રક્ષીતભાઈ વ્યાસ
પૂજા વિશાલભાઈ શાહ ✦ વિશાલ મહેશભાઈ શાહ
રજનીકાંત માવજીભાઈ વ્યાસ
રૂદ્ર, અયાંશ, યશ્વી, પ્રાચી તથા વ્યાસ પરિવારના જય શ્રીકૃષ્ણ



12મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. રાજુભાઈ પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે,
મૃત્યુ થવું એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીવનમાં કરેલા કર્મની વાત છે.
તમે અમારા હૃદયમાં સ્મૃતિરૂપે હંમેશા જીવીત છો અને રહેશો...
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રર્થના...

લી. રામ ગ્રુપ
PM આંગડીયા (અડાજણ)
ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. રાજુભાઈ પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

આપની દિર્ઘ દ્રષ્ટિ હજી પણ અમારૂ માર્ગદર્શન કરી રહી છે, આપના લાગણીભર્યા શબ્દો અમોને પ્રોત્સાહિત કરી રહ્યાં છે, આપના મહાન કાર્યો અમારો પ્રેરણાસ્ત્રોત બની રહ્યાં છે. આપની સિધ્ધિઓ અમારી પ્રવૃત્તિનો શક્તિસ્ત્રોત બની રહી છે. આપની હાજરી હરહંમેશ અમારી સાથે ને સાથે જ છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
જીજ્ઞેષ રાજાણી • કેવલ ટી. માટલીયા
મીલન પી. ધોકાઈ
તથા R.P. આંગડીયા પરિવાર
ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. રાજુભાઈ પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

તમે એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ગયા, જીંદગી હતી ટુંકી છતાં લાગણી ઘણી મુકી ગયા, જીવ્યા થોડું પણ બધાના દિલ જીતી ગયા, બધાને હસાવનાર તમો અમોને રડાવી ગયા, જીવન એવુ જીવી ગયા કે, કદી ભુલાશે નહિ, દુઃખને દેખાડ્યું નહિ સુખને છલકાવ્યું નહિ, મહેનત થકિ પરિવાર અને સમાજનું ભલુ કર્યુ, સમાજમાં સુવાસ ફેલાવી સંસ્કારોની જ્યોત જલાવી. આપની ખોટ ક્યારેય નહિ પુરાય. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
ગં.સ્વ. દક્ષાબેન રાજેશભાઈ રાજદેવ
વૈશાલીબેન હિરેનકુમાર ઘેલાણી | તેજસ રાજેશભાઈ રાજદેવ | ખુશબુબેન અલ્કેશકુમાર ઠક્કર
હિરેનકુમાર પ્રદિપભાઈ ઘેલાણી | સીમા તેજસભાઈ રાજદેવ | અલ્કેશકુમાર સુરેશભાઈ ઠક્કર
આર્યા હિરેનકુમાર ઘેલાણી | રીશાન તેજસભાઈ રાજદેવ | અનાયા અલ્કેશકુમાર ઠક્કર
તથા રાજદેવ પરિવારના જયશ્રી કૃષ્ણ...
ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી




સ્વ. રાજુભાઈ પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

ધૈર્ય,સમજણ,સેવા,સમર્પણ અને સાહસ જેના જીવનમાં સહજ ભાવે વણાયેલા હતા, તેવું આપનું નિસ્વાર્થ જીવન અમારા માટે પ્રેરણાદાયક બની રહેશે. સદા સ્મરણમાં રહી જશે આપની સાદગી અને નિષ્કામ કર્મયોગ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
વ્રજેષ રાજાણી • અતુલ ધ્રુવ (ડો.)
અરજણભાઈ રબારી (વિછીયા)
હિરૂપ તન્ના • નિલેષ શેઠ
જીજ્ઞેશભાઈ ધાબલીયા (RD)
તથા PM આંગડીયા પરિવાર
ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ
શ્રધ્ધાંજલી



સ્વ. રાજુભાઈ પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહ તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો એ વિશ્વાસ છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
સ્વ. ઈશ્વરલાલ ગોપાલજી દોશી
સ્વ. તારામતી ઈશ્વરલાલ દોશી • મુકેશભાઈ ઈશ્વરલાલ દોશી
તથા દોશી પરિવાર
મોડર્ન એન્ટરપ્રાઈઝ - રાજકોટ
ADMEDIA

### તંત્રી લેખ

# કોંગ્રેસને 'કોમા'માંથી ઉભી કરવાના રાહુલ બાબાના પ્રયાસ

ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ સત્તાથી વંચિત છે. વિધાનસભાની વાત છોડો કોંગ્રેસ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં પણ એક રાષ્ટ્રીય પક્ષને શોભે તેવું પ્રદર્શન કરી શકી નથી. ચૂંટણી સમયે જ પ્રજાની વચ્ચે જવાની પંજાની વણલખી પરંપરાના કારણે કોંગ્રેસ સતત જનતાના મનમાંથી નીચે ઉતરી રહી છે. સંગઠન શકિત વિના કયારેય સત્તા નજીક પહોંચી શકાતુ નથી. સત્તાની વાતતો દૂર રહી સંગઠન વિના સારી પેઠે વિરોધ પક્ષની ભૂમિકા પણ ભજવી શકાતી નથી. ગુજરાતમાં કોંગ્રેસની હાલત કોમામાં સરકી પડેલી વ્યકિત જેવી છે જે. જીવંત તો છે. પરંતુ કોઈપણ કાર્ય કરી શકતી નથી. સંપૂર્ણ પણે બીજા પર નિર્ભર છે. પક્ષ પાસે કોઈ વિઝન ન હોવાના કારણે અનેક મોટાનેતાઓએ પંજાનો સાથ છોડી દીધો છે. અને ભાજપમાં ભળી ગયા છે. વર્ષ ૨૦૧૭માં પાટીદાર અનામત આંદોલનના સહારે ૭૮ બેઠકો જીતનારી કોંગ્રેસ વર્ષ ૨૦૨૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં માત્ર ૧૮ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. તેમાંથી પણ પાંચ ધારાસભ્યો તો સાથ છોડી ભાજપમાં જોડાય ગયા છે. અને એક ધારાસભ્ય લોકસભાની ચૂંટણી લડી સાંસદ બની ગયા છે. હાલ કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યો છે. ૧૦ વર્ષથી લોકસભાની એક પણ બેઠક નહી જીતી શકનારી કોંગ્રેસે ૨૦૨૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક જીતી ભાજપના વિજય રથને રોકયો હતો.

કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને હવે એક વાતનું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે કે જો ગુજરાતમાં સંગઠન માળખાને મજબૂત કરવામાં આવે તો સફળતા મળી શકે તેમ છે. ગુજરાતમાં કોમામાં સરકી પડેલી કોંગ્રેસને બેઠી કરવાનું બીડુ ખૂદ રાહુલ ગાંધીએ ઉપાડયું છે. બે દિવસ રાહુલ બાબા ગુજરાતની મૂલાકાતો આવ્યા છે. સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરી કોંગ્રેસને મજબૂત કરવાની શરૂઆત કરશે.

# ડોકટરથી દૂર કેમ રહેવું ? વિષય પર ઉપલેટામાં હેલ્થ અવેરનેસ શિબિર યોજાઈ

## ડોકટરથી દૂર કેમ રહી શકાય તે અંગેના માર્ગદર્શનમાં ૮૦૦ થી ૧૦૦૦ લોકો ઉપસ્થિત રહ્યા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટા શહેરના કડવા પટેલ સમાજ ખાતે ધોરાજીના ખ્યાતનામ ડો. સુરેશ પટેલ નો એક હેલ્થ અવેરનેસ શિબિર કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમનું આયોજન ઉપલેટાના પ્રબુધ્ધ નાગરિકો દ્વારા વિનામૂલ્યે કરવામાં આવ્યુ હતું જેમાં લોકો પોતાનું આરોગ્ય કઈ રીતે સારી રીતે જાળવી શકે અને સ્વાસ્થ્ય કઈ રીતે સારૂ રહે અને વર્તમાન સમયની અંદર વધતી જતી બીમારીઓ અને જેનીટીક બીમારીઓથી કઈ રીતે બહાર આવી શકે તે માટેના વિનામૂલ્યે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપલેટા ખાતે યોજાયેલ આ અવેરનેસ શિબિરની અંદર બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આ શિબિરનો લાભ લીધો હતો ત્યારે આ તકે અંદાજિત ૮૦૦ થી ૧૦૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા અને સ્વાસ્થ્યની કઈ રીતે જાળવણી કરવી અને ડોકટરથી દૂર કેમ રહેવું તેનું માર્ગદર્શન મેળવ્યું હતું જે બાદ લોકોના ઉદ્ભવતા પ્રશ્નોના ડોકટરોએ પ્રશ્નોત્તરી અને જવાબ આપ્યા હતા ત્યારે આ કાર્યક્રમ બે સેશન્સની અંદર યોજવામાં આવ્યો હતો જેમાં પ્રથમ સેશન્સમાં આરોગ્ય લક્ષી જાળવણી અને ત્યારબાદ ઉદ્ભવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન અને સૂચનો ડોકટર દ્વારા આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મનોજભાઈ નંદાણીયા, મજબુતભાઈ હુંબલ, નીતિનભાઈ અઘેરા, કેશુરભાઈ કરંગીયા, રવિભાઈ મંગેચા દ્વારા વધુને વધુ લોકો લાભ લઈ શકે અને અવેરનેસ આવે તે માટે વિનામૂલ્યે આયોજન કરી લોકોને ઉપયોગી થાય તેવી આખા શિબિરનું આયોજન કર્યુ હતું તેને લઈને લોકોએ પણ તેમના આ કાર્યને બિરદાવી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોંડલ એસ.ટી. દ્વારા રણુજા ધામ સુધીના રૂટની બસ સેવા શરૂ કરાઈ



**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ એસટી દ્વારા મુસાફરો ની માંગ ને ધ્યાનમાં લઈને ગોંડલ થી રણુજા ધામ નવો એસટી બસ રૂટ શરૂ કરવામાં આવ્યો છે. ડેપો મેનેજર કુલદીપસિંહ જાડેજા દ્વારા લીલી ઝંડી આપી બસ ને પ્રસ્થાન કરાઈ હતી. ડેપો મેનેજર કુલદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે આ બસ ગોંડલ થી સાંજે ૫.૩૦ કલાકે ઉપડશે જે વાયા મોટા ઉમવાડા વાળધરી મેંગણી લોધિકા કાલાવડ થઈને રણુજા જશે અને તે જ રૂટ પર રણુજા થી વહેલી સવારે ૫.૦૦ કલાકે ઉપડશે. આ રૂટ શરૂ કરાતા મુસાફરો વિધાર્થીઓ ઉપરાંત ધાર્મિક પ્રવાસીઓ ને ફાયદો થશે. આ બસ નો સર્વિસ પ્રકાર લોકલ રહેશે જેમનું ભાડું ગોંડલ થી રણુજા નું ૬૪ રૂપિયા રહેશે આ તકે શહેર યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા, ત્રણેય યુનિયન ના આગેવાનો સહિત કર્મચારીઓ હાજર રહ્યા હતાં.

# ધોરાજીની સરકારી હોસ્પિટલ 'એકસ-રે' વિનાની !

## રેડિયોલોજીસ્ટ, ઓથોપેડીક તથા બાળકોના ડોકટરોની ખાલી જગ્યાથી: લોકો પરેશાનીમાં મુકાયા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીની સરકારી હોસ્પિટલમાં ડોકટરો ન હોવાને કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે હાલ વાત કરવામાં આવે તો ધોરાજી શહેરની અંદર લાખોના સાધનો ધૂળ ખાઈ રહ્યા છે ત્યારે સોનોગ્રાફીના રેડિયોલોજીગાયનેક ડોકટર ઓર્થોપેડિક ડોકટર તથા બાળકો નાડોકટરોની જગ્યા ખાલી છે અનેક વખત રજૂઆતો કરવા છતાં પણ સરકાર દ્વારા આ જગ્યાઓ ભરવામાં આવતી નથી

હાલ ધોરાજી ની અંદર ડેપ્યુટેશન સ્ટાફ ફરજ બજાવે છે હાલ પરમેનેસ્ટાફ ન હોવાના કારણે લોકોને મુશ્કેલી વેઠવી પડે છે

હાલજે સ્ટાફની ભરતી કરવામાં આવે છે જેમનો કોન્ટ્રાકટ પૂરો થાય તે પ્રાઈવેટ હોસ્પિટલમાં જતા રહે છે

અને ધોરાજીમાં જગ્યા ખાલી પડી રહે છે જેથી લોકોની એક જ માગેછે સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે જે ખાલી છે ત્યાં પરમેનેન્ટ સ્ટાફની ભરતી કરવામાં આવે તેવી ધોરાજી શહેરના લોકોને તથા સામાજિક આગેવાનોની માંગ છે.

# ભાવનગર જિલ્લા કલેકટર તરીકે ડો.મનીષ બંસલે ચાર્જ સંભાળ્યો

## નિવાસી અધિક કલેકટર સહિત અધિકારી-પદાધિકારીઓએ હર્ષભેર આવકાર આપ્યો

**અબતક,આનંદ રાણા, સિહોર**



ભાવનગર જિલ્લાના કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે ડો. મનીષ કુમાર બંસલે ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એન. ડી. ગોવાણી સહિત કલેકટર કચેરીના વિવિધ વિભાગના અધિકારીઓએ કલેકટરને આવકાર્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા કલેકટરનું પુષ્પગુચ્છના સ્થાને ''ખિલોના ખુશીયો કા'' અંતર્ગત ગેમ્સ આપીને સ્વાગત કરાયું હતું. નવ નિયુક્ત કલેકટરએ જણાવ્યું હતું કે, પુષ્પગુચ્છ બદલે રમકડાં થી સ્વાગત કરવામાં આવે તો તે રમકડાં કોઈ જરૂરિયાતમંદ બાળકને આપી શકાય અને તેમના જીવનમાં ખુશી વહેંચી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડો. મનીષ કુમાર બંસલ વર્ષ-૨૦૧૩ ની કેડરના આઈએએસ અધિકારી છે. મૂળ રાજસ્થાનના વતની એવા ડો. મનીષ કુમાર બંસલ એમબીબીએસ ની પદવી ધરાવે છે. ડો. મનીષ કુમાર બંસલ છેલ્લે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપની લી., ગાંધીનગરમાં મેનેજીંગ ડાયરેકટર તરીકે ફરજ બજાવતા હતા. આ ઉપરાંત તેઓ મહીસાગર જિલ્લા કલેકટર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. છેલ્લાં ૧૨ વર્ષથી સનદી અધિકારી તરીકે સેવારત ડો. મનીષ કુમાર બંસલ પ્રશાસનનો બહોળો અનુભવ ધરાવે છે.

# સાંસદ ગેનીબેન ઠાકોર વિરૂધ્ધ પોસ્ટ મુકનાર સામે લખતર પોલીસમાં લેખીત ફરિયાદ

## યુથ કોંગ્રેસ દ્વારા પોસ્ટ મુકનાર ચિંતન મહેતા સામે કડક કાર્યવાહી કરવાની માંગ: યોગ્ય ઉકેલ નહિં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર રાજ્યમાં કોંગ્રેસના, બનાસકાંઠાના લોકસભાના સાંસદ ગેનીબેન ઠાકોર વિરૂધ્ધ સોશ્યલ મીડીયામાં પ્રતિભાને નુકશાન કરતી પોસ્ટનો ઠેરઠેર ઠાકોર સમાજ સહિત કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે સુરેન્દ્રનગર જીલ્લાના લખતર પોલીસ મથકે પણ સ્થાનીક યુથ કોંગ્રેસના આગેવાનો દ્વારા આ અંગે લેખીત અરજી સાથે રજુઆત કરવામાં આવી હતી અને પોસ્ટ મુકનાર યુવક સામે કડક કાર્યવાહીની માંગ પણ કરી હતી.



કોંગ્રેસના લોકસભાના સાંસદ ગેનીબેન ઠાકોર તેમજ રાજ્યસભાના સાંસદ દિગ્વિજયસિંહ વિરૂધ્ધ વતન તેમજ ધર્મ કે ગદ્દારના લોગો સાથે ચિંતન મહેતા નામના યુવક દ્વારા સોશ્યલ મીડીયામાં પ્રતિભાને નુકશાન કારક અને મતોના ધ્રુવીકરણ કરવા માટે ઈરાદાપૂર્વક

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ પોસ્ટ મુકવામાં આવી છે જેનો રાજ્યભરમાં ઠાકોર સમાજ સહિત કોંગ્રેસમાં પણ વિરોધ થઈ રહ્યો છે અને સમાજની શાંતિ પણ ડહોળાઈ રહી છે. ત્યારે આ અંગે લખતર યુથ કોંગ્રેસ દ્વારા પોલીસ મથકે લેખીત અરજી કરી પોસ્ટ મુકનાર યુવક ચિંતન મહેતા સામે કડક અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી તેમજ આગામી દિવસોમાં કોઈ યોગ્ય પગલા ભરવામાં નહિં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ તકે મોટી સંખ્યામાં સ્થાનીક કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો સહિતનાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જૂનાગઢ: નોટરી એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એડવોકેટ નોટરી નિતેશભાઈ દવે દ્વારા કરાયું




**અબ તક રાજકોટ**

ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ સ્થિત મીનરાજ શૈક્ષણિક સંકુલ ખાતે જીલ્લા નોટરી એસોસિએશન ના પ્રમુખ જયકિશન દેવાણી ના અધ્યક્ષ સ્થાને જીલ્લા નોટરી એસોસિએશન ની ભવ્ય સાધારણ સભા મળેલ હતી,જેમાં સમગ્ર જીલ્લા માંથી જૂના નોટરીઓ તથા તાજેતર માં નવનિયુક્ત થયેલ નોટરીઓ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે જૂનાગઢ ખાતે ફરજ બજાવતા નોંધણી નિરીક્ષક સિંધવ દ્વારા નોટરી મિત્રો ને સ્ટેમ્પ ડયૂટી અંગે જરૂરી માહિતી આપવામાં આવેલ હતી. તેમજ

નોટરી સુનિલભાઈ શિંદે દ્વારા નોટરી ના સિક્કા અંગે માહિતી આપવામાં આવેલ,જ્યારે પ્રમુખ દેવાણી દ્વારા વિવિધ નોટરી એક્ટ તથા નોટરી રુલ્સ અંગે વિસ્તૃત માહિતી માર્ગદર્શન આપવામાં આવી હતી

આ કાર્યક્રમ માં જીલ્લા સરકારી વકીલ નીરવભાઈ પુરોહિત તથા જૂનાગઢ બાર એસોસિએશનના પ્રમુખ જયદેવભાઈ જોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા

કાર્યક્રમ ની આભાર વિધિ સિનિયર એડવોકેટ ગીરીશભાઈ મશરું દ્વારા અને સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન એડવોકેટ નોટરી નિતેશભાઈ દવે દ્વારા કરવામાં આવેલ હતું.

# ધ્રાંગધ્રાના નિબજા માતાજીના મઢે ૨૮મો પાટોત્સવ ઉજવાયો

## નવચંડી યજ્ઞમાં પૂર્વમંત્રી આઈ.કે.જાડેજા ઉપસ્થિત રહ્યા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરના કાશી વિશ્વનાથ મંદિર પાછળ નિબજા માતાજીના મઢે ૨૮મો પાટોત્સવ અને નવચંડી યજ્ઞનું આયોજન ભુવાજી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા સહીત બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

પથ્થરની ધરા ધ્રાંગધ્રા અનેક ઐતિહાસિક વારસા ધરાવતું શહેર છે. અહીં નાં રાજવીઓ ની વિરાસત રૂપી ઈમારતો, વાવો અને મંદિરો આજે ય જાજરમાન રીતે ધ્રાંગધ્રાની પૌરાણિક ભવ્યતાની ઝાંખી કરાવી જાય છે ધ્રાંગધ્રા શહેરના કાશી વિશ્વનાથ મંદિર પાછળ નિબજા માતાજીના મઢે વર્ષોથી ભક્તો તાવા, પ્રસાદ થી લઈને અનેક માનતાઓ અહીં કરતા આવ્યા છે. દર વર્ષે અહીં પાટોત્સવ ઉજવવામાં આવે છે જેમાં ધ્રાંગધ્રા શહેરના કાશી વિશ્વનાથ મંદિર પાછળ નિબજા માતાજીના મઢે ૨૮મો પાઠ મહોત્સવ અને નવચંડી યજ્ઞ આયોજન ભુવાજી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા સહીત બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

# કચ્છ લોકસભા પરિવાર સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખેલાડીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

**અબતક, નવિનગીરી ગોસ્વામી, ભુજ**



તાજેતરમાં આ ટુર્નામેન્ટના ૩૮માં અને ૩૯માં દિવસે યોજાયેલ મેચમાં મેટ્રિક્સ ઈલેવન ભુજ, વિલ્સવી ઈલેવન, કેએનટી આશાપુરા ઈલેવન, કાદરી બી-ઈલેવન વાંત્રા, રાઈટ ઈલેવન ભુજ, નાડાયા ઈલેવન, સુપર કિંગ ઈલેવન સામખિયારી તથા પ્રીમીયર પેન્થર ઈલેવન ભુજ, આર.કે. ગ્રુપ ઈલેવન, ભોજરડો ઈલેવન, ખત્રી ઈલેવન અંજાર, શિવશક્તિ ઈલેવન, જડોદર, નરા વોરીયર્સ ઈલેવન અને આર.કે. બ્રધર્સ ઈલેવન અટલનગરની ટીમો વિજેતા થઈ હતી. મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા કરાઈ હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે રમાતી ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ભાસ કરાવતી લોકપ્રિય રમત છેલ્લા ૩૭ દિવસથી કચ્છ લોકસભા પરિવાર સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ-૩ જ્યુબિલી ગ્રાઉન્ડ ભુજ મધ્યે રહી છે.

# વઢવાણમાં પાણીની સમસ્યા વચ્ચે પાઈપલાઈનમાં લીકેજથી જળ વેડફાટ

## નવા ૮૦ ફૂટ રોડ પર પાઈપલાઈનમાં લીકેજનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ: તંત્ર સામે રોષ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર મનપાની હદમાં આવતા વિસ્તારોમાં મનપા તંત્ર દ્વારા પીવાનું પાણી, રોડ-રસ્તા, સફાઈ સહિતની સુવિધાઓ પુરી પાડવામાં આવેછે પરંતુ છેવાડાના વિસ્તારો સુધી તંત્રની બેદરકારીના કારણે પ્રાથમિક સુવિધાઓ ન મળતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે વઢવાણના નવા ૮૦ ફુટ રોડ પર પાણીની પાઈપલાઈનમાં લીકેજના કારણે લાખો લીટર પાણીનો વેડફાટ થતાં લોકોમાં તંત્ર સામે રોષ જોવા મળ્યો હતો અને શહેરના જાગૃત નાગરિક દ્વારા પાણીના વેડફાટનો વિડિયો પણ સોશ્યલ મીડીયામાં વાયરલ કર્યો હતો.

આ અંગે વાયરલ વિડિયો તેમજ સ્થાનીક રહિશો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણના નવા ૮૦ ફુટ રોડ પર આવેલ નવરંગ-૨ સોસાયટી પાસે લોકોને પીવાનું પાણી પુરૂ પાડતી પાણીની મુખ્ય પાઈપલાઈનમાં લીકેજના કારણે ભરઉનાળે લાખો લીટર પાણીનો વેડફાટ થયો હતો અને રસ્તા પર પણ પાણી ફરી વળતાં ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. એક તરફ મનપાની હદમાં આવતાં વિસ્તારોમાં તંત્ર દ્વારા લોકોને પુરતું અને નિયમીત પાણી આપવામાં આવતું નથી જ્યારે બીજીબાજુ તંત્રની બેદરકારી અને અણ આવડતના કારણે અવાર-નવાર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો વેડફાટ થતો નજરે પડે છે.

આ અંગેની તસ્વીરો અને વિડિયો પણ સ્થાનીક જાગૃત નાગરિક દ્વારા સોશ્યલ મીડીયામાં વાયરલ કરી તંત્ર સામે રોષ દાખવ્યો હતો અને પાણીની પાઈપલાઈનનું તાત્કાલીક રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### તેરા તુજકો અર્પણ

# ધોરાજી: ખોવાયેલ ૧૧ મોબાઈલ ફોન શોધી મુળ માલીકને પરત કરતી પોલીસ

## સીઈઆઈઆર પોર્ટલના ઉપયોગ થકી રૂ. ૨,૬૬,૭૯૦ ના મોબાઈલ ફોન શોધી પરત કરાયા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



ધોરાજી સીટી પોલીસ દ્વારા સીઈઆઈઆર પોર્ટલના ઉપયોગથી છેલ્લા ઘણા સમયથી ગુમ થયેલ કુલ ૧૧ મોબાઈલ કિ.રૂ. ૨,૬૬,૭૯૦/- ના શોધી કાઢી તેરા તુજકો અપર્ણ કાર્યક્રમ અંતગર્ત શોધેલ મોબાઈલ મુળ માલિકોને સોંપ્યા હતા.

અશોકકુમાર યાદવ સાહેબ પોલીસ મહાનીરીક્ષક રાજકોટ રેન્જ તેમજ હિમકરસિંહ પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય નાઓએ સરકારના સીઈઆઈઆર પોર્ટલનો વધુમા વધુ ઉપયોગ કરી નાગરીકોના ગુમ/ચોરાયેલ મોબાઈલને રીકવર કરવા સુચના કરેલ હોય જે અન્વયે મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ , ધોરાજી વિભાગનાઓના માર્ગદર્શન હેઠળ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આર.જે.ગોધમ નાઓની રાહબરી હેઠળ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી ગુમ થયેલ મોબાઈલ ફોનની અરજીઓ આવેલ હોય જે અરજીઓ અંગે કાર્યવાહી કરી મોબાઈલ રીકવર કરવા સુચના કરેલ હોય જે અંગે સીઈઆઈઆરપોર્ટલમાં એન્ટ્રી કરી તેના પર સતત મોનીટરીંગ રાખી જેમાંથી એક મોબાઈલ કોલકત્તા રાજ્યમાંથી શોધી કાઢી પરત મેળવી એમ ગુમ થયેલ કુલ ૧૧ મોબાઈલ ફોનને શોધી રીકવર કરવામા આવેલ છે અને રીકવર કરેલ મોબાઈલ મદદનીશ પોલીસ અધિક્ષકની કચેરી ખાતે તેરા તુજકો અપર્ણ કાર્યક્રમ અંતગર્ત મુળમાલીકોને સોપવામાં આવેલ જે અંતર્ગત આ કામગીરીમા ધોરાજી સીટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ. આર.જે.ગોધમ તથા પો.સબ. ઈન્સ. પી.કે.ગોહિલ તથા પો.હેડકોન્સ. નીલેશભાઈ મકવાણા તથા પો.હેડકોન્સ. પંકજભાઈ તલસાણીયા પો.કોન્સ. નારણભાઈ પંપાણીયા તથા પો.કોન્સ. શક્તિસિંહ જાડેજા તથા પો.કોન્સ. યોગેશભાઈ બાલાસરા વિગેરે પોલીસ સ્ટાફ સાથે રહી કામગીરી કરવામા આવેલ છે.

# રાજકોટ: ટ્રકમાં જુના બુટ-ચપ્પલની આડમાં છુપાવેલો રૂ.૩.૭૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## ભારત ઈન્ડસ્ટ્રીઝ એરીયાના ગોડાઉનમાં કટીંગ વેળાએ પીસીબી શાખા ત્રાટકી, દમણથી દારૂ મોકલનાર અને ટ્રક ચાલકની ધરપકડ

**ટ્રક અને ૨૩૦૪ બોટલ મળી રૂપિયા ૧૧૫ ૭૪ લાખનો મુદ્દામાલ કબજે, રામનાથપરાનો સોહીલ થઈમ નામના બુટલેગરની શોધખોળ**

**રાજકોટ, અબતક**

રાજકોટ શહેરના થોરાળા વિસ્તારમાં આવેલા ભારત ઈન્ડસ્ટ્રીઝ એરિયાના સુમન ઈન્ડસ્ટ્રીઝ સામેના ગોડાઉનમાં ટ્રકમાં જુના બુટ ચંપલના કોથળાની આડમાં છુપાવેલો વિદેશી દારૂના કટીંગ વેળાએ પીસીબી શાખા એ દરોડો પાડી રૂપિયા ૩ ૫ ૭૪ લાખની ૧૧.૭૪ લાખનો વિદેશી દારૂના તથા સાથે વસાહતના અને ટ્રકના ચાલક મળી બે શખ્સોને ધરપકડ કરી છે. પોલીસે ટ્રક દારૂ મળે રૂપિયા ૧૧૫ ૭૪ લાખનો મુદ્દામાં કબજે કર્યો છે. પોલીસે ટ્રકના ચાલક અને દમણથી દારૂ મોકલના સહિત એ શક્ષોની ધરપકડ કરી તેની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો સોહીલ રામનાથપરા ના સોહીલ નામના બુટલેગરે મંગાવ્યાનું ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં દારૂ ધૂસાડવા બુટલેગરો સક્રિય થયા હોવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાને મળેલી માહિતીના આધારે તમામ બ્રાન્ચ અને શહેરના તમામ એન્ટ્રી થતા રસ્તા ઉપર કડક હાથે ચેકિંગ કરવા અને પેટ્રોલિંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમઆર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એમજે હુણ



સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે આજી વસાહત અનમોલ પાર્ક શેરી નંબર ૨ માં રહેતો જાવેદ રહિશ શેખ નામનો શખ્સ લષ ૩ બીપી એ.સી ૫૩ નંબરના આઈસર ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને થોરાળા વિસ્તારમાં આવેલી ભારત ઈન્ડસ્ટ્રીઝ એરીયા માં સુમન ઈન્ડસ્ટ્રીઝ ના સામે આવેલા ગોડાઉનમાં કટીંગ કરતા હોવાની એ.એસ.આઈ સંતોષભાઈ, હરદેવસિંહ, હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ અને કોન્સ્ટેબલ દેવરાજભાઈ ને મળેલી બાતમીના આધારે એએસઆઈ મયુરભાઈ, મહિપાલસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ કીરતસિંહ ઝાલા, કિરણભાઈ મારુ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મહેતા અને ગિરિરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે દરોળો પાડ્યો હતો. બરોડા દરમિયાન ટ્રકમાં જુના બુટ ચંપલની આડ માં છુપાવેલો રૂપિયા ૩.૭૪ લાખની કિંમતનો ૨૩ ૦૪ બોટલ દારૂ સાથે ટ્રકના ચાલક જાવેદ શેખ અને વિદેશી દારૂનો જથ્થો દમણ થી ભરીને મોકલી આપનાર મૂળ દિલ્હીનો અને હાલ વરસાદ રહેતો મહેશ ઉર્ફે મોનુ ગોપાલ ચૌહાણ સહિત બંને શખ્સોની ધરપકડ કરી પોલીસે આઈસર ટ્રક અને દારૂ મળી રૂપિયા ૧૧.૭૪ લાખનો મુદ્દામાં કબજે કર્યો હતો ઝડપાયેલા શખ્સોની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો હરામનાથ પરા વિસ્તાર માટે તો સોહિલ યુસુફ થઈમ નામના શખ્સે મોકલ્યાનું ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.

# બાબરા જમીન કૌભાંડની ફરિયાદ રદ્દ કરવાની મહેસુલી અધિકારીની અરજી ફગાવી દેવાઈ

## સરકારી જમીનને ખાનગી માલિકીની બતાવી હડપ કરી જવાનાં કાવતરામાં તત્કાલીન મામલતદાર અને સર્કલ ઈન્સપેક્ટરની સંડોવણી ખુલી'તી

**અબતક,રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૪ માં અમરેલી જિલ્લામાં મહેસૂલ રેકોર્ડમાં ખોટી એન્ટ્રીઓ પાડી સરકારી જમીન હડપ કરવા માટે કાવતરું ઘડવા, બનાવટી દસ્તાવેજો બનાવવા અને તેનો ખરા દસ્તાવેજો તરીકે ઉપયોગ કરવા મામલે બે મહેસૂલ અધિકારીઓ અને અન્ય નવ લોકો સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો ઈનકાર કર્યો હતો.

૨૦૧૮ માં મામલતદારે બાબરા પોલીસ સ્ટેશનમાં સરકારી જમીન હડપ કરવાના કાવતરા મામલે એફઆઈઆર નોંધાવી હતી. તપાસમાં ઈ-ધારા પ્રોજેક્ટના તત્કાલીન સર્કલ ઈન્સપેક્ટર લાલજીભાઈ ચાવડા અને તત્કાલીન મામલતદાર ઘનશ્યામ રોકડ સંડોવણી બહાર આવી હતી.

તેઓએ કથિત રીતે મૃત બચુ ભવાનનું નામ ગામના મહેસૂલ રેકોર્ડમાં નામનો ઉમેરો કરી દીધો હતો અને ત્યારબાદ રેવન્યુ રેકોર્ડમાં તેમના કાનૂની વારસદારોની એન્ટ્રી પણ પાડી દેવામાં આવી હતી. આમ સરકારી જમીનને ખાનગી માલિકીનું દર્શાવી પચાવી પાડવાનું કાવતરું ઘડવામાં આવ્યું હોય તેવી ફરિયાદ બાબરા પોલીસમાં મામલતદારે નોંધાવી હતી. જેમાં બે મહેસુલી અધિકારી સહીત કુલ ૧૧ શખ્સોંની સંડોવણી ખુલવા પામી હતી.

મામલામાં આરોપી બનેલા બંને અધિકારીઓએ એફઆઈઆર રદ કરવાની માંગ હાઈકોર્ટ સમક્ષ કરી હતી. બંનેએ દાવો કર્યો હતો કે, તેઓએ રેવ્યુ રેકોર્ડમાં એન્ટ્રીઓનું પરિવર્તન કરવામાં ફક્ત વિવિધ સરકારી પરિપત્રો અને માર્ગદર્શિકાનું પાલન કર્યું હતું. ૨૦૦૪માં ભવાનનું નામ મહેસૂલ રેકોર્ડમાં નોંધાયેલું હતું અને તેમણે ફક્ત તેમના વારસદારોની નોંધોમાં જ ફેરફાર કર્યા હતા.

જોકે, સરકારી વકીલે આને મહેસૂલ રેકોર્ડમાં બનાવટી એન્ટ્રીઓ પાડવાનો મામલો ગણાવ્યો હતો. જેથી સરકારી જમીનને ખાનગી માલિકીની દર્શાવી ખેલ પાડી હડપ કરવાનું કૌભાંડ ગણાવવામાં આવ્યું હતું. સરકારે મહેસૂલ અધિકારીઓ પર ગુજરાતમાં મહેસૂલ રેકોર્ડની કોમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમનો લાભ લેવાનો અને ૨૦૦૪માં એક મૃતકના પુત્રનું નામ દાખલ કરીને તેનું નામ બદલવા માટે બનાવટી મેન્યુઅલ ગામ ફોર્મ નં. ૭/૧૨ તૈયાર કરવાનો આરોપ લગાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સરકારી જમીન જેના નામે વર્ષ ૨૦૦૪માં ચડાવી દેવામાં આવી હતી તે ભવાનનું વર્ષ ૧૯૯૧માં અવસાન થઈ ગયું હતું. કેસની સુનાવણી કર્યા પછી ન્યાયાધીશ જે. સી. દોશીએ જણાવ્યું હતું કે, સરકારની જમીન હડપ કરવા માટે તમામ આરોપીઓ દ્વારા રચવામાં આવેલું વ્યવસ્થિત કાવતરું હોય તેવું લાગે છે. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, હાલના કેસમાં બનાવટી કાગળો બનાવવા અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરવાના આરોપો એટલે કે જમીનનો સ્રોત લીધા વિના અને ટ્રાન્સફર કર્યા વિના ગામ ફોર્મ નં. ૭/૧૨ ની મેન્યુઅલ તૈયારીમાં નામનો ઉમેરો કરી સરકારી જમીન હડપ થઈ ગઈ, તે પ્રથમ દ્રષ્ટિએ રેકોર્ડ પર સ્થાપિત થયેલ છે. આ અવલોકનના આધારે હાઈકોર્ટએ એફઆઈઆર રદ્દ કરવાની અરજી ફગાવી દીધી હતી.

# મુળી: બે ભુમાફીયાઓને પાસા હેઠળ જેલમાં ધકેલયા

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં ખનીજ ચોરી સહિતના ગુન્હાઓ સાથે સંકળાયેલ શખ્સો વિરૂધ્ધ જીલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે જેમાં થોડા દિવસો પહેલા સાયલાના સુદામડા ગામના પિતા અને પુત્ર વિરૂધ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી બન્નેને અલગ-અલગ જેલ હવાલે કરવામાં આવ્યા હતા જે બનાવની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ખનીજ ચોરી સાથે સંકળાયેલ વધુ બે શખ્સો વિરૂધ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં મુળીના ધોળીયા ગામે રહેતા પ્રવિણભાઈ ઉર્ફે એભાભાઈ ભુદરભાઈ થરેસાને વડોદરા મધ્યસ્થ જેલ હવાલે તેમજ મુળીના ગઢડા ગામે રહેતા



**જીલ્લા પોલીસ દ્વારા એક અઠવાડીયામાં ૪ શખ્સો સામે પાસાની કાર્યવાહી**

દેવશીભાઈ કાનજીભાઈ વાઘેલાને સુરતની લાજપોર જેલ હવાલે કરવામાં આવ્યા છે. આમ જીલ્લા પોલીસ દ્વારા વધુ બે ભુમાફીયાઓ વિરૂધ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવતા અન્ય ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# સાબરકાંઠા: ઠગાઈના ગુનામાં વોન્ટેડ ચાર વર્ષે ઝડપાયો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના નાસતા ફરતા આરોપીને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી હતી તે અંતર્ગત તલોદ પોલીસ સ્ટેશનના ઈ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ મુજબના કામે નાસતા ફરતા આરોપી સુરેશ ગણેશભાઈ દ્રોપલ રહે.૩૩ ઈન્ડિયન કોલોની સામે નારાયણ વિભાગનું બોપલ (ઘુમારોડ) અમદાવાદ હાલ રહે.વેજલકા તા.રાણપુર જીલ્લો બોટાદ વાળાની તપાસ કરતા મળી આવતા તેઓની પૂછતાછ કરી જે બાબતે ગુન્હાના રેકોર્ડ આધારે તપાસ કરતા તેના



વિરૂદ્ધ પોલીસ સ્ટેશન ખાતે ઈપીકો ૪૦૬,૪૨૦ મુજબના ગુન્હામાં નાસતો ફરતો હોવાનું જણાઈ આવતા આરોપીને પકડી આગળની ઘટતી કાર્યવાહી કરવા તલોદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો.

# ધોરાજી: બુટલેગર વિજય ડાભીને જિલ્લામાંથી હદપાર કર્યો

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ નાગાજણ એમ.તરખાલા દ્વારા વિજયભાઈ કાનજીભાઈ ડાભીને રાજકોટ જિલ્લાની હદમાંથી હદપાર કરવાનો હુકમ કર્યો છે. જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે અસામાજિક પ્રવૃત્તિ આચરતા ઈસમ વિજયભાઈ કાનજીભાઈ ડાભી,ઉ.વ.૩૦,રહે. જુનાગઢ રોડ,ધોરાજીએ માથાભારે અને ઝનુની તોફાની તકરારી સ્વભાવના માણસો છે અને તે દારૂ પીવાની ટેવ વાળા માન હોય પ્રોહીબીશનના કાયદાનો વારંવાર ભંગ કરતા હોય વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીમાં પ્રોહી.ધારાનો ભંગ કરવા અંગેના કુલ ૧૭ ગુન્હા નોંધાયેલ છે અને મજકુર ઈસમ વિરૂધ્ધ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબીશનના ૧૫ ગુન્હાઓ કોર્ટમા ચાલી જતા તેને સજાઓ થયેલ છે.આ ઈસમ ગુનાહિત પ્રવૃતિવાળો હોવાથી ભવિષ્યમાં પણ આવી ગુન્હાહિત પ્રવૃત્તિ ચાલુ રાખીને જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ તેમજ તેની આવી ભયજનક પ્રવુત્તિથી સમાજમાં નિર્દોષ લોકોમાં ભયનો માહોલ ઉભો થતો હોવાના કારણે ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટએ તા.૧૫/૦૪/૨૦૨૫ના રોજ વિજયભાઈ કાનજીભાઈ ડાભીને ત્રણ માસ માટે રાજકોટ જિલ્લાની હદમાંથી હદપાર કરવા હુકમ કરેલ છે.



# ધ્રાંગધ્રા: ધોળી ગામે માતાજીના દર્શન બાબતે શ્રમિકને માર માર્યો

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના ધોળી ગામે ગામે રહેતા એક પરિવાર સાથે બીજા પરિવારને માતાજીના મઢે ભુવા બાબતે અગાઉથી મન દુ:ખ ચાલતું હતું જેને લઈને કુટુંબના ચાર લોકો દ્વારા હુમલો કરીને માર મરાતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડતા તાલુકા પોલીસમાં ચાર લોકો સામે નોંધાઈ ફરિયાદ..

ધ્રાંગધ્રા તાલુકાના ધોળી ગામે રહેતા હરેશભાઈ ભુપતભાઈ લોલાડીયા ભેચડાની સીમમાં આવેલ ધીરૂભાઈની વાડી ઉધડ રાખી મજુરી કરે છે. ગામમાં તેમના કુટુંબના ૩૫ જેટલા ઘર છે. અને માતાજીનો એક મઢ છે. જેમાં માતાજીના મઢના ભુવા બાબતે તેઓને કુટુંબના દાદા માવજીભાઈ અને કાકા પ્રેમજીભાઈના કુટુંબ સાથે મનદુ:ખ ચાલ્યુ આવે છે, જેમાં હરેશભાઈના કુટુંબને નાત બાર કરી મઢમાં દર્શન નહી કરવા જવા દેવા બાબતે મનદુ:ખ હતુ રાત્રે હરેશભાઈ પત્ની વીલાસબેન સાથે વાડીએ હતા. આ સમયે કુટુંબીજનો માવજી પ્રેમજીભાઈ લોલાડીયા, ચકુ પ્રેમજીભાઈ લોલાડીયા, પ્રેમજી રામુભાઈ લોલાડીયા અને સુરેશ મધુભાઈ લોલાડીયા હાથમાં લાકડી અને લોખંડના પાઈપ સાથે ધસી આવ્યા હતા. અને અપશબ્દો કહી તમને નાત બહાર મુકયા છે, અમારા મઢમાં આવવુ નહી તેમ કહી માર માર્યો હતો. આ સમયે વીલાસબેન વચ્ચે પડતા આરોપીઓ આજે તો તું બચી ગયો છે, હવે અમારી સામે આવીશ તો હાથ-પગ ભાંગી નાંખીશુ તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ બનાવમાં હરેશભાઈને સારવાર માટે ૧૦૮ દ્વારા સુરેન્દ્રનગર લઈ જવાયા હતા. આ અંગે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ચારેય આરોપી સામે ફરિયાદ નોંધાતા વધુ તપાસ તાલુકા પોલીસ ચલાવી રહ્યા છે.

# ધોરાજી: ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

## હોટલ સંચાલક ને ચૂકવવા આપેલા રૂ.૩.૭૦ લાખનો ચેક બાઉન્સ થયો હતો

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી ખાતે રહેતા યુવાને આર્થિક જરૂરિયાત માટે લીધેલી રકમ હોટલ સંચાલક ને ચૂકવવા આપેલા રૂપિયા ૩.૭૦ લાખનો ચેક રિટર્ન થવાનો કેસ ચાલી જતા અદાલતે આરોપી જીતેન્દ્ર મહેતા ને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ધોરાજી શહેરના જેતપુર રોડ ભૂતવડ પાટીયા પાસે વછરાજ હોટલના માલિક વિરમભાઈ સામતભાઈ ગરેજા પાસેથી મિત્રતાના દાવે જીતેન્દ્ર નાથાલાલ મહેતાએ આર્થિક જરૂરિયાત માટે હાથ ઊંચીના ૩.૭૦,૦૦૦ લીધા હતા રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે નેગોસીએબલ એકટ હેઠળ ફરિયાદ કરી હતી જે ફરિયાદ ધોરાજીની કોર્ટમાં ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવામાં ફરિયાદી પોતાનું કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ ન હોય તેમજ આરોપી ફરિયાદીની ફરિયાદ હકીકતથી વિરુદ્ધ હકીકતો સાબિત કરેલું હોય તે ધ્યાને લઈ અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી અરવિંદકુમાર કાપડિયા, જયદીપ કુબાવત અને પાર્થ વઘાસિયા રોકાયા હતા.

# મહાપાલીકાને ચુકવણામાં આપેલા ચાર ચેક રિટર્ન થતા સન કોમ્યુનિકેશનના કિરણ કદમને છ વર્ષની જેલ

**જાહેરાત અને હોર્ડિંગ્સનું ટેન્ડર મંજૂર થયા બાદ કોર્પોરેશનને ચૂકવવા ૧૯.૮૪ લાખના ચાર ચેક પરત ફરતા દરેક કેસમાં દોઢ દોઢ વર્ષની સજા**

**અબતક, રાજકોટ**

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જાહેરાત અને હોર્ડિંગ્સ પબ્લિસિટી માટેનું ટેન્ડર મંજૂર થયા બાદ ભરવાની થતી રકમ રૂપિયા ૧૯.૮૪ લાખના જુદા જુદા ચાર ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે વડોદરાની કંપની સન કોમ્યુનિકેશનના પ્રોપ્રાઈટર કિરણ વસંતરાવ કદમને અલગ અલગ કુલ ૪ કેસમાં દોઢ દોઢ વર્ષની અલગ અલગ જેલસજા અને ચારેય ચેક મુજબની રકમો ૬૦ દિવસમાં ન ચૂકવે તો વધુ છ-છ માસની કેદનો હુકમ ફટકાર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પબ્લિસિટી માટે ના હોલ્ડિંગ્સ તેમજ સેન્ટ્રલ લાઈટિંગ પોલ ઉપર કિયોસ્ક બોર્ડ વગેરે માટેની ટેન્ડર પ્રક્રિયામાં વડોદરાની કંપની સન કોમ્યુનિકેશનના પ્રોપ્રાઈટર કિરણ વસંતરાવ કદમનું ટેન્ડર મંજુર થતાં શરતો મુજબ જાહેરાત તેમજ હોર્ડિંગ્સના લેણા પેટે રૂ. ૧૯.૮૪ લાખના અલગ અલગ ચાર ચેકો પરત આવતાં



ધારાશાસ્ત્રી
જીજ્ઞેશ એન. શાહ

તેની લીગલ પ્રોસિજર અનુસરીને મહાનગરપાલિકા દ્વારા કિરણ કદમ વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ અલગ અલગ ચાર ફરિયાદો કરવામાં આવી હતી.

જે ચાલુ કેસ દરમિયાન ફરીયાદપક્ષ દ્વારા આરોપીપક્ષ સંપૂર્ણ રકમ ભરપાઈ કરી આપવા બંધાયેલ છે અને સમયસર રકમ ન આપવા બદલ વધારાનો ખર્ચ તેમજ વ્યાજ આપવા પણ આરોપીપક્ષ બંધાયેલ છે તે પ્રકારની ફરીયાદપક્ષ દ્વારા દલીલો તેમજ દલીલના સમર્થનમાં વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા તે ધ્યાને રાખી સન કોમ્યુનિકેશનના પ્રોપ્રાઈટર કિરણ વસંતરાવ કદમને કોર્ટે ચારેય કેસમાં તકસીરવાર ઠરાવી પ્રત્યેક કેસદીઠ દોઢ દોઢ વર્ષની કેદની સજા તથા ચેકો મુજબની રકમ અદાલતમાં વળતર પેટે જમા કરાવવાનો તેમજ જો ચેકો મુજબની રકમ દિન-૬૦ માં ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

આ કેસમાં આરોપીને અલગ અલગ ચારેય કેસોમાં અલગ અલગ સજાઓ કરવામાં આવી હોય આરોપીને કુલ છ વર્ષની સાદી કેદની સજા તેમજ કુલ ચારેય ચેકો મળી રકમ રૂા.૧૯,૮૪,૦૦૦/- વળતર પેટે રાજકોટ મહાનગરપાલિકાને દિન-૬૦માં ચુકવી ન શકે તો વધુ છ માસ લેખે ચારેય કેસના કુલ ૨૪ માસની વધારાની કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.આ કેસમાં મુળ ફરીયાદી રાજકોટ મ્યુનિ. કોર્પો. વતી યુવા ધારાશાસ્ત્રી જીજ્ઞેશ એન. શાહ રોકાયા હતા.

# કોટડા સાંગાણી:અનિડા વાછરા ગામે ટ્રેકટરે બાઈકને ઠોકરે લેતા યુવકનું મોત

**રાજકોટ, અબતક**

માર્ગ અકસ્માત ની ઘટનાઓ કાબુમાં લેવા માર્ગ સલામતી સપ્તાહ અને જાગૃતિ ના કાર્યક્રમ વચ્ચે અકસ્માતો માં દરરોજ અનેક આશાસ્પદ જીવન હોમાઈ રહ્યા છે માર્ગ અકસ્માતો ની અલગ અલગ ઘટનામાં બે યુવાનોના મોત થયા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ કાલાવડ તાલુકા પોલીસ મથકની હદમાં આવેલ ગુંદા ગામ પાસે બાઈક લઈને જતા નિર્મળ ભાઈ જયંતીભાઈ વાઘેલા અને તેના મિત્ર મયુરભાઈ દિનેશભાઈ વાઘેલા અનિડા વાછરા વાળાની બાઈકને ટ્રેક્ટર એ ઠોકરે ચડાવતા સર્જાયેલા

## પડધરીથી ગુંદા મોબાઈલનું બેલેન્સ કરાવવા જતા યુવકનું બાઈક સ્લીપ થઈ જતા પ્રાણ પંખેરૂ ઉડી ગયું

અકસ્માતમાં બંને મિત્રો ને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા ગંભીર ઈજાના કારણે નિર્મળભાઈ જયંતીભાઈ વાઘેલા ૨૦નું સારવાર પૂર્વે જ મૃત્યુ થયું હતું જ્યારે મયુર દિનેશભાઈ વાઘેલા ૨૦ ને સર્જરી વિભાગમાં દાખલ કરેલ છે મરનાર નિર્મળ ભાઈ ખેતી કામ કરી ગુજરાન ચલાવે છે અને તે અપરણિત હોવાનું જાણવા મળે છે જીવલેણ અકસ્માતની અન્ય ઘટનામાં કુવાડવા પોલીસ મથકની હદમાં આવેલ ગુંદા ગામ પાસે થી બાઈક લઈને પસાર થઈ રહેલ કાળુસિંહ રહે પડધરી ગુંદા ગામે મોબાઈલ રિચાર્જ કરાવવા જતો હતો ત્યારે અકસ્માતે બાઈક સ્લીપ થઈ જતા બેભાન અવસ્થામાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા સારવાર મળે તે પહેલાં યુવકનું મોત નીપજ્યું હતું.

કાલુસિંઘ (૪૦) મનસુખભાઈ ની વાડીએ થી ગુંદા ગામે બેલેન્સ કરવા જતા હતા કાળુસિંહ નેત્રણ દીકરા એક દીકરી છે અને તે રાજસ્થાનના વતની છે.

# ડ્રગ્સ સપ્લાય કરવાના ગુનામાં સૂત્રધાર જામીન મુક્ત

## રામાપીર ચોકડી પાસેથી ૬૨.૭૨ ગ્રામ બ્રાઉન સુગર સાથે એક શખ્સ ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરમાં રામાપીર ચોકડી પાસેથી ૬૨.૭૨ ગ્રામ બ્રાઉન સુગર ડ્રગ્સ સાથે ઝડપાયેલા શખ્સની પૂછપરછમાં નામ ખુલતા ઝડપાયેલા મુખ્ય સપ્લાયરને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની હકિકત કેતન ગઢવી નામનો શખ્સ માદક પદાર્થના જથ્થા સાથે રામાપીર ચોકડી પાસેથી પસાર થવાનો હોવાની બાતમીના આધારે એસઓજી પોલીસે વોચ ગોઠવી કેતન અશોકદાન ઉધાસને ૬૨.૭૨ ગ્રામ બ્રાઉનસુગર સાથે ઝડપી લીધો હતો. તપાસ દરમ્યાન કલીમ મુસ્તાક પઠાણ (રહે. પાલરીબાગ, સતનબગીયા, દરગાહ શરીફ રોડ, બહેરાઈચ, ઉતરપ્રદેશ)નું નામ ખુલતા તેની પણ અટકાયત કરવામાં આવી હતી. જેલ હવાલે રહેલા સપ્લાયર કલીમ મુસ્તાક પઠાણ દ્વારા જામીન ઉપર મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ સેસન્સ કોર્ટ દ્વારા આરોપી સપ્લાયરને શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં આરોપી વતી સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહીતભાઈ ઘીયા અને મદદમાં રીદ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# મોરબીમાં સરકારી અનાજનો જથ્થો આગમાં ખાક

## યમુનાનગર પાસે અનાજનો જથ્થો ક્યાંથી આવ્યો તે સમગ્ર મામલે તપાસનો ધમધમાટ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના યમુનાનગર અને શ્રદ્ધાપાર્ક વચ્ચે આવેલા સ્મશાન ગૃહમાં કચરાના ઢગલામાં આગ લાગતાં ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગ બુઝાવાયા બાદ તુવેરદાળ, ચણાની એક-એક કિલોના પેકેટ્સ ઉપરાંત ઘઉં અને ચોખાનો મોટા પ્રમાણમાં સરકારી અનાજનો મોટો જથ્થો મળી આવ્યો હતો. સ્થળ પર મામલતદાર અને પુરવઠા વિભાગે તપાસ શરૂ કરી છે. તપાસ શરૂ કરાઈ છે.

અગ્નિકાંડના સ્થળ પરથી સરકારી અનાજનો તુવેરદાળ અને ચણાની એક-એક કિલોના પેકિંગ તેમજ ઘઉં અને ચોખાનો જથ્થો મળ્યો મળી આવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ આ અનાજનો જથ્થો મધ્યાહન ભોજન યોજના તથા આંગણવાડી માટેનો હોવાનું અનુમાન લાગવાયું છે, જો કે આ જથ્થો અહીં કોણ મૂકી ગયું અને એનો હેતુ શું હતો, તે હજુ સ્પષ્ટ થયેલ નથી. ઘટનાની જાણ થતાં મામલતદાર સહિત અધિકારીઓએ સ્થળ પર પહોંચી તપાસ આરંભી હતી.

બીજી તરફ, સ્મશાન ગૃહના સંચાલક સુખાભાઈએ જણાવ્યું કે, અહીં શક્તિ માતાનું મંદિર આવેલ છે અને છેલ્લા કેટલાય દિવસોથી મંદિર માટે ભરતી ભરવા ટ્રેક્ટરો આવતાં હોય, જેથી સ્મશાનનો ગેટ ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જે બાબતનો લાભ લઈ રાત્રિના સમયે કોઈ અજાણ્યા વ્યક્તિઓએ આ અનાજનો જથ્થો અહીં મૂક્યો હોય. જ્યારે મોરબી જીલ્લા પુરવઠા મેનેજર દેવેન્દ્ર સોલંકીએ ઘટનાસ્થળે પહોંચીને ચણા અને તુવેરદાળના સેમ્પલ લેવામાં આવ્યાં હોવાની પુષ્ટિ આપી હતી. તેમની માહિતી પ્રમાણે, અનાજ ૨૦૧૮-૨૦૧૯નો હોવાનું જણાઈ રહ્યું છે અને તે એકસપાયર્ડ હોવાનું અનુમાન છે. તેમણે ઉમેર્યું કે, "આ જથ્થો ક્યાંથી આવ્યો અને અહીં કેમ મૂકવામાં આવ્યો, તે અંગે તપાસ ચાલુ છે.

# માણાબા ગામે શુક્રવારથી વરૂડી માતાનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

## ત્રિ-દિવસીય કાર્યક્રમમાં યજ્ઞ, પૂજન વિધીઓ, નગરયાત્રા તથા ભજનસંધ્યાનું આયોજન

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા તાલુકાના માણાબા ગામે શ્રી વરૂડી માતાજી, શ્રી ખોડીયાર માતાજી તથા શ્રી હનુમાનજી મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનું ત્રિદિવસીય ભવ્ય મહોત્સવ યોજાનાર છે. સંવત ૨૦૮૧ના ચૈત્ર વદ-૫થી ચૈત્ર વદ-૭ એટલે કે તા.૧૮ એપ્રિલ શુક્રવારથી તા.૨૦ એપ્રિલ રવિવાર સુધી આ ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનું મુખ્ય આયોજન શ્રી વરૂડી માતાજી મંદિરે, રેલ્વે ફાટકની બાજુમાં, માણાબા ગામ ખાતે થશે. આ ત્રિદિવસીય પર્વમાં વિવિધ ધાર્મિક વિધિઓ, યજ્ઞો, ભક્તિભાવના, સંતમહંતોની પધરામણી તથા ભજનસંધ્યા યોજાશે. આ ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવના પ્રથમ દિવસ તા.૧૮ એપ્રિલ શુક્રવારના સાંજે ૪ વાગ્યે માટી મુહૂર્તથી શરૂઆત થશે. જેમાં દેહ શુદ્ધિ, પ્રાયશ્ચિત, જલયાત્રા, ગણપતિ પૂજન તથા સાંજે આરતી યોજાશે. આ સાથે રાત્રે ૯:૩૦ કલાકે ભજનસંધ્યાનું આયોજન છે જેમાં ભજનીક મહેશદાન ગઢવી (ભુરા ભગત) તથા મીલન પટેલ ભજનોની રમઝટ બોલાવશે. તા.૧૯ એપ્રિલ શનિવારના સવારે ૮થી ૧૨ સુધી પૂણ્યવાચન, દેવ પૂજન, વાસ્તુપૂજન, યજ્ઞ, અગ્નિસ્થાપન વગેરે વિધિઓ થશે. બપોરે ૩ વાગ્યે નગરયાત્રા યોજાશે અને સાંજે ૭ વાગ્યે ધાન્યાધીવાસ વિધિ યોજાશે. અને તા.૨૦ એપ્રિલ રવિવારના રોજ

સવારે ૯:૩૦ કલાકે ચૈતન્ય યજ્ઞ અને મહા સ્તાપન વિધિ, ત્યારબાદ અભિજિત મુહૂર્તે ૧૨:૧૫ કલાકે માતાજીની મૂર્તિ પ્રતિષ્ઠા થશે. યજ્ઞવિધીમાં શાસ્ત્રી અમિત પંડયા બિરાજશે

શ્રી ભાવેશ્વરી માતાજી રામધન આશ્રમ, મહેન્દ્રનગર - મોરબી અને અન્ય સંતો પધરામણી કરશે. ત્યારે આ ત્રિદિવસીય દિવ્ય અને ભવ્ય ધાર્મિક પર્વમાં સહભાગી થવા માટે સર્વ ભક્તજનોને માણાબા ગામે પધારવાનું હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

# મોરબી: મહારાજશ્રી મહેન્દ્રસિંહજી ટાઉન હોલના નામને પુનઃ સ્થાપિત કરવા માંગ

## રાજપુત યુવક મંડળ દ્વારા મુખ્ય પ્રવેશદ્વાર પર મહારાજાશ્રી મહેન્દ્રસિંહજી ટાઉન હોલ નામનું સાઈન બોર્ડ બીજા પ્રવેશદ્વાર પર પણ લગાવવા મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની વ્યવસ્થા હેઠળ આવતા આ ટાઉનહોલના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર અગાઉ "મહારાજા શ્રી મહેન્દ્રસિંહજી ટાઉન હોલ" નામનું સાઈન બોર્ડ હતું. પરંતુ હાલ બીજાં પ્રવેશદ્વાર પર આ નામ ન હોવાને કારણે એ ઐતિહાસિક ઓળખ અદશ્ય બની ગઈ છે. આ બાબતે રાજપૂત યુવક મંડળ ટ્રસ્ટ મોરબીના પ્રમુખ કનકસિંહ જાડેજાએ મ્યુનિસિપલ કમિશ્નરને લેખિતમાં રજુઆત કરી છે કે મહાનગરપાલિકાના બીજા પ્રવેશદ્વાર ઉપર મહારાજા શ્રી મહેન્દ્રસિંહજી ટાઉન હોલનું નામ પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે. તેઓએ જણાવ્યું કે, મોરબીને પેરિસનું બિરૂદ અપાવનાર મોરબી રાજ્ય પરિવારે અર્પણ કરેલ હેરીટેજ વારસા સમાન મહારાજા મહેન્દ્રસિંહજી ટાઉનહોલનું સાઈન બોર્ડ જ ન હોય તો એ ખરેખર તો પ્રજાવત્સલ રાજયપરિવારે આપેલ પ્રજાની સુખાકારી સમાન ઓડીટોરીયમની ઐતિહાસિક ગરિમાની ઉપેક્ષા થઈ હોય એવું મોરબી પ્રજા અને જાહેર જીવનના તમામ અગ્રેસરો અનુભવી રહ્યા છે. ત્યારે આ બાબતમાં રસ લઈ ઘટતી કાર્યવાહી કરી મોરબી મ્યુ. કોર્પો.ના અન્ય બીજા પ્રવેશદ્વાર ઉપર "મહારાજા શ્રી મહેન્દ્રસિંહજી ટાઉન હોલ' એવા નામકરણનું સાઈન બોર્ડ પુનઃ લગાવવામાં આવે તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે.

# મોરબી: શક્તિ ચેમ્બર તથા મહેન્દ્રનગર ચોકડી ખાતેથી વિદેશી દારૂ સાથે બે પકડાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે સામાકાંઠા વિસ્તારમાં અલગ અલગ બે સ્થળોએથી વિદેશી દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને ઈંગ્લીશ દારૂની કુલ ત્રણ નંગ બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં મહેન્દ્રનગર ચોકડી ખાતે જાહેરમાં પ્લાસ્ટિકની થેલીમાં વિદેશી દારૂ ઓલ્ડ સિઝન ગોલ્ડ કલેક્શન વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૬૯૫/- સાથે આરોપી ભાવેશભાઈ હીરાભાઈ ચૌધરી ઉવ.૨૩ રહે.ઉમા રેસિડેન્સી બ્લોક ઈ-૧૩ મૂળ રહે.વરીઠા તા.વાવજી જી.વાવ-થરાદ વાળાને ઝડપી લેવાયો હતો, જ્યારે શક્તિ ચેમ્બર નજીક શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટિકની થેલીમાં કઈક છુપાવતો જઈ રહેલા આરોપી જયદીપભાઈ મોહનભાઈ સોલંકી ઉવ.૧૯ રહે. મોરબી-૨ સરાણીયાવાસ વાળાને રોકી તેની પાસે રહેલ થેલીમાં તલાસી લેતા વાઈટ લેસ વોડકા લખેલ વિદેશી દારૂની ૨ બોટલ કિ.રૂ.૭૫૦/- મળી આવી હતી, હાલ બી ડિવિઝન પોલીસે અલગ અલગ સ્થળેથી આરોપીઓની અટક કરી બંને વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: ખાખરાળાં પ્રા.શાળાનો શતાબ્દી મહોત્સવ વિવિધ કાર્યક્રમો સાથે ઉજવાશે

## ગુરૂવંદના, સ્નેહમિલન, ભૂતપૂર્વ શિક્ષકોનો સન્માન સમારોહ સહિતના આયોજનો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબીના ખાખરાળાં ગામમાં આવેલ પ્રાથમિક શાળાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા તા.૦૨/૦૫ને શુક્રવારે સવારે ૮ વાગ્યે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં શતાબ્દી મહોત્સવ, ગુરુ વંદના અને સ્નેહમિલન જેવા કાર્યક્રમનું આયોજન ખાખરાળાં ગામમાં યોજવામાં આવેલ છે

આ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં અભ્યાસ કરીને ગયેલા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને હાજર રહેવા અનુરોધ કરાયો છે તેમજ આ શાળામાં જે આચાર્ય અને શિક્ષકો એ સેવા આપી છે એ તમામ ને સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં મહા મંડલેશ્વર માં કનકેશ્વરીદેવીજી( ખોખરાધામ-બેલા),તેમજ મૂળ ખાખરાળાંના અને આધ્યાત્મિક ગુરુ અને શાંતિ નિકેતન આશ્રમ - જોધપરના ભાણદેવજી મહારાજ, નકલંક મંદિર - બગથળાના મહંત દામજી ભગત ઉપસ્થિત રહી શ્રોતાને આશીર્વચન આપશે.

આપ આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ આચાર્ય કે શિક્ષકો કાર્યક્રમનો લાભ લેવા માટે મોબાઈલ નંબર ૯૮૯૮૬૪૩૨૩૫ પર રજીસ્ટ્રેશન કરાવી શકશે. ભૂતપૂર્વ આચાર્ય કે શિક્ષક જો હૈયાત ના હોઈ તો તેમના પરિવારમાંથી કોઈ પણ વ્યક્તિ આ સન્માન માટે ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# માળીયા(મી): ગૌ-હત્યામાં સંડોવાયેલી બેલડી પાસા તળે જેલ હવાલે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



માળીયા(મી) વિસ્તારમાં ગૌ હત્યાના ત્રણ-ત્રણ ગુનામાં સંડોવાયેલ કુલ બે ઈસમોની પાસા દરખાસ્ત મંજુર થતા માળીયા(મી) પોલીસ ટીમ દ્વારા બંને આરોપીઓની પાસા એક્ટ હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ સુરત તથા જીલ્લા જેલ ભાવનગર ખાતે જેલ હવાલે કરવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસ મહાનિરીક્ષક અશોકકુમારે રાજકોટ રેન્જમાં બનતા ગૌવંશના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ જીલ્લામાં ગૌવંશના ગુનામાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરવા સુચન કરેલ, જે અનુસંધાને માળીયા(મી) પોલીસ મથકમાં ગૌવંશ હત્યાના ગુન્હામાં સંડોવાયેલ ઈશમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલતા, આરોપી અયુબભાઈ જાનમામદભાઈ મોવર તથા ફીરોજભાઈ મહેબુબભાઈ કટીયાના પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા, જે પાસા વોરંટની બજવણી અન્વયે માળીયા(મી) પોલીસ મથકના સર્વેલન્સ ટીમ દ્વારા આરોપી અયુબભાઈ જાનમામદભાઈ મોવર ઉવ.૩૨ રહે.કાજરડા તા.માળીયા(મી) તથા આરોપી ફીરોજભાઈ મહેબુબભાઈ કટીયા ઉવ.૪૫ રહે.કાજરડા તા.માળીયા(મી) વાળાની અટકાયત કરી મધ્યસ્થ જેલ સુરત તથા જીલ્લા જેલ ભાવનગર ખાતે જેલમાં મોકલી આપવામાં આવેલ છે.

# હળવદ: ખેતી કામ અંગે પત્નીએ ઠપકો આપતા પતિનો આપઘાત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

હળવદ તાલુકાના રાતાભેર ગામની સીમમાં આવેલ રમેશભાઈ ચુનીલાલ પટેલની વાડીએ રહેતા મૂળ રહે. છોટાઉદેપુર જીલ્લાના ખૂનવાડના વતની ગોપાલભાઈ છગનભાઈ તડવી ઉવ-૪૦ને તેની પત્નીએ ખેતી કામ કરવા બાબતે ઠપકો આપતા જે અંગે દિલીપભાઈને મનોમન લાગી આવતા પોતે પોતાની જાતે ગઈ તા-૦૨/૦૪ ના રાતના નવેક વાગ્યાની આસપાસ રાતાભેર ગામની સીમમા આવેલ રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલની વાડીએ જંતુનાશક ઝેરી દવા પી લીધી હતી, તે દરમિયાન ગોપાલભાઈને ઝેરી દવાની અસર થતા તેઓને મોરબી સરકારી સીવીલ હોસ્પીટલ ખાતે સારવારમા દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારે ચાલુ સારવાર દરમિયાન ગઈ તા.૦૭/૦૪માં રોજ ગોપાલભાઈનું મૃત્યુ નિપજતા, ફરજ ઉપર હાજર ડોક્ટરે પોલીસમાં જાણ કરતા, હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી: ભરાડ સ્કુલના ૬ છાત્રોએ ભારત સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિમાં મેળવ્યો 'રાજયપાલ એવોર્ડ'


## અધિકારી-પદાધિકારીઓએ પુરસ્કૃત થયેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ પ્રવૃત્તિમાં ૨૦૨૪/૨૫ માં આપેલ પરીક્ષા ઉત્તીર્ણ થયેલ ભરાડ વિદ્યા સંકુલના બાળકોને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ના વરદ હસ્તે ભરાડ વિદ્યા સંકુલ અમરેલી ના ચાર સ્કાઉટ બે ગાઈડ એમ કુલ છ વિદ્યાર્થીઓને રાજ્યપાલ એવોર્ડ મળ્યો હતો, આ એવોર્ડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ ને ગુજરાત વિધાનસભાના ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયા તેમજ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારીના ધારાસભ્ય જે.વી કાકડિયા તેમજ અમરેલી જિલ્લા ડીડીઓ પરિમલ પંડ્યા અમરેલી ડીવાયએસપી ચિરાગદેસાઈ, અમરેલી સીટી પીઆઈ વાઘેલા અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારી ગોહિલ તેમજ પ્રાથમિક નાયબ શિક્ષણ અધિકારી સોલંકી વગેરે ભરાડ વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા, તેમજ ભરાડ વિદ્યા સંકુલના સંચાલક અને અમરેલી જિલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના મહામંત્રી પંકજભાઈ મહેતાએ તમામ અધિકારી અને હોદ્દેદારોને ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ ના સકાપ પહેરાવી અભિવાદન કર્યું હતું, જેમાં રાજ્યપાલ પુરસ્કાર મેળવનાર વિદ્યાર્થી. હિરપરા હર્ષ ધર્મેશભાઈ, મહેતા પર્વ પરેશ ભાઈ, ચોવટીયા કીર્તન જનકભાઈ, વાળા મિહિર ચેતનભાઈ , ચાવડા ગોર જાનવી કમલેશભાઈ, યાદવ પૂજા અજયભાઈ તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન ભરાડ વિદ્યા સંકુલ દ્વારા તેમજ અમરેલી જિલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા આપવામાં આવ્યા હતા.

# અંજારની નંદીશાળામાં ૭૦૦ નંદીઓને મળશે ગરમીમાં રાહત: ફૂવારાઓ લગાવાયા



**અબતક, ભારતી માખીજાણી, અંજાર**

અંજાર ખાતે નંદીશાળામાં સેવાકાર્યના ભાગરૂપે સચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ ૭૦૦ નંદીઓ માટે ગરમીમાં ફુવારા મુકવામાં આવ્યા છે અને પૌષ્ટિક ફળ દાડમનું વિતરણ કરવામાં આવ્યું હતું. કચ્છમાં વધતા જતા તાપમાનને લીધે ગરમીનું પ્રમાણ વધતા પશુ-પક્ષીઓ ગરમીમાં પરેશાન થઈ રહ્યા છે, પશુઓને ગરમીમાં થોડી રાહત મળી રહે તે માટે નંદીશાળાના ૪ સેડની ઉપર ફુવારા ગોઠવવામાં આવતા પશુઓ પર પાણીનો છંટકાવ થયો હતો. આ ઉપરાંત નંદીઓના સ્વાસ્થ્ય અને પોષણમાં વધારો કરવા ફળ અપાઈ રહ્યા છે. અંજાર નંદીશાળા સેવાભાવી કાર્ય માટે જાણીતી છે. રોજિંદા ૭૦૦ જેટલા નંદીઓ માટે સુચારુ રીતે રહેવા, ખાવા અને તબીબી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. નંદીશાળાના સેવા કાર્યમાં ત્રિકમદાસજી મહારાજનું યોગદાન મહત્વનું રહ્યું છે. નંદીશાળામાં અનેક લોકો નંદીઓની સેવા કરી રહ્યા છે.

# ધોરાજી: ધારાસભ્ય ડો.પાડલિયા, પૂર્વ સાંસદ ધડુકએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત લીધી




**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

તાજેતરમાં પોરબંદર લોકસભા મતવિસ્તારના પુર્વ સાંસદ રમેશભાઈ ધડુક ધોરાજી- ઉપલેટા મતવિસ્તારના ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયા ધોરાજી શહેર ભાજપ અગ્રણી અને ઉધોગપતી વિમલભાઈ કોયાણી, ધોરાજી શહેર ભાજપના મહામંત્રી જેન્તીભાઈ કોયાણી ભુપતભાઈ કોયાણી, નટુભાઈ વૈષ્ણવ, યોગેશભાઈ વૈષ્ણવ, મગનભાઈ ચવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# જસદણ: એક રાષ્ટ્ર, એક ચૂંટણીના ઠરાવને પસાર કરી રાષ્ટ્રપતિને મોકલતું ચેમ્બર

## ચેમ્બરના પ્રમુખ અશોકભાઈ ધાધલ, જીઆઈડીસી પ્રમુખ વિજય રાઠોડ સહિતના હોદેદારોએ પ્રસ્તાવ અંગેના લાભાલાભ અંગે ચર્ચા કરી

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**



જસદણની વેપારી સંસ્થા ચેમ્બર ઑફ કોમર્સ અને જીઆઈડીસી એસોસિએશનના પ્રમુખો અને તમામ સભ્યોએ એક રાષ્ટ્ર એક ચૂંટણીના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સમર્થનમાં એક ઠરાવ પસાર કરી દેશના રાષ્ટ્રપતિને મોકલ્યો છે એક રાષ્ટ્ર એક ચૂંટણી ના વિચારના સમર્થનમાં મજબુત દલીલ એ છે કે જેમાં સમય શક્તિ અને નાણાની બચત થાય છે

બીજી બાજુ અન્ય પક્ષોના લોકોમાં અનેક મંતમાંતરો પણ પ્રવર્તી રહ્યાં છે કે દેશ માટે આ દેશ માટે વ્યાજબી નથી ત્યારે જસદણ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ ધાધલ જીઆઈડીસી એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ રાઠોડએ પોતાના દરેક હોદ્દેદારો સાથે એક ઠરાવ સર્વાનુમતે પસાર કરી દેશના રાષ્ટ્રપતિને મોકલ્યો છે ઠરાવ પત્રમાં જણાવ્યું હતું કે એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે પ્રસ્તાવના રજુ કરી આના જુદાં જુદાં લાભો તેનો ઉદ્દેશ વહીવટી સુગમતાની બાબતો વંચાણે લઈ અને ચર્ચા કરી આ ઠરાવ પસાર કરી દેશના પ્રથમ નાગરિક રાષ્ટ્રપતિને મોકલી દેવામાં આવ્યો.

# વાંકાનેરમાં પરશુરામ જન્મોત્સવ નિમિતે હવન-શોભાયાત્રા સહિતના આયોજનો

## ભૂલકાઓ વિવિધ વેશભૂષા ધારણ કરશે, પરશુરામ જન્મોત્સવની ઉજવણી અંતર્ગત ગાયત્રી પીઠમાં બેઠક યોજાઈ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



તાજેતરમાં પરશુરામ દાદાના જન્મોત્સવની ઉજવણી માટેની એક મીટીંગ વાંકાનેર શહેરમાં આવેલ આ કાર્યક્રમમાં ઉપસ્થીત ગાયત્રી મંદિરના મહંત અશ્વિન બાપુ, મોરબી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ભરતભાઈ ઓઝા ઉપ પ્રમુખ રાજુભાઈ રાવલ ઔદિચ્ય બ્રહ્મ સમાજના પ્રમુખ રજનીભાઈ રાવલ, સુરેશભાઈ ભટ્ટ, દિપકભાઈ ઠાકર, મુકેશભાઈ પંડ્યા, યોગેશભાઈ પંડયા, સાસ્વત બ્રહ્મસમાજના પ્રમુખ રિધીશભાઈ, મેહુલ મહારાજ, તથા શશીભાઈ પંડ્યા ઉપસ્થીત રહ્યા હતા મીટીંગ નો ઉત્સાહ એટલો બધો હતો કે હર હર મહાદેવ જય જય પરશુરામ ના નાદ સાથે ગાયત્રી શક્તિ પીઠ ગુંજી ઉઠ્યું હતુ.

આ મીટીંગમાં તા. ૨૮-૪-૨૦૨૫ ને સોમવારના રોજ રાત્રે ભગવાન શ્રી પરશુરામ દાદાનું આહવાન, દાંડીયા રાસ તથા બીજા દિવસે તા. ૨૯-૪-૨૦૨૫ ને મંગળવારના રોજ ભગવાન શ્રી પરશુરામ દાદા નો હવન કરવાનું નક્કી કરેલ આ વખતે ભગવાન શ્રી પરશુરામ દાદાના હવનમાં પાંચ જેટલા કપલ બિરાજમાન થશે. ત્યારબાદ સાંજે ૫-૦૦ કલાકે જીનપરા જકાતનાકાથી ભગવાન શ્રી પરશુરામ દાદાની શોભા યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે. આ શોભા યાત્રામાં બ્રહ્મ સમાજના નાના-નાના ભુલકાઓ શિવ-પાર્વતી, શ્રી હનુમાનજી, શ્રી ગણપતિ મહારાજ, ભગવાન શ્રી પરશુરામ એવા અલગ - અલગ વેષભૂષા ધારણ કરશે તેમજ બ્રહ્મ ભગીની અને દુર્ગા વાહીની ની બહેનો તલવારબાજી, લાઠી બાજી જેવા અવનવા કાર્યક્રમો આ શોભા યાત્રામાં રજુ કરશે. આવી અનેકવીધ ચર્ચા વિચારણા બાદ દરેક બ્રહ્મ પરિવારો એ હર હર મહાદેવ જય શ્રી પરશુરામ ના નારા ના જય્યઘોષ સાથે પ્રસાદ લીધો હતો આ આખા કાર્યક્રમને સફળ બનાવવા માટે મોહનભાઈ રાજગોર, દુષ્યંતભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, પ્રશાંતભાઈ ઉપાધ્યાય, ભરતભાઈ ઠાકર, પ્રવિણભાઈ રાજગોર અને હવનમાં બેસનાર ભુદેવો ગોપાલભાઈ પંડયા, પુનિત મહારાજ, ધર્મેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા

# મેટોડામાં 'વન નેશન વન ઈલેક્શન' અંતર્ગત બેઠક મળી

## પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, મોહન દાફડા સહિતના આગેવાનો હાજર રહ્યા



**અબતક, બી.એમ.ગોસાઇ, મેટોડા**

મેટોડામાં ભારતીય જનતા પાર્ટી રાજકોટ જીલ્લા દ્વારા વન નેશન વન ઈલેક્શન અંતર્ગતની મિટિંગ યોજાઈ. જેમાં વન નેશન વન ઈલેકશન ની માહિતી આપવા માટે ડિ.કે.સખીયા રાજેન્દ્રભાઈ ધારૈયા જસ્મીનભાઈ પીપળીયા ઉપસ્થિતિ રહેલ. વન નેશન વન ઈલેક્શન થી વારંવાર નો ચુંટણી ખર્ચ બચશે તેમજ સરકારી કામકાજ માટે જીલ્લા પંચાયત તાલુકા પંચાયત પંચાયત નગરપાલિકા મહાનગરપાલિકા વિધાનસભા લોકસભાની ચૂંટણી દરમિયાન આવતી આચાર સહિતા થી સરકારી કામકાજ મા પડતી મુશ્કેલીઓ દૂર થશે તેમ સમય પણ બચશે રાજૈન્દ્રભાઈ ધારૈયા તેમજ ઉપસ્થિત લોકોએ વન નેશન ઈલેકશન ને બે હાથ ઉંચા કરી સમર્થન આપેલ.

આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા તાલુકા ભાજપ પ્રમુખ ડો પ્રકાશભાઈ વિરડા મહામંત્રી મયુરસિંહ જાડેજા સુરેશભાઈ વસોયા તેમજ નવનિયુકત ઉપપ્રમુખો કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓછા સ્કોરે પંજાબનો કોલકતા સામે જબરદસ્ત વિજય!!!

## ૧૧૧ રનનો પીછો કરવા ઉતરેલી કોલકતાની ટિમ ૯૫ રનમાં જ ઓલઆઉટઃ ચહલની શાનદાર બોલિંગે પંજાબને વિજય અપાવ્યો

**અબતક, નવી દિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ૩૧મી મેચમાં પંજાબ કિંગ્સની ટીમે ધમાલ મચાવી દીધી હતી. પંજાબની ટીમે કોલકાતા નાઈટ રાઈડર્સને તેના હોમ ગ્રાઉન્ડ પર માત્ર ૧૧૧ રન કરીને હરાવ્યું હતું. પંજાબ કિંગ્સની આ જીત બાદ પોઈન્ટ ટેબલમાં પણ મોટી હલચલ મચી ગઈ છે. આ પંજાબ કિંગ્સની ૬ મેચમાંથી ચોથી જીત હતી. બીજી તરફ, કોલકત્તાને આ સીઝનમાં ૭ મેચમાંથી ચોથી હારનો સામનો કરવો પડ્યો હતો.

પંજાબ કિંગ્સ અને કેકેઆર વચ્ચેની આ મેચ ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુર ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ટોસ જીતીને પંજાબ કિંગ્સની ટીમે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પંજાબની ટીમ સારી શરૂઆત બાદ કેકેઆર સામે ખરાબ રીતે નિષ્ફળ ગઈ હતી. પંજાબ કોઈક રીતે કોલકત્તા સામે ૧૫.૩ ઓવરમાં ૧૧૧ રનનો સ્કોર હાંસલ કરવામાં સફળ રહ્યું. કોલકત્તા તરફથી હર્ષિત રાણાએ શાનદાર બોલિંગ કરી અને ત્રણ વિકેટ લીધી હતી.

આ ઉપરાંત વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણે પણ બે-બે વિકેટ લીધી હતી.માત્ર ૧૧૨ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી કેકેઆરની ટીમની શરૂઆત પંજાબ કિંગ્સ કરતા ખરાબ રહી હતી. કોલકત્તાએ ફક્ત ૭ રનમાં બે વિકેટ ગુમાવી દીધી. જોકે, રઘુવંશીએ થોડા સમય માટે ઈનિંગ્સને સંભાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ યુઝવેન્દ્ર ચહલના સ્પિન સામે કોલકત્તાના બેટ્સમેન સંપૂર્ણપણે લાચાર દેખાતા હતા. પંજાબ તરફથી ચહલે ૪ ઓવરમાં ૨૮ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. આ રીતે સમગ્ર કોલકત્તાની ટીમ ૧૫.૧ ઓવરમાં ૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ, જેના કારણે પંજાબ ૧૬ રનથી મેચ જીતી શક્યું હતું.

### ચહલનો ધમાકો!!!

પોતાના શાનદાર પ્રદર્શનથી ચહલ આઈપીએલમાં સૌથી વધુ વખત ચાર કે તેથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે.

આ બાબતમાં તેણે કોલકત્તાના અનુભવી સ્પિનર સુનીલની બરાબરી કરી જેણે ચહલની જેમ આઈપીએલમાં આઠ વખત ચાર કે તેથી વધુ વિકેટ લીધી છે. કોલકત્તા સામે આ ત્રીજી વખત છે જ્યારે ચહલે ચાર કે તેથી વધુ વિકેટ લીધી છે. લસિથ મલિંગાએ સાત વખત, કગીસો રબાડાએ છ વખત અને અમિત મિશ્રાએ પાંચ વખત આવું કર્યું છે.



# વિશ્વ શાંતિ માટે યુધ્ધ વિરામ અને અહિંસક વિચારધારા જરૂરી: આચાર્ય લોકેશજી

## દુબઈ ખાતે દ્વિદિવસીય વિશ્વ શાંતિ સંમેલનમાં સંબોધન કર્યુ

**અબતક, રાજકોટ**



વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય લોકેશજી, પતંજલિ યોગપીઠના સ્થાપક સ્વામી રામદેવજી, આર્ટ ઑફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજી, યુએઈ સરકારના મંત્રી શેખ નાહયાન બિન મુબારક અલ નાહયાન, યુએઈ સંસદસભ્ય ડો. અલિ રશિદ, આયોજક ડો. ખોરાકીવાલા, ભૂતપૂર્વ ભારતીય સેના પ્રમુખ જનરલ બિક્રમસિંહ સહિત વિશ્વ શાંતિ પુરસ્કારથી સન્માનિત અનેક વિખ્યાત હસ્તીઓએ દુબઈમાં આયોજિત દ્વિદિવસીય વિશ્વ શાંતિ શિખર સંમેલનમાં ભાગ લીધો અને સંબોધન કર્યું હતું .

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીએ 'આસ્થા એકસેતુ : શું ધર્મ અને આધ્યાત્મિકતા વિભાજિત વિશ્વને એક કરી શકે?'વિષયક વિશેષ સત્રમાં જણાવ્યું કે ધર્મ જોડવાનો માર્ગ છે, અલગ કરવાનો નહિ.ધર્મના માર્ગે હિંસા અને ઘૃણાને સ્થાન નથી.


તેમણે કહ્યું કે આજની વૈશ્વિક પરિસ્થિતિમાં યુદ્ધવિરામ અવશ્યક છે, જો આપણે શાંતિ સ્થાપવી હોય તો.

સ્વામી રામદેવજીએ તેમના સંબોધનમાં જણાવ્યું કે ધર્મ અને આસ્થા લોકો વચ્ચે એકતાનો પાયો છે. તે નૈતિક મૂલ્યો અને સામાજિક સદભાવને પ્રોત્સાહન આપે છે. શ્રી શ્રી રવિશંકરજીએ ઑનલાઈન સંબોધનમાં જણાવ્યું કે ધર્મ આપણને અન્ય લોકો પ્રત્યે સહિષ્ણુ અને પ્રેમભાવથી વર્તવાની પ્રેરણા આપે છે, જે સમાજમાં એકતા અને શાંતિ સ્થાપિત કરે છે. યુએઈના સહિષ્ણુતા મંત્રી શેખ નાહયાન બિન મુબારક અલ નાહયાનએ જણાવ્યું કે ન્યાય અને પ્રેમ દ્વારા જ સમાજનો સંતુલિત વિકાસ અને શાંતિ શક્ય છે. વિદેશ અને રક્ષા સંબંધિત સંસદીય સમિતિના અધ્યક્ષ ડો. અલી રશિદ અલ નુએમીએ કહ્યું કે વિશ્વ શાંતિ માટે વિવિધ ધર્મો વચ્ચે સંવાદ જરૂરી છે.

સમગ્ર વિશ્વમાં અનેક સંસ્થાઓ વિવિધ સમુદાયો વચ્ચે શાંતિ, ન્યાય અને સદભાવના સ્થાપવા માટે પ્રયત્નશીલ છે.

# જસદણના ભાડલામાં નારિયેળી ડુંગરે સોમવારે મીઠું પીરનો ઉર્ષ મુબારક

## કવ્વાલી, ન્યાજ, સંદલ શરીફ સહિતના કાર્યક્રમો યોજાશે



**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**

જસદણના ભાડલા ગામ નજીક આવેલ નારિયેળી ડુંગરમાં મદફન થયેલ હઝરત મીઠુંપીરનો ઉર્ષ મુબારક આગામી તા.૨૧ એપ્રિલ ૨૦૨૫ને સોમવારના રોજ યોજાશે જેમાં સૌરાષ્ટ્રભરના ભાવિકો મીઠુંપીરને સલામી આપવા માટે આવશે આ અંગે આયોજકો ખાદીમ ઈસ્માઈલભાઈ ભાડુલા, દોસ્તમામદભાઈ, ઈકબાલભાઈ, સત્તારભાઈ, ઈલિયાસભાઈ સહિતનાં આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ઉર્ષમાં શામેલ થનાર તમામની પાણી થી લઈ આરોગ્ય સુધીની વ્યવસ્થા ખડેપગે ઉભી કરવામાં આવનાર છે. સોમવારે ઉર્ષ મુબારક અવસરે સાંજે ચાર કલાકે સંદલ શરીફ છ કલાકે ન્યાજ (પ્રસાદ) રાત્રિના નવ કલાકે મિલાદ જેમાં ગુજરાતના મશહુર શાયરે ઈસ્લામ કાસમબાપુ ભાડલાવાળા પોતાના કલામ પેશ કરશે રાત્રિના દસ કલાકેથી રાજસ્થાનના મશહુર કવ્વાલ અકબર આઝાદ ચિશ્તી એન્ડ પાર્ટી પરોઢ સુધી કવ્વાલીની રમઝટ બોલાવી મીઠુંપીરને સલામી આપશે આ તકે આયોજકોએ દરેક હિન્દુ મુસ્લિમ બિરાદરોને જાહેર નિમંત્રણ પાઠવેલ છે હાલ ઉર્ષને લઈ તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

# જામજોધપુરઃ ધુનડા ગામે ભાવેશ્વર મહાદેવ મંદિરના પાટોત્સવમાં ભકતોનું ઘોડાપુર ઉમટયું




**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ધુનડા ગામે સતપુરણ ધામ આશ્રમ મુકામે આવેલ ભાવેશ્વર મહાદેવ મંદિર (૧૦૮ શિવ પારદ શિવલીંગ) નો પ્રથમ પાટોત્સવ જેન્તીરામ બાપાના સાનિધ્યમાં યોજાયેલ જેમાં લધુ રૂદ્ર યજ્ઞ મહાપ્રસાદ તેમજ મુરલીધર ગ્રુપ દ્વારા માંડાવા (ઘેડ) ની ભવ્ય કાન ગોપીનો કાર્યક્રમ યોજાયો હતો. તેમજ આ ધર્મોત્સવ કાર્યક્રમમાં વિવિધ રાજકીય - સામાજીક મહાનુભાવો સંતો ઉપસ્થિત રહેલ હતા. તેમ જ આ કાર્યક્રમમાં ધુનડા સહિત આજુબાજુ ગામના લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

જા.નં. ૭૦૧ તા. ૦૯/૦૪/૨૦૨૫

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.(સુધારા જાહેરાત)

| ક્રમ | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ |
|---|---|---|---|
| ૧ | શહેરમાં "ગ્રો-ગ્રીન" યોજના હેઠળ જુદા જુદા રસ્તાઓ વિગેરેમાંવૃક્ષારોપણ કરી ત્રણ વર્ષ નિભાવણી કરવાનું કામ(ત્રીજો પ્રયત્ન) | રૂ. ૧૮૭૫/- | રૂ.૪૦,૦૦૦/- |
| ૨ | મોરબી મહાનગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં મીયાવાકી પદ્ધતિથી થીમ ફોરેસ્ટ બનવાનું કામ કોન્ટ્રાક્ટ ૨ વર્ષ નિભાવણી સાથે(બીજો પ્રયત્ન) | રૂ. ૧૮૭૫/- | રૂ.૪૦,૦૦૦/- |
| વેબસાઇટનું નામ | | www.nprocure.com | |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | |
| ટેન્ડર જરૂરી ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૦૮/૦૫/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી.કમિશ્નરશ્રી, મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ (જો શક્ય હોય તો) | | તા. ૧૩/૦૫/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | |

નોંધ- ટેન્ડર મંજુર કરવું / નામંજુર કરવાની સત્તા મોરબી મહાનગરપાલિકાની રહેશે. માટે www.nprocure.com વેબસાઇટ ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

ડેપ્યુટી કમિશ્નર(પ્રો.)
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૭૧/૨૫-૨૬

# ધ્રોલને પેરીસ બનાવવા ભાજપ કટીબધ્ધ: કારોબારી સમિતિ ચેરમેન સુરેશ ગોસાઈ

## નગરપાલિકા ટીમ પ્રમુખ વિનુભાઈ વાઘેલા, ઉપપ્રમુખ કારોબારી સહિત બોડી દ્વારા એક્શન પ્લાન બનાવાયોઃ રૂ.૭ કરોડના વિકાસ કામોને મંજૂરી

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**



ધ્રોલ શહેરમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવતા પહેલા દિવસથી જ તમામ સભ્યો હરકતમાં આવીને કામે લાગી જતા સફાઈથી માંડીને પાણી સહીતની સુવિધામાં લોકોને મુશ્કેલી ન પડે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને ધ્રોલ નગરપાલીકા પ્રમુખ વિનુભાઈ વાઘેલા કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઈ ગોસાઈ સહિતના પાલિકા ની ટીમ ધ્વારા માર્ગદર્શન હેઠળ કરોડો રૂપીયાના વિકાસના કામોને વહીવટી મંજુરી આપવામાં આવતા હાલ કામો શરુ કરી દેવામાં આવતા ધ્રોલની જનતાનો ભરોસો જીતવામાં ભાજપ નગરપાલીકા સદસ્યો સફળ રહયા હોવાનો લોકો અનુભવ કરી રહયા છે.

ધ્રોલ નગર પાલિકા પ્રમુખ વિનુભાઈ વાઘેલા કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઈ ગોસાઈએ એક મુલાકાતમાં જણાવ્યુ હતુ કે, ધ્રોલ શહેરના વિકાસ માટે ધારાસભ્યના પ્રયાસોથી હાલમાં ૭ કરોડના વિકાસના કામોને વહીવટી મંજુરી આપવામાં આવી છે જેમાંથી ધણા કામોના ખાતમુર્હત કરવામાં આવેલ છે, અને તાજેતરમાં જ જનરલ બોર્ડમાં વધુ ૭૫ લાખના કામો સુચવવામાં આવેલ છે

ધારાસભ્ય દ્વારા ગાંધીનગર રમત ગમત વિભાગના મંત્રી હર્ષભાઈ સંઘવીને રજુઆત કરીને અંદાજે ૮ કરોડના ખર્ચે સ્પોર્ટ સંકુલ બનાવવા માટે કવાયત હાથ ધરવામાં આવેલ છે

અને ધ્રોલ મામલતદારના સહયોગથી જગ્યા પણ ખારવા રોડ પણ હોવાનું જાણવા મળે છે તેમજ ગુજરાતના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ધારાસભ્યની રજુઆતના પગલે બાવની રીવર ફ્રન્ટ યોજના માટે દરખાસ્ત પણ મંગાવવામાં આવેલ છે અને આ દિશામાં કામ આગળ વધી રહયુ છે, તેમજ વિકાસ પામતા ધ્રોલ શહેરના બાકી રહેતા વિસ્તારમાં ખુટતી ભુર્ગભ ગટર માટે ૬ કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

વધુમાં ધ્રોલ નગરપાલીકા કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઈ ગોસાઈએ જણાવ્યુ હતુ કે, ધ્રોલ શહેરમાં સફાઈને સુદઢ બનાવવા માટે કોન્ટાકટ બેઈઝ પધ્ધતિ દાખલ કરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે

અને ઉનાળામાં ધ્રોલ શહેરની જનતાને પાણીની સમસ્યા ન રહે તે માટે સતત વોચ રાખવામાં આવી રહી છે.

આમ ધ્રોલ શહેરમાં વિકાસના કામોને વેગ આપવા માટે ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા તમામ સભ્યો કટીબંધ હોય ધ્રોલ શહેરને પેરીસ બનાવવા માટે તમામ બનતા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### જાહેર નોટીસ

બી. એન્ડ ડી. રજી નં.૧૧/૨૦૨૫

શ્રી મનજીભાઈ જેરામભાઈ ગોહિલ,
રહે.પીપરડી-૨ તા.પાલીતાણા ......અપીલવાળા

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરી,
મુ.પીપરડી-૨, તા.પાલીતાણા, જિ:ભાવનગર ......સામાવાળા

**વિષય-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી મનજીભાઈ જેરામભાઈ ગોહિલના નવાસી નમ્રતાબેન પ્રાગજીભાઈ સોલંકીનો જન્મ તા.૨૫/૦૬/૨૦૦૩ના રોજ મોજે. પીપરડી-૨, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના નવાસીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના નવાસીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરી, મુ. પીપરડી-૨, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ :- ૧૫/૦૪/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

### જાહેર નોટીસ

બી. એન્ડ ડી. રજી નં.૦૭/૨૦૨૫

શ્રી નાનજીભાઈ લવજીભાઈ ખોખર,
રહે દુધાળા તા.પાલીતાણા ......અપીલવાળા

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, દુધાળા ગ્રામ પંચાયત કચેરી,
મુ.દુધાળા, તા.પાલીતાણા, જિ:ભાવનગર ......સામાવાળા

**વિષય:-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી નાનજીભાઈ લવજીભાઈ ખોખરના ભાઈ અરવિંદભાઈ લવજીભાઈ ખોખરનો જન્મ તા.૦૩/૦૪/૧૯૭૩ના રોજ મોજે. દુધાળા, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના ભાઈના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના ભાઈના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, દુધાળા ગ્રામ પંચાયત કચેરી, મુ. દુધાળા, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ :- ૧૫/૦૪/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

### જાહેર નોટીસ

બી.એન્ડ ડી. રજી નં.૦૩/૨૦૨૫

શ્રી દેવરાજભાઈ જવેરભાઈ દિયોરા
રહે. સીતાપુર, તા.ગારીયાધાર ......અપીલવાળા

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી-કમ-મંત્રીશ્રી માનપુર, તા.ગારીયાધાર ......સામાવાળા

**વિષય:- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના સામાવાળા અરજદારશ્રી દેવરાજભાઈ જવેરભાઈ દિયોરાની પુત્રી શારદાબેન દેવરાજભાઈ દિયોરાનો જન્મ તા.૦૬/૧૧/૧૯૭૯ના રોજ મોજે. માનપુર, તા.ગારીયાધાર ખાતે થયેલ હોય પરંતુ મોજે: માનપુર ગ્રામ પંચાયતની જન્મ-મરણ રજીસ્ટરે તેમની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મના દાખલાની જરૂરીયાત હોવાથી સદરહું અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓની પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી માનપુર તા.ગારીયાધારના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગારીયાધાર ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

મુદત તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેવું.

સ્થળ:- ગારીયાધાર
તારીખ:- ૦૭/૦૪/૨૦૨૫
કોર્ટનો સિક્કો
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગારીયાધાર

41 વર્ષનો સાથ
આપની બ્રાન્ડને બનતા જોઇ છે વિશાળ...
આ કહાની અમારી નહી,
તમારી સફળતાની છે....
વિકાસ પબ્લીસીટી કરી રહ્યું છે
42
માં વર્ષમાં મંગલ પ્રવેશ
ગર્વ છે અમને આપની બ્રાન્ડને ભારતના ખુણે ખુણે પહોંચાડવાનો...
આપના પ્રેમ અને વિશ્વાસ બદલ ખુબ ખુબ આભાર
Vikas PUBLICITY Since 1984
1120-1121, RK સુપ્રીમ
નાના મવા સર્કલ પાસે, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ.
98795 18143 • 99795 18143
ભારતના કોઇપણ શહેરમાં છાપામાં જાહેરખબર કરતી એજન્સી

## જામનગર ક્રાઈમ ડાયરી

### પતિ-પત્નીના ઝઘડાનું સુખદ સમાધાન કરાવી પરિવાર માટે આશિર્વાદરૂપ બનતી ૧૮૧ અભયમની ટીમ

**અબતક, જામનગર**

જામનગરમાં એક સક્ષમ મહીલા દ્વારા ૧૮૧ અભયમ પર ફોન કરી જણાવેલ કે, એક અજાણી મહિલાનો તેના પતિ સાથે ઝઘડો થતાં તે ઘર છોડી નીકળી ગયા છે અને પોતાના વતન પરત જવા માંગે છે આ મહિલાને મદદની જરૂર જણાતા તુરંત જ ફરજ પરના કાઉન્સેલર શિલ્પાબેન રાઠોડ, મહીલા પોલીસ ઈલાબા ઝાલા અને પાયલોટ સુરજીત સિંહ વાઘેલા સ્થળ પર પહોંચ્યા હતા. ૧૮૧ અભયમની ટીમે આ મહીલાને સાંત્વના આપ્યા બાદ સમજાવ્યું હતું કે, ગુસ્સામાં ઘર છોડી નિકળી જવું એ સમસ્યાનું સમાધાન નથી. બાદમાં પીડિતાએ જણાવ્યું હતું કે, તેઓ મધ્યપ્રદેશનાં વતની છે અને ૬ માસથી પતિ અને દીકરા સાથે અંહી રોજગાર અર્થે આવ્યા છે.

પીડિતાનાં બીજા લગ્ન છે અને તેનો સત્તર વર્ષનો દીકરો તેમની સાથે રહે છે અને મજૂરી કામ કરી ઘરખર્ચમાં મદદ કરે છે. પરંતુ પતિ ઘરખર્ચ ન આપી તેણીને અન્ય પુરુષો સાથે સબંધ હોય તેમ શંકા અને વહેમ રાખી અવાર - નવાર ઝઘડો કરી માનસિક ત્રાસ આપી મારપીટ કરતા હોવાથી તેણીએ કંટાળીને ઘર છોડી દીધું હોવાનું ૧૮૧ અભયમની ટીમને જણાવ્યું હતું. બાદમાં અભયમની ટીમે મહિલાને સમજાવી અને તેના પતિનો સંપર્ક કરી યોગ્ય પરામર્શ કર્યા બાદ ઘરેલું હિંસા એક્ટ અંગે કાયદાકીય માહિતિ, નૈતિક ફરજ વીશે સમજાવતા તેણીના પતિએ પોતાની ભૂલ સ્વીકારી પોતાની પત્નીને ત્રાસ ન આપી સુખદ સમાધાન કર્યું હતું.

### જામવણથલી ગામે બાઈક સ્લીપ થતા યુવકનું મોત

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના જામવણથલી ગામમાં રહેતો દિવ્યેશ દિલીપભાઈ ગોહિલ નામનો ૩૦ વર્ષનો યુવાન ગઈકાલે પોતાનું જીજે -૧૦ ડી.એચ. ૪૧૫૨ નંબરનું બાઈક લઈને આલિયાબાડા થી ચાવડા ગામ તરફ જઈ રહ્યો હતો, જે દરમિયાન જામવણથલી ગામના પાટીયા પાસે ગોળાઈમાં એકાએક બાઈક સ્લીપ થઈ જતાં બાઈક સવાર દિવ્યેશ ગોહિલ ને માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઈજા થઈ હતી. આથી તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગેની મોટાભાઈ મહેન્દ્રભાઈ દિલીપભાઈ ગોહિલે પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝન પોલીસે જી.જી. હોસ્પિટલમાં પહોંચી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### રણુજા નજીક પીકઅપ વેન અને બાઈક વચ્ચે ટક્કરમાં યુવકનું મોત: દાદી ગંભીર

**અબતક, જામનગર**

જામનગર- કાલાવડ ધોરી માર્ગ પર રણુજા નજીક એક બાઈક અને બોલેરો પીકપ વેન વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો, અને ધુડસીયા ગામના દાદી પૌત્ર ઈજાગ્રસ્ત બન્યા હતા. જેમાં બાઈક સવાર યુવાનને માથામાં ગંભીર ઈજા થતાં ખોપડી ફાટી જવાના કારણે અંતરિયાળ મૃત્યુ નિપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલા દાદી ને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થઈ છે. જે મામલે બોલેરો ના ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના ધુડસિયા ગામમાં રહેતો ક્રિશ કેતનભાઈ માધાણી નામનો ૨૨ વર્ષનો યુવાન પોતાના બાઈકમાં ગઈકાલે સવારે ૧૧.૦૦ વાગ્યાના અરસામાં પોતાના દાદી સામુબેનને બેસાડીને કાલાવડ ના રણુજા રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો.

જે દરમિયાન સામેથી પુરપાટ ઝડપે આવી રહેલી જી.જે. ૧૦ ટી.વાય. ૧૬૭૦ નંબરની બોલેરો પીકપ વેન ના ચાલક ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો, જે અકસ્માતમાં દાદી પૌત્ર ઘાયલ થયા હતા. જેમાં પૌત્ર કે જેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી, અને ખોપડી ફાટી જવાના કારણે તેનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. ઉપરાંત પાછળ બેઠેલા દાદી સામુબેન કે જેઓને પણ ફ્રેક્ચર સહિતની નાની મોટી ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માતના બનાવ અંગે મૃતક ક્રિશ ના પિતા કેતનભાઈ બાબુભાઈ માધાણીએ જામનગરના પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ધ્રાફા ગામેથી શ્રમિક યુવતી લાપતા

#### પોતાના વતન જવા માટે નીકળ્યા બાદ તેણી એકાએક લાપતા બની જતાં પોલીસ દ્વારા શોધખોળ શરૂ કરાઈ

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામમાં રહેતા ખેડૂત દિગ્વિજયસિંહ જાડેજા ની વાડી માં રહીને ખેત મજૂરી કામ કરતી મૂળ મધ્યપ્રદેશની વતની તોલકીબેન ઉર્ફે કવિબેન ઈમાનદભાઈ ધુલેભાઈ પરમાર નામની ૨૨ વર્ષીય પરપ્રાંતીય યુવતી, કે જે જામજોધપુરના ધ્રાફા ગામેથી પોતાના વતનમાં જવા માટે એસ.ટી. બસમાં બેસીને રવાના થઈ હતી. પરંતુ તેણી પોતાના વતનમાં પહોંચી ન હતી. તેણી ક્યાંક એકાએક લાપતા બની ગઈ હતી, જેથી શ્રમિક પરિવાર ચિંતામાં મુકાયો હતો. તેણીની અનેક સ્થળે શોધખોળ કર્યા બાદ કોઈ પત્તો નહીં સાંપડતાં આખરે જામજોધપુરના શેઠ વડાળા પોલીસ મથકનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. જ્યાં ગુમ નોંધ કરાવાઈ હતી. પોલીસે જેની શોધ ખોળ હાથ ધરી છે.

### જિલ્લા જેલમાંથી પેરોલ જમ્પ કરનાર આરોપી ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગર ના ચર્ચાસ્પદ અપહરણ તથા હત્યા ના કેસ માં મુખ્ય આરોપી એ વચગાળાના જામીન મેળવી જીલ્લા જેલ જામનગર માંથી પેરોલ જમ્પ થયેલ આરોપી પુન: પકડી પાડવા આવ્યો છે.અને તેને જેલ માં મોકલી આપ્યો છે.

પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર એમ.વી.ભાટીયા તથા સ્ટાફના માણસો ટેકનીકલ સેલ તથા હ્યુમન રીસોર્સ નો ઉપયોગ કરી પેરોલ ફર્લો/નાસતા ફરતા ગુનેગારોને પકડી પાડવા અંગે જરૂરી વર્કઆઉટ કરી રહેલ હોય આ દરમ્યાન પેરોલ ફર્લો સ્ક્વોડ સ્ટાફ ને બાતમી મળી હતી કે જામનગર જેલના કાચા કામ નો કેદી શુભમ ઉર્ફે સચીન નિલેષભાઈ પરમાર (રહે.ગુલાબનગર મોહનનગર જામનગર હાલ રહે.રાજકોટ) વાળો ગુજરાત હાઈકોર્ટ માંથી સાત દિવસ માટે વચગાળાના જામીન ઉપર જેલ મુક્ત થયો હતો. અને તેની રજા ની મુદત પુરી થતા કેદી/આરોપી ને તા.૦૩/૦૧/૨૦૨૫ના રોજ જેલ માં હાજર થવાનું હતું પરંતુ આજદીન સુધી જેલ ખાતે પરત હાજર નહીં થઈ ને ફરાર થઈ ગયેલ હોય .જે આરોપી હાલ રાજકોટ શહેર ખાતે રખડતો ભટકતો રહેતો હોવાની ચોક્કસ બાતમી આધારે તેને.ઝડપી લેવામાં આવ્યો હતો અને જામનગર જીલ્લા જેલ માં મોકલી આપવામાં આવ્યો છે.

# પત્નીને માસિક રૂપિયા વીસ હજાર ભરણપોષણ મંજૂર કરતી અદાલત હુકમ

## અરજીની તારીખથી ખાધા ખોરાકી ચૂકવવાનું હુકમ કરતા રેલવે કર્મી. પતિએ ૪.૨૦ લાખ ચૂકવવા આદેશ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી પરણીતાને પતિ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતા રિસામણે રહેલી પરણીતાએ પોતાનું જીવન નિર્વાહ ચલાવવા કરેલી ભરણ પોષણની અરજી અદાલતે મંજૂર કરી રેલવે કર્મચારી પતિ એ માસિક ૨૦,૦૦૦ ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરમાં રહેતી પૂજાબેન નામની યુવતીના પ્રશાંત વાલજી ડાભી નામના રેલવે કર્મચારી સાથે ૭ ૨૦૧૮ ના રોજ લગ્ન થયા હતા બાદ લગ્ન જીવન ધોળા સમય બાદ પરણીતાને પતિ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતા હતા બાદ બંને પરિવારજનો દ્વારા સમાધાન પણ કરી પરણીતા પોતાના સાસરીયા પરત કરી હતી આમ છતાં પણ પતિ ન વાણી વ્યવહાર વર્તનમાં કોઈ પણ જાતનો ફેરફાર પરણેતા ફરી પોતાના પિયરેસ અમને ચાલી ગઈ હતી અને પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે અદાલતમાં ભરણપોષણ ની માંગ કરતી અરજી કરી હતી. ભરણ પોષણની અરજી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ પરણીતાના એડવોકેટ અમિત ગઢારા દ્વારા કરવામાં આવેલી લેખિત હોકી દલીલમાં હકીકત રેકર્ડ પર આવેલ છે, સાસરીયા પક્ષ પરણીતાને ને માનસિક દુખત્રાસ આપેલ હતો, તેથી ભરણપોષણ મેળવવા કાયદેસર હકદાર બને છે, પત્નીની વિના કારણે ત્યાગ કરેલ હોય તેથી કાયદાકીય જોગવાઈઓ મુજબ ભરણપોષણ આપવાની પતીની કાયદેસરની જવાબદારી બને છે. જે થી અરજદાર સામાવાળાની સમકક્ષ જીવન જીવી શકે તે માટે યોગ્ય ભરણપોષણની રકમ મંજૂર કરવા રજુઆતો કરવામા આવી હતી. પરણીતાના એડવોકેટ અમીત ગઢારાની દલીલો ગ્રાહ્ય રાખી ફેમીલીકોર્ટએ પરણીતાની અરજી મંજૂર કરી ભરણપોષણ પેટે પત્ની ને માસીક રકમ રૂ.૨૦ હજાર અરજીની તારીખ થી ચુકવી આપવી અને અરજીખર્ચના રૂ.૨૫૦૦ ચુકવવા તેવો હુકમ કર્યો છે. પુજાબેન ડાભી વતી એડવોકેટ તરીકે અમિત વી.ગઢારા, યશ વૈષ્ણવ રોકાયા હતા.



એડવોકેટ અમિત વી.ગઢારા

(પહેલા પાનાનું ચાલુ)

**અકસ્માત...**

ખસેડવામાં આવ્યા હતા.

સીટી બસના ચાલકે અકસ્માત સર્જી ત્રણ લોકોને જીવતા કચડી નાખતા સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ટોળાંએ આક્રોશમાં આવી બસ પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. ઉપરાંત ટોળાંને કારણે ચક્કાજામ જેવી પરિસ્થિતિ ઉદભવતા ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ દોડતી થઈ હતી અને થોડી વાર સુધી ઈન્દિરા સર્કલ સહિતનો ૧૫૦ ફૂટ રીંગ રોડ વિસ્તાર એમ્બ્યુલન્સના સાયરનથી દ્રવી ઉઠ્યો હતો. એમ્બ્યુલન્સ મારફત ઈજાગ્રસ્તોને સારવાર અર્થે જ્યારે મૃતકોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શિશુપાલસિંહ ઝાલા નામનો ડ્રાયવર વાહન ચલાવતો હતો અને અકસ્માતમાં તેણે પણ ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઉપરાંત સ્થાનિકોનો આક્ષેપ છે કે, ચાલક ચિક્કાર નશામાં હતો જેના લીધે તેણે અકસ્માત સર્જ્યો હતો. જ્યારે બીજી બાજુ ડ્રાયવરે ઈજાગ્રસ્ત હાલતમાં જણાવ્યું હતું કે, પોતે કોઈ નશામાં હતો નહિ પણ બ્રેક નહિ લાગતા અકસ્માત સર્જાયો હતો.

ઘટનાને પગલે આક્રોશમાં રહેલા ટોળાંએ વધુ બસોમાં તોડફોડ શરૂ કરતા પોલીસે ટોળાંને વિખેરવા હળવો લાઠીચાર્જ કર્યો હતો. બીજી બાજુ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી જે ચૌધરી સહિતના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઉપરાંત ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ પણ ઈન્દિરા સર્કલ ખાતે દોડી ગયા હતા.

**ટોળાંએ અકસ્માત સર્જનાર સહીત અનેક બસમાં તોડફોડ કરી : પોલીસનો વળતો લાઠીચાર્જ**

શહેરના ઈન્દિરા સર્કલ પાસે આજે સવારે સીટી બસે. વાહન ચાલકોને હડફેટે લેતા ત્રણ લોકોના મોત નીપજ્યા હતા. જેમાં બે થી વધુ લોકો ઘવાયા ની ઘટના પ્રકાશમાં આવતા રાહદારી અને વાહનચાલકોએ ચક્કાજામ કર્યા હતા. જેને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને અકસ્માતને પગલે લોકોએ આક્રોશ ચરમસીમાએ પહોંચતા ટોળા દ્વારા સાત થી આઠ સીટી બસમાં પથ્થરમારો કરી તોડફોડ ની ઘટના બનતા કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે બંદોબસ્તમાં રહેલી પોલીસે સમય સુચકતા વાપરી લાઠીચાર્જ કરી ટોળાને વિખેરીઓ હતા અને પોલીસે કાયદેસરની કાર્યવાહીની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

**ટ્રાફિક અવરનેશ...**

સર્જનાર તમામ ક્યાંક ને ક્યાંક ક્સૂરવાર હોય, મોટા અકસ્માત થાય ત્યારે સ્મશાન વૈરાગ્ય ન જેમ વાતો થાય છે પણ ટ્રાફિક નિયમોની અમલવારી ભુલાઈ જાય છે

**ચોમાસું...**

વરસાદ ૧૦૮ ટકા રહ્યો હતો. સ્કાયમેટે ૨૦૨૩માં ૯૪ ટકા વરસાદની આગાહી કરી હતી અને વરસાદ પણ એટલો જ હતો. આઈએમડીએ ૯૬ ટકા વરસાદની આગાહી કરી હતી. ૨૦૨૧માં,આઈએમડી એ ૯૮ ટકા વરસાદની આગાહી કરી હતી, પરંતુ વરસાદ ૯૯ ટકા પડયો.

આગામી ચોમાસા અંગે આઈએમડીએ તેની પ્રથમ આગાહી કરતી વખતે જણાવ્યું હતું કે, આ વર્ષે સમગ્ર દેશમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસામાં 'સામાન્યથી વધુ' વરસાદ પડવાની શક્યતા છે.

ખેતીવાડી કામગીરી માટે સારા મોસમી વરસાદની આગાહી મહત્વપૂર્ણ છે, કારણ કે તે ખરીફ (ઉનાળામાં વાવેલા) પાકોના વાવેતર વિસ્તારમાં વધારો કરવા પર સીધી અસર કરે છે અને સારા કૃષિ ઉત્પાદન તરફ દોરી જાય છે. આ બદલામાં, ગ્રામીણ અર્થતંત્રને વેગ આપે છે અને આખરે દેશના એકંદર અર્થતંત્રમાં ફાળો આપે છે, જ્યાં મોટાભાગના કાર્યબળ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ પર આધાર રાખે છે.

આગાહી સૂચવે છે કે આ વર્ષે દક્ષિણપશ્ચિમ (ઉનાળા) ચોમાસાનો મોસમી વરસાદ 'સામાન્યથી વધુ' શ્રેણીમાં રહેવાની પ્રબળ સંભાવના છે.

જોકે ઉત્તરપૂર્વ ભારત, તમિલનાડુ અને બિહારના કેટલાક ભાગોમાં 'સામાન્યથી ઓછો' વરસાદ પડવાની સંભાવના છે, દેશના મોટાભાગના અન્ય ભાગો, જેમાં 'ચોમાસાના મુખ્ય ક્ષેત્ર'નો સમાવેશ થાય છે જ્યાં ખેડૂતો ખેતીવાડી કામગીરી માટે મોસમી વરસાદ પર આધાર રાખે છે, ત્યાં 'સામાન્યથી વધુ' વરસાદ પડી શકે છે.

જો આગાહી સાચી પડે છે, તો આ સતત બીજા વર્ષે 'સામાન્યથી વધુ' ચોમાસાનો વરસાદ થશે. રેકોર્ડ દર્શાવે છે કે હવામાન વિભાગની આગાહી વાસ્તવિક વરસાદની ખૂબ નજીક છે અને છેલ્લા ચાર વર્ષમાં ભૂલનું માર્જિન નોંધપાત્ર રીતે ઘટ્યું છે.

ભારતમાં ચોમાસાના વરસાદને પ્રભાવિત કરતા ત્રણ વૈશ્વિક પરિબળોમાંથી બે - અલ નિનો-સધર્ન ઓસિલેશન અને હિંદ મહાસાગર ડાયપોલ - હાલમાં તટસ્થ છે અને ચોમાસાની ઋતુ દરમિયાન આ રીતે ચાલુ રહેવાની સંભાવના છે જ્યારે એક (બરફ આવરણ) આ વર્ષે વરસાદ પર સકારાત્મક અસર કરશે.

ઉત્તરીય ગોળાર્ધ તેમજ યુરેશિયા પર શિયાળો અને વસંત બરફ આવરણનો વિસ્તાર સામાન્ય કરતા ઓછો છે અને તે ઉનાળાના ચોમાસાના વિપરીત પ્રમાણસર છે. તેનો અર્થ એ કે આ સ્થિતિ ભારતમાં મોસમી વરસાદને અનુકૂળ રહેશે.

**છત્તિસગઢ...**

પછી એકે-૪૭ રાઈફલ સહિત અન્ય હથિયારો, દારૂગોળો અને નક્સલી સામગ્રી પણ જપ્ત કરી છે.

કોંડાગાંવ ડીઆરજી અને બસ્તર ફાઈટર્સની સંયુક્ત ટીમે આ કામગીરી હાથ ધરી હતી. આ વિસ્તારમાં નક્સલી ગતિવિધિઓની અહેવાલો બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સુરક્ષા દળો વિસ્તારમાં પ્રવેશતાની સાથે જ નક્સલીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો. જવાબી કાર્યવાહીમાં, સુરક્ષા દળોએ બંને નક્સલી કમાન્ડરોને ઠાર માર્યા છે.સુરક્ષા દળોએ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન પણ શરૂ કર્યું છે.

**નેશનલ હેરાલ્ડ કેસ..**

ઈડીએ નાણાકીય વ્યવહારો અને અન્ય પુરાવાઓ રજૂ કર્યા છે. આ ઉપરાંત ઈડીએ એજેએલની ૭૫૦ કરોડની મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી છે, જેમાં મુંબઈ, દિલ્હી અને લખનૌની જમીન અને ઈમારતોનો સમાવેશ થાય છે.

સ્પેશિયલ કોર્ટે ૨૫ એપ્રિલે આ ચાર્જશીટ પર સુનાવણી નક્કી કરી છે. આ સુનાવણીમાં કોર્ટ નક્કી કરશે કે આ કેસમાં આગળ શું કાર્યવાહી કરવી. હાલમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જામીન પર છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**કોંગ્રેસ...**

કરાવ્યો હતો. સાથે સાથે કોંગ્રેસના ૧૨૦૦ થી વધુ કાર્યકરો સાથે સંગઠન લક્ષી ચર્ચા કરી હતી.

માત્ર છ દિવસના ટૂંકા વિરામ બાદ કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી ગઈકાલથી ફરી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ગઈકાલે તેઓએ પાલડી સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે નીરીક્ષકો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. એ આઈસીસીના નિરીક્ષકોને જીલ્લાની ફાળવણી કરી દેવામાં આવી છે. આગામી ૨૩ એપ્રિલથી ૮ મે સુધીના સમય ગાળામાં નીરીક્ષકોની ટીમ અલગ અલગ જિલ્લાઓમાં પ્રવાસ ખેડશે. જિલ્લા પ્રમુખની વરણી માટે જે તે જિલ્લાના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અને પક્ષના સંનિષ્ઠ કાર્યકરોના અભિપ્રાય લેવામાં આવશે. સામાજીક અને ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા કે શહેર અધ્યક્ષના નામો નક્કી કરવામાં આવશે. જિલ્લા કે શહેર પ્રમુખ માટે છ-છ દાવેદારોના નામની મજબૂત પેનલ બનાવી નિરીક્ષકો એઆઈસીસીને મોકલવાની રહેશે. ૪૫ દિવસમાં સંગઠન માળખાની રચના કરી દેવામાં આવશે. તમામ કાર્યક્રમ નક્કી કરી દેવામાં આવ્યા છે. ૩૧ મે સુધીમાં જિલ્લા અને શહેરના પ્રમુખના નામ જાહેર કરી દેવામાં આવશે.

મારો તે સારો નહીં પરંતુ સારો તે મારો તે મુજબ સંગઠન સરચનાની કામગીરી કરવામાં આવશે. સૌથી સક્ષમ વ્યક્તિને જિલ્લાના પ્રમુખ બનાવવામાં આવશે. એઆઈસીસી નિરીક્ષકોને જિલ્લાની ફાળવણી કરી દેવામાં આવી છે. પ્રદેશના નિરીક્ષકો ક્યાં જિલ્લામાં જશે તેનો નિર્ણય પ્રભારી નક્કી કરશે.

પ્રદેશ સમિતિ દ્વારા છ-છ નામોની પેનલ પર ઉંડાણપૂર્વકની ચર્ચા કર્યા બાદ જિલ્લા કે શહેર પ્રમુખ નક્કી કરવામાં આવશે.

નિરીક્ષકોએ પણ પોતાને મૂંઝવતા પ્રશ્નો અંગે રાહુલ ગાંધી પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

નિરીક્ષકો સાથેની બેઠક પૂર્ણ કર્યા બાદ રાહુલ ગાંધીએ અમદાવાદમાં સર્કિટ હાઉસ ખાતે પ્રદેશ કોંગ્રેસની કોર્ડિનેશન કમિટીની બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં કે.સી. વેણુ ગોપાલ અને મુકુલ વાસનીક સહીત કોંગ્રેસના પ્રદેશના તમામ મોટા નેતાઓ સામેલ થયા હતા.

રાહુલ ગાંધીએ એવો સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે આપણે અંદરો અંદર લડવાનું નથી. ભાજપ સામે લડવાનું ગુજરાત વિધાન સભાની ૨૦૨૭ માં યોજનારી સામાન્ય ચૂંટણીમાં ભાજપને હરાવવા માટે કોંગ્રેસના નેતાઓને ખાસ ટાસ્ક આપવામાં આવશે. કોંગ્રેસની કોર્ડિનેશન કમિટીની બેઠકમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ સુચના આપી હતી કે હવે કોંગ્રેસમાં તમામ મોટા નેતાઓનું જવાબદારી ફિક્સ કરીને કામગીરી સોંપવામાં આવશે.

યોગ્ય કામગીરી કરનાર નેતાઓને જ પક્ષમાં પ્રમોશન આપવામાં આવશે. યોગ્ય જવાબદારી નહીં નિભાવનારા નેતાઓને પક્ષમાં કોઈ હોદાની ફાળવણી કરવામાં આવશે નહીં. માત્ર ચૂંટણી વખતે જ સક્રિય થતા નેતાઓને કોંગ્રેસ દ્વારા ટિકિટની ફાળવણી કરવામાં આવશે નહીં. લોકોની વચ્ચે રહેનારા કાર્યકર કે નેતાને જ ઉમેદવાર જાહેર કરવામાં આવશે આટલું જ નહીં તો ૨૦૨૭માં ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો જિલ્લા પ્રમુખ તરીકે સારી કામગીરી કરનારને સરકારમાં મંત્રી બનાવવામાં આવશે.

દેશભરમાં કોંગ્રેસ દ્વારા સંગઠનમાં પરિવર્તન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પાયલોટ પ્રોજેક્ટ સમા સંગઠન સર્જન અભિયાનનો આજે ગુજરાતના મોડાસાથી રાહુલ ગાંધીએ આરંભ કરાવ્યો હતો. તેઓએ આજે ૧૨૦૦ થી વધુ કાર્યકરો સાથે સંગઠન લક્ષી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અત્યાર સુધી કોંગ્રેસમાં સંગઠનને ખુબ જ ઓછું મહત્વ આપવામાં આવતું હતું. પરંતુ હવે સત્તાની ખુરશી હાંસલ કરવા કોંગ્રેસ સંગઠનને મહત્વ આપી રહી છે. આગામી ૩૧મી મે સુધીમાં કોંગ્રેસ દ્વારા ગુજરાતના તમામ જિલ્લા અને શહેરના પ્રમુખોના નામ જાહેર કરી દેવામાં આવશે.

**પાણી પીવા...**

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૬૧.૯૫ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૪.૯૫ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

જ્યારે ૨૧ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાથી વધુ, ૨૭ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૬૭ જળાશયો એવા છે જેમાં ૨૫ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમમાં ૨,૫૦૫, વણાકબોરી ડેમમાં ૩,૭૦૦ તેમજ કડાણા ડેમમાં ૧,૭૪૨ ક્યુસેક પાણીની આવક ચાલુ છે. ઉનાળા દરમિયાન રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવશે.

## રોટરી કલબ ઓફ રાજકોટ આયોજીત ઓપન ગુજરાત ચેસ ચેમ્પિયનશીપ સંપન્ન

### વિજેતાઓને રૂ.૫૧,૦૦૦ ના ઈનામો આપી નવાજાયા



**અબતક, રાજકોટ**

રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા એસ.એ.જી. કોમ્પલેક્ષ, રાજકોટ ખાતે ભવ્ય અને સફળ રીતે ઓપન ગુજરાત ચેસ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કુલ ખેલાડીઓએ ગુજરાતભરના વિવિધ શહેરો અને જિલ્લામાંથી ભાગ લીધો હતો. સાત શ્રેણીઓના વિજેતાઓને ટ્રોફી અને કુલ ૫૧,૦૦૦ રુપિયા ની ઈનામી રકમ આપવામાં આવી.

આ ટુર્નામેન્ટ દરમિયાન અંડર-૭, ૯, ૧૧ કેટેગરી માટે ડિસ્ટ્રિક્ટ સિલેક્શન ટુર્નામેન્ટનું આયોજન રાજકોટ ડિસ્ટ્રિક્ટ ચેસ એસોસિએશનના સહયોગથી કરવામાં આવ્યું હતું. ઓપન ગુજરાત સ્પર્ધામાં મન અકબરી, કિશન ભુવા, મનિષકુમાર હર્ષવી કાપડીયા, ધર્મરાજ સરવૈયા, અચ્યુત વસડા, ક્રિશ ચુચક તથા ડિસ્ટ્રિક્ટ સિલેક્શનમાં જિયાન પેથાણી, વંશ કક્કડ, કિયાન પટેલ, સાન્વી ચૌહાણ, પર્ણિકા ડઢાણીયા અને વેદાંગી સિંહ વિજેતા બન્યા હતા.

આ કાર્યક્રમના ચેરમેન સી.એ. પરિન પટેલ હતા તેમણે ખેલાડીઓ, વાલીઓ, વૉલન્ટીયર્સ અને તમામ સહયોગી પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## લોધીકા: રાવકી ગામે કારખાનાની ઓરડીમાં શ્રમિકનો આપઘાત


### જસદણના ગઢડિયા ગામે એકલતાથી કંટાળી યુવાને જીવાદોરી ટૂંકાવી

**અબતક રાજકોટ**

રાજકોટ પંથકમાં ગળે ફાંસો ખાઈ આપઘાતના બે બનાવો નોંધાયા છે આ અંગે પ્રાપ્ત વિગતોમુજબ લોધીકા તાલુકાના રાવકી ગામે ચેતના ઈન્ડસ્ટ્રીઝ માં કામ કરતો અને કારખાના ની ઓરડીમાં જ રહેતા મૂળ ઉત્તર પ્રદેશના અમન કુમાર દિનેશ કુમાર ગૌતમ(૨૨) તે ગઈકાલે બપોરે ઓરડીમાં જ ગળે ફાંસો ખાઈ લેતા મૃત હાલતમાં સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.અપરિણત યુવક અમન કુમારે આ પગલું શા માટે ભર્યું? તે અંગે લોધીકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ, વિપુલ ગુજરાતીએ તપાસ હાથ ધરી છે ગળે ફાંસો ખાય જીવાદોરી ટૂંકાવવાના અન્ય બનાવમાં જસદણના ગઢડીયા ગામે રહેતા અને એકલવાયું જીવન જીવતા કાળુભાઈ છગનભાઈ ઝીંઝુવાડીયા (૩૪) એ પોતાના ઘરે ફાંસો ખાઈ લે જીવા દોરી ટૂંકાવી લીધી હતી પ્રાથમિક તપાસમાં મરનાર કાળુભાઈ અપરણિત હોય એકલવાયું જીવનને બિમારીથી કંટાળી આ પગલું ભરી લીધું હોવાનું જસદણ એએસઆઈ એંચળી ચૌધરી ની પ્રાથમિક તપાસમાં કારણ જાણવા મળ્યું છે

## દુઃખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**ગોંડલ :** અશ્વિનભાઈ દયાશંકર ત્રિવેદી (બટુકભાઈ, પુજારી માઁ લક્ષ્મી મંદિર) તે પ્રજ્ઞાબેનના પતિ તથા સરોજબેન, જ્યોતિબેન, ડોલરબેન, જીતેન્દ્રભાઈ, સુધાબેન મુકેશભાઈના ભાઈ તથા હેતલબેન, મિતેષભાઈ, નિશાબેનના પિતા કૌશલભાઈ, કિશનભાઈ, બંસી, જય, જીલના મોટા બાપુજી તા.૧૪/૪/૨૦૨૫ ના રોજ અવસાન પામેલ છે. બેસણું તા.૧૭/૦૪/૨૦૨૫ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ બેનાણી વાડી, નાની બજાર, વચલી શેરી ગોંડલ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** દશા સોરઠીયા વણિક જેતપુર નિવાસી હાલ રાજકોટ કુસુમબેન (ઉ.વ.૬૮) તે મહેન્દ્રભાઈ ગોરધનદાસ ધ્રુવના પત્ની, તુષાર, ભુમિના માતા, જલ્પાના સાસુ, ભવ્યાના દાદી તે મહેન્દ્રભાઈ વસ્તાણી (ઉપલેટા)ના બહેન, ભુપતભાઈ, જશવંતભાઈ, મંજુબેન, સરોજબેનના નાના ભાઈના પત્ની, પ્રકાશભાઈ, કિરણબેન, સાધનાબેનના ભાભીનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૭ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન માલવીયા વાડી, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**થાનગઢ:** થાનગઢ નિવાસી, હાલ રાજકોટ, સ્વ. સનતકુમાર લક્ષ્મીશંકર રાવલ (એઆઈસી), (ઉ. વર્ષ ૬૪) તે ગં. શોભનાબહેન સનત કુમાર રાવલના પતિ, હેતલ, બ્રિન્દા, મિહિરના પિતા, સારિકા મિહિર રાવલના સસરા, શ્રેયા મિહિર રાવલના દાદા, નિશા હર્ષલ સેવકના પિતા, હીર હર્ષલ સેવકના નાના, સ્વ. કિશોરચંદ્ર રાવલ તેમજ પ્રદ્યુમનભાઈ રાવલ, સ્વ. અનિરુદ્ધભાઈ રાવલના ભાઈનું સોમવાર ને તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. જેમની પ્રાર્થનાસભા તા. ૧૭ ને ગુરુવારના સાંજે ૫ થી ૬-૩૦ કલાકે પુતળી બા ઉદ્યોગ મંદિર હોલ, ગીતા મંદિર સામે, ભક્તિનગર સર્કલ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

## ડીલે જસ્ટિસ, ડીનાઈડ જસ્ટિસ!!

# ન્યાય તોળવામાં ગુજરાત સાત ક્રમ નીચે ઉતર્યું!!!

### કાનૂની સહાય પુરી પાડવામાં પણ રાજ્ય ત્રીજા ક્રમેથી ૧૩માં ક્રમે ધકેલાયુ

**અબતક, રાજકોટ**

ન્યાય પહોંચાડવામાં ટોચના ચાર રાજ્યોમાં સ્થાન મેળવનાર ગુજરાત ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ (આઈજેઆર) રેન્કિંગમાં ૧૧મા ક્રમે સરકી ગયું છે. મંગળવારે પ્રકાશિત થયેલા આ અહેવાલમાં ચિંતાજનક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. કોર્ટરૂમમાં સ્ટાફનો અભાવ, કાનૂની સહાયનો ઓછો ઉપયોગ અને અનામત ક્વોટા પૂરા નહિ થવાના લીધે ગુજરાત ન્યાય તોળવામાં સાત ક્રમ નીચે સરકી ગયું છે. કાનૂની સહાય પર રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ ખર્ચ કરવા છતાં રાજ્ય પહોંચ સાથે સંઘર્ષ કરી રહ્યું છે. રાજ્ય તેની ઉચ્ચ અદાલતમાં વધુ મહિલા ન્યાયાધીશો માટે અલગ છે.

આ અહેવાલ છ વર્ષમાં ચોથો આવો અભ્યાસ ટાટા ટ્રસ્ટ્સ દ્વારા સરકારી ડેટાનો ઉપયોગ કરીને સંકલિત કરવામાં આવ્યો છે. જે ચાર મુખ્ય સ્તંભો પર આધારિત હોય છે. જેમાં પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાયમાં ન્યાયની પહોંચ પૂરી પાડવામાં રાજ્યો કેટલું સારું પ્રદર્શન કરે છે તેનું મૂલ્યાંકન કરે છે. પ્રથમ વખત, તેમાં રાજ્યમાં ન્યાય વિતરણનું મૂલ્યાંકન કરવા માટે રાજ્ય માનવ અધિકાર આયોગ કેવી રીતે કાર્ય કરે છે તેની પણ વિચારણા કરવામાં આવી.

ગુજરાતનો સૌથી મોટો આંચકો ન્યાયતંત્ર ક્ષેત્રે હતો. રાજ્ય હવે ન્યાયિક કામગીરીમાં ૧૮ મધ્યમ અને મોટા રાજ્યોમાંથી ૧૪મા ક્રમે છે, જે ૨૦૨૨માં ૯મા ક્રમે હતું. દેશમાં હાઈકોર્ટના ન્યાયાધીશોની સૌથી વધુ જગ્યાઓ ખાલી છે, જેમાં ૩૮.૫% ની અછત છે - જે રાષ્ટ્રીય સરેરાશ ૩૨.૭% કરતા પણ ખરાબ છે.

નીચલી અદાલતોમાં પણ ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ વધીને ૩૧.૧% થઈ ગઈ છે. તેનો અર્થ એ કે ગુજરાતમાં દર ૬૧,૭૯૫ લોકો માટે એક ગૌણ અદાલતના ન્યાયાધીશ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૬૯,૦૧૭ કરતા થોડો સારો છે પરંતુ વધતી જતી અછત ચિંતાનો વિષય છે.

> **ન્યાયિક કર્મચારીઓના રહેણાંકમાં પણ ૨૦.૯%ની અછત**
>
> માળખાગત સુવિધાઓની દ્રષ્ટિએ, ગુજરાતમાં કોર્ટરૂમમાં ૧૨.૩% અને ન્યાયિક કર્મચારીઓ માટે રહેણાંક ક્વાર્ટરમાં ૨૦.૯% ની અછત છે. તેનો ન્યાય વિકાસ બજેટ ઉપયોગ ૬૦% થી નીચે છે, જે કોર્ટ માળખાગત સુવિધાઓ અને સેવાઓ સુધારવા માટે ફાળવવામાં આવેલા ભંડોળનો ઓછો ઉપયોગ સૂચવે છે.

તેવી જ રીતે કાનૂની સહાય પૂરી પાડવામાં રાજ્ય ત્રીજા ક્રમથી નીચે ૧૩મા ક્રમે આવી ગયું છે. એકંદર ન્યાય વિતરણમાં કર્ણાટક ૧૮ રાજ્યોમાં ટોચ પર છે.

ગુજરાતે તેની હાઈકોર્ટમાં મહિલા ન્યાયાધીશોની નિમણૂકમાં પ્રગતિ કરી છે. રાષ્ટ્રીય સરેરાશ ૧૪% ની સરખામણીમાં ૨૫% છે. તેની ગૌણ ન્યાયતંત્રમાં ફક્ત ૨૦% મહિલા ન્યાયાધીશો છે. જે ૩૮% રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણી ઓછી છે. રાજ્ય તેના અનામત ક્વોટાને પૂર્ણ કરવામાં પણ નિષ્ફળ ગયું છે. ૨૦૨૨ થી, ન્યાયતંત્રમાં અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોમાંથી માત્ર ૨% બેઠકો ભરવામાં આવી છે, જ્યારે અનુસૂચિત જાતિના પદો લગભગ ૯૭% પર પૂર્ણ થયા છે. ઓબીસી પ્રતિનિધિત્વ પણ અપેક્ષાઓ કરતાં ઓછું છે. અદાલતોમાં સ્ટાફની અછત લગભગ બમણી થઈ ગઈ છે, જેમાં ૪૭% ની અછત છે.

કાનૂની સહાય એ એક બીજું ક્ષેત્ર છે જ્યાં ગુજરાત નીચે ગયું છે. એક સમયે ત્રીજા ક્રમે હતું, તે હવે ૧૮ રાજ્યોમાં ૧૩મા ક્રમે છે. રાજ્યએ ૨૦૨૨-૨૩માં તેના કાનૂની સહાય બજેટના ૮૭% યોગદાન આપ્યું હોવા છતાં, ફક્ત ૭૮% જ ઉપયોગમાં લેવાયું હતું.

# અમરેલી: પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ બનાવવા રૂ.૩૫.૧૦ લાખની ચુકવણી

## પ્રાકૃતિક કૃષિના ૨૬૦ જેટલા ફાર્મ તૈયાર કરાયા: આત્મા પ્રોજેક્ટ નિયામક મહેશ ઝીંડે

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રાકૃતિક કૃષિના ૨૬૦ મોડલ ફાર્મ બની ચૂક્યા છે, પ્રાકૃતિક ખેતીના આધાર સ્તંભોને અનુસરીને બનેલા આ મોડલ ફાર્મ એક રીતે પ્રાકૃતિક કૃષિના પ્રેરણાધામ પણ બન્યા છે.

પ્રાકૃતિક ખેતીના આદર્શોને કેન્દ્રમાં રાખી પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે.અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા વિવિધ ખેડૂતોને આ મોડલ ફાર્મની વખતોવખત વિઝીટ કરાવવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી ન કરતા હોય તેવા ખેડૂતોને પણ આ રીતે પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.આ સંદર્ભે આત્મા પ્રોજેકટ અમરેલી જિલ્લા નાયબ નિયામક મહેશ ઝીંડે કહે છે કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સતત વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.


ખાસ કરીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પ્રત્યક્ષ લાભોની જાણકારી મળી રહે અને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરણા મળે તે માટે જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના આ મોડલ ફાર્મની વિઝીટ કરાવવામાં આવે છે. આ દરમિયાન પ્રાકૃતિક કૃષિ વિશેના ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું પણ સમાધાન મળે છે. અમરેલી જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિ અભિયાન તેજીથી આગળ વધી રહ્યું છે અને હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પેદાશો થકી ઘણી સારી આવક પણ મેળવી રહ્યાં છે.મોડલ ફાર્મનો દરજ્જો પ્રાકૃતિક કૃષિના આધાર સ્તંભ છે તેવા જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, બીજામૃત, મિશ્ર પાક પદ્ધતિ સહિત પ્રાકૃતિક કૃષિ માપદંડો પર ખરાં ઉતરે ઉપરાંત પ્રાકૃતિક કૃષિ ગાય આધારિત ખેતી હોવાથી ખેડૂતો ગાયોનું પાલન પોષણ કરતા હોય એટલે કે જે ખેડૂતો ગાય રાખતા હોય તેમના તેમના ફાર્મને મોડેલ ફાર્મ જાહેર કરવામાં આવે છે. જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા દ્વારા પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે જરુરી માર્ગદર્શન આપવાની સાથે ફિલ્ડ વિઝીટ પણ કરવામાં આવે છે.

પ્રાકૃતિક મોડેલ ફાર્મ બનાવવા રુ.૩૫.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

ગુજરાત સરકાર પ્રાકૃતિક ખેતીના મોડલ ફાર્મ વિકસાવવા માટે ખેડૂતોને રુ.૧૩,૫૦૦ની સહાય પણ આપવામાં આવી રહી છે, આ સહાય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ઘન જીવામૃત બનાવવા માટે પાકુ સ્ટ્રક્ચર બેરલ ડોલ વગેરે ખરીદવા માટે આપવામાં આવે છે.અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૨૬૦ મોડલ ફાર્મ તૈયાર થઈ ચૂક્યા છે એટલે ૨૬૦ ખેડૂતોને રુ.૩૫.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને આત્મા પ્રોજેક્ટની ટીમ દ્વારા જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન સતત આપવામાં આવી રહ્યું છે.

# દેસાઈ પરિવારમાં માતૃ શોક: સિનિયર ધારાશાસ્ત્રી અનિલભાઈ દેસાઈના માતૃશ્રીનું નિધન

## સ્વ. કાંતાબેન દેસાઈની અંતિમ યાત્રામાં વિવિધ રાજકિય,સામાજિક અને સેવાકીય સહિત વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ અશ્રુભીની આંખે જોડાયા: શ્રધ્ધાંજલી અર્પણ



**અબતક, રાજકોટ**

મુળ જેતપુર અને હાલ રાજકોટ નિવાસી સ્વ. રમણીકલાલ અંબાવીદાસભાઈ દેસાઈના ધર્મપત્નિ શ્રીમતી કાંતાબેન રમણીકલાલ દેસાઈ (ઉ.વ. ૯૮) તે નલિનભાઈ (સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા), ડો.કિશોરભાઈ (સિનિયર બાળરોગ નિષ્ણાંત), દિલીપભાઈ (સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા) તથા અનિલભાઈ (સીનિયર એડવોકેટ) તથા શ્રીમતી હંસાબેન એશ્વર્યકુમાર દાસના માતૃશ્રી તેમજ ધરતિ, ત્વિરવ, કૃતિ, ક્રિષ્ના, રાજન, કુરુંગી, મલયના દાદીમાં અને અવલોકીતા તથા દેવાંશીના નાનીમાનું તા. ૧૫ ને મંગળવારના રોજ અવસાન થયું છે. મુળ જેતપુર હાલ રાજકોટના પ્રતિષ્ઠીત દેસાઈ કુટુંબના મોભી શ્રીમતી કાંતાબેન રમણીકલાલ દેસાઈ ખુબ જ ધાર્મીક અને પ્રેમાળ સ્વભાવના હતા. તેમણે પરિવારને હંમેશા પ્રેમ અને ધાર્મીક સંસ્કારોથી સીંચ્યો હતો, તેમના નિધનથી પરિવારને મોટી ખોટ પડેલ છે. આજે સવારે તેમના નિવાસ સ્થાન પંચનાથ પ્લોટ ખાતે રાજકોટના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, જાહેર જીવનના મોભીઓ, ડોકટરો, વકીલો, ઉદ્યોગપતિઓ અને સમાજના શ્રેષ્ઠીઓએ સ્વ.ને પુષ્પાંજલી અર્પણ કરી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

> **કાલે સવારે પારસ હોલ ખાતે ઉઠમણુ - પ્રાર્થનાસભા**
>
> **સદગતનું ઉઠમણું તા.૧૭ ને ગુરૂવાર સવારે ૧૦ થી ૧૧ અને પ્રાર્થનાસભા સવારે ૧૧ થી ૧૨ પારસ સોસાયટી કોમ્યુનિટી હોલ, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.એડવોકેટ અનિલ આર. દેસાઈના મો.નં. ૯૮૨૪૦ ૪૩૭૮૯ છે.**

# સુરેન્દ્રનગર: ભોગાવો રીવરફ્રન્ટ રોડ પર અનુ.જાતિના રહિશોએ કર્યો ચક્કાજામ

## નવું ફાયર સ્ટેશનની કામગીરી દરમિયાન અનુ.જાતિના સ્મશાનનો મુખ્ય રસ્તો દબાઈ જતા રોષ: યોગ્ય ઉકેલ નહિં આવે તો કલેકટર કચેરીના પટાંગણમાં અંતિમ વિધિ કરવાની ચીમકી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર ભોગાવો રીવરફ્રન્ટ રોડ પર મનપા તંત્ર દ્વારા કરોડોના ખર્ચે ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી ચાલી રહી છે પરંતુ આ કામગીરી દરમ્યાન આ વિસ્તારમાં આવેલ અનુ.જાતિના સ્મશાનનો મુખ્ય રસ્તો બંધ થઈ જતા છેલ્લા ઘણા દિવસોથી અનુ.જાતિ સમાજ દ્વારા રજુઆત અને વિરોધ કરવામાં આવી રહ્યો છે પરંતુ તેમ છતાંય કોઈ જ ઉકેલ ન આવતા રીવરફ્રન્ટ રોડ પર ચક્કાજામ સાથે સાથે અનોખી રીતે વિરોધ કરી તંત્ર સામે રોષ દાખવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ મનપા તંત્ર દ્વારા અંદાજે ૬.૬૭ કરોડના ખર્ચે ભોગાવો રીવરફ્રન્ટ રોડપર અતિ આધુનિક ફાયર સ્ટેશનની કામગીરીના ખાતમુર્હુત બાદ હાલ કામગીરી શરૂ કરવામાં આવી છે પરંતુ નવા ફાયર સ્ટેશનની કામગીરી દરમ્યાન આ વિસ્તારમાં આવેલ અનુ.જાતિના સ્મશાનનો મુખ્ય દરવાજો અને રસ્તો દબાઈ જતા આસપાસના વિસ્તારમાં રહેતા અનુ.જાતિ સમાજના લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જે અંગે થોડા દિવસો પહેલા જીલ્લા કલેકટર સહિત મનપા કચેરી ખાતે રજુઆતો સાથે વિરોધ કરવામાં આવ્યો હતો અને ફાયર સ્ટેશન અન્ય જગ્યાએ બનાવવામાં આવે અથવા તો સ્મશાનનો મુખ્ય રસ્તો ખુલ્લો કરી દેવામાં આવે તેવી માંગ કરી હતી. પરંતુ તંત્ર દ્વારા આ મામલે કોઈ જ ગંભીરતા દાખવી નહોતી અને કાર્યવાહી ન કરાતા ફરી રોષે ભરાયેલા અનુ.જાતિના રહિશો, મહિલાઓ, યુવાનો સહિતનાઓએ રીવરફ્રન્ટ રોડ પર બેસી ચક્કાજામ કર્યો હતો.

જીવતા માણસ સાથે નનામી કાઢતા આસપાસથી પસાર થઈ રહેલા વાહનચાલકો સહિત લોકોને પણ અચરજ થયું હતું. તેમજ ભોગાવો રીવરફ્રન્ટ રોડ પરથી જીલ્લા કલેકટર કચેરી ખાતે પ્રતિક રૂપે નનામી સાથે વિરોધ કરવા અનુ.જાતિના લોકો સહિત મહિલાઓ જઈ રહ્યાં હતાં તે દરમ્યાન એ-ડિવીઝન પોલીસે રસ્તા પર જ લોકોને સમજાવ્યા હતા અને નનામી સાઈડમાં લઈ લીધા બાદ કલેકટર કચેરી ખાતે નનામી વગર જ રજૂઆત કરવામાં હતી.

# ભચાઉના બૂટલેગર ‘મામા’ના દબાણ પર બુલડોઝર ફરી વળ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



પૂર્વ કચ્છમાં રીઢા બૂટલેગરો અને અસામાજિક તત્વોના ગેરકાયદે દબાણો સામે તંત્રનુ ઓપરેશન બુલડોઝર પૂરજોશમાં ચાલે છે. ગતરોજ ભચાઉના દરબારગઢમાં રહેતા કથિત બુટલેગર અશોકસિંહ બાલુભા જાડેજા ઉર્ફે ‘મામા’ના દબાણ પર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મામાએ પોતાની પત્નીના નામે રહેણાંક મકાનમાં તંત્રની મંજૂરી વગર ગેરકાયદે બાંધકામ કર્યું હોવાનું બહાર આવ્યું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલે વિગતોની પુષ્ટિ કર્યા બાદ, ભચાઉ પોલીસ અને વિસ્તાર વિકાસ મંડળના સહયોગથી ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેકટર એ.એ. જાડેજાની આગેવાનીમાં સમગ્ર દબાણ દૂર કરાયું.

# ઉના: સોમેશ્વર મહાદેવના સાનિધ્યમાં શિવમહાપુરાણ સપ્તાહનું આયોજન

## સોમેશ્વર મહાદેવ મંદિરની સ્થાપનાને ૩ વર્ષ પૂર્ણ થતાં સ્વાપના દિનની ઉજવણી સાથે ‘શિવનામ’ નો જય જય કાર ગુંજી ઉઠશે




**અબતક, રાજકોટ**

ઉના તાલુકાના દેલવાડા ગામે શ્યામ નગર ખાતે આવેલા સોમેશ્વર મહાદેવ મંદિર સ્થાપના ને ત્રણ વર્ષ પુર્ણ થતા હોય આ પ્રસંગે સોમેશ્વર યુવક મંડળ સોમેશ્વર મહિલા ધુન મંડળ રામદેવજી મહારાજ યુવક મંડળ શ્રી સિતારામ ગૃપ તથા સમસ્ત દેલવાડા શ્યામ નગર હિન્દુ સમાજ દ્વારા સોમેશ્વર મહાદેવ મંદિરના સ્થાપના દિનની ભવ્ય રીતે ઉજવણી કરવાનુ નક્કી કર્યું છે આગામી તારીખ ૩/૫ થી ૧૧/૫/૨૦૨૫ સુધી શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ સપ્તાહ તથા તારીખ ૧૨/૫/૨૦૨૫ ના રોજ પાટોત્સવ યજ્ઞ રાખવા આવેલ છે આ સપ્તાહ દરમિયાન પોથીયાત્રા પોથી પુજન શિવ વિવાહ ચંડમુડ સહિતા સહિત દરરોજ રાત્રે વિવિધ ધુન મંડળની ધુન રમઝટ તથા ભજન કીર્તન મંડળોના કીર્તન રાસ ગરબા સંતવાણી ડાયરાનુ અનેરુ આયોજન કરવામાં આવ્યું છે શ્રી શિવપુરાણ સપ્તાહ આંતરરાષ્ટ્રીય વક્તા કાળુબાપુ અમદાવાદ વાળાની અમૃત વાણીના વ્યાસાસને રાખવામા આવેલ છે તથા સપ્તાહ દરમિયાન દરરોજ ભોજન પ્રસાદનુ અનેરુ આયોજન પણ રાખવામાં આવ્યું છે તથા તારીખ ૧૨/૫/૨૦૨૫ ના રોજ પાટોત્સવ યજ્ઞમાં બીડા હોમ બાદ રાત્રે ગુજરાતના ખ્યાતનામ ભજન આરાધકો અને સાહિત્ય કલાકારોના ભવ્ય સંતવાણી ડાયરાનુ આયોજન કરાયું છે દેલવાડા ગામના શ્યામ નગર ખાતે આ શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ સપ્તાહ તથા પાટોત્સવના આ અનેરા આયોજન મા રાધે ક્રિષ્ના ગૌ મંદિર તથા જય જળદેવી ગરબી મંડળ દ્વારા પણ સહયોગ આપવામાં આવી રહ્યો છે સાથે સાથે સોમેશ્વર મહાદેવ મંદિર સંચાલન સમિતિ એ આ દિવ્ય પ્રસંગે બાર દ્વાદશ જ્યોતિર્લિંગ પ્રદર્શન નુ પણ અનોખુ આયોજન કરેલ હોય સમસ્ત હિન્દુ સમાજ ને આ શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ સપ્તાહ તથા પાટોત્સવ યજ્ઞ માં પધારવા તથા ભોજન પ્રસાદ લેવા ભાવ ભર્યું જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે

# હિંમતનગર રેલવે સ્ટેશન ખાતે એન ડબલ્યું આર દ્વારા ટ્રેક નિરીક્ષણ કરાયું

## વંદે ભારત સહિત લાંબા રૂટની ટ્રેનો શરૂ થવાની શકયતાને ધ્યાને રાખી અધિકારીઓએ મહત્વપૂર્ણ નિરીક્ષણ હાથ ધર્યુ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



અસારવાથી ઉદયપુર સુધીના રેલવે માર્ગ પર વંદે ભારત સહિત લાંબા રૂટની ટ્રેનો શરૂ થવાની શકયતાઓને ધ્યાનમાં રાખીને એન. ડબલ્યુ.આર દ્વારા મહત્વપૂર્ણ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું

અજમેર ડિવિઝનના એ.ડી.આર.એમ સહિતના ઉચ્ચ અધિકારીઓએ ઉદયપુરથી નિરીક્ષણ કાર પરખમાં પ્રવાસ શરૂ કર્યો હતો નિરીક્ષણ દરમિયાન ટીમે ડુંગરપુર ખાતે રોકાણ કર્યા બાદ હિંમતનગર રેલવે સ્ટેશન પર મુલાકાત લીધી હતી હાલમાં અસારવાથી ઉદયપુર સુધી ઈલેક્ટ્રિક રેલવે સેવા કાર્યરત છે આ રૂટ પર વધુ ટ્રેન સેવાઓ શરૂ કરતા પહેલા અધિકારીઓએ રેલવે ટ્રેકની સ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું હિંમતનગર ખાતે ટૂંકા રોકાણ બાદ નિરીક્ષણ ટીમ ઉદયપુર તરફ પરત ફરી હતી.

# અંજાર: સતાપરના પરિવારે સેવા-ધર્મના કાર્યો માટે ગોવર્ધન પર્વતને જમીન અર્પણ કરી



**અબતક,ભારતી માખીજાણી,અંજાર**

અંજાર તાલુકાના સતાપર ખાતે આવેલા ગોવર્ધન પર્વતના મહંત ત્રિકમદાસજી મહારાજને સતાપરના રાણા સવાભાઈ પુંજાભાઈ આહીર દ્વારા ૯ એકર જમીન અર્પણ કરાઈ છે. ગોવર્ધન પર્વતના પવિત્ર ક્ષેત્રના મહંત ત્રિકમદાસજી મહારાજના ધર્મ કાર્ય અને સમાજસેવા પ્રત્યેના સમર્પણથી પ્રભાવિત થઈને, સતાપર ગામના રાણા સવાભાઈ આહીરે પોતાની ૯ એકર જમીન મહંત ત્રિકમદાસજી મહારાજના ચરણોમાં સમર્પિત કરી છે. આ જમીનને જેસીબી વડે બાવળ દૂર કરવાની કામગીરી પણ હાથ ધરી દેવાઈ છે. આ ભૂમિનો ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિઓ, ગૌસેવા, યાત્રાધામ વિકાસ, અને ભક્તો માટેની સેવાઓમાં કરવામાં આવશે - જેનાથી સમગ્ર સમાજને લાભ થશે.

# અમરેલી: નાગરિક પુરવઠા-ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની શનિવારે બેઠક

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી આગામી તા.૧૯ એપ્રિલ, ૨૦૨૫ ને શનિવારના રોજ બપોરે ૧.૩૦ વાગ્યે અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાનાર આ બેઠકમાં, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતોની સમીક્ષા થશે, તેમ અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના સભ્ય સચિવ અને અમરેલી જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવેલ છે.

# આઈપીએલમાં અનઓફિશિયલ છતાં ઓફિશિયલ જુગારે બેંકોને 'મૂંઝવી' દીધી!!

## ચાલુ વર્ષે ઈન્ડિયન પ્રીમિયર લિગમાં રૂ. ૮ લાખ કરોડથી વધુનો સટ્ટો રમાયો

**અબતક, રાજકોટ**

આઈપીએલ હવે ધનિક ઉદ્યોગપતિઓ માટે એક મોટો વ્યવસાય બની રહ્યો છે, નસીબ અજમાવવા ઈચ્છતા લોકો માટે જોખમી તક સ્વરૂપ બની રહ્યું છે પણ બેંક માટે એક દુઃસ્વપ્ન સમાન બની રહ્યું છે. રોઈટર્સના જણાવ્યા અનુસાર મુકેશ અંબાણી જાહેરાતકર્તાઓને ઈન્ડિયન પ્રીમિયર લીગ મેચ દરમિયાન પ્રેક્ષકો કેવી રીતે વર્તે છે, તેના મગજ-મેપિંગ અભ્યાસ ઓફર કરી રહ્યા છે. જેથી તેમના જૂથે દેશના સૌથી પ્રિય રમતના પ્રસારણ કરવા માટે ખર્ચેલા અબજો ડોલરમાંથી સૌથી વધુ આવક મેળવી શકાય. દરમિયાન બેંકો એક અલગ પ્રકારનું વિશ્લેષણ કરી રહી છે. તેઓ નાણાં પ્રવાહનો નકશો બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

વિશ્લેષકોના મતે બે મહિના લાંબી ક્રિકેટ લીગનો આ વર્ષે ફાઈનલ ૨૫ મેના રોજ છે. આઈપીએલ વાર્ષિક ૧૦૦ બિલિયન ડોલર એટલે કે રૂ. ૮ લાખ કરોડથી વધુનો જુગાર ભારતીયો રમી ચુક્યા છે. વિદેશમાં સ્થિત ઓનલાઈન બુકમેકર્સ ક્રિપ્ટોકરન્સી દ્વારા ભારતીયોને ગેરકાયદેસર ઍક્સેસ પ્રદાન કરે છે. તેઓ સ્થાનિક બેંકિંગ સિસ્ટમમાં મ્યુલ ખાતાઓનો પણ ઉપયોગ કરે છે. કાયદેસર જુગાર હવે સ્થાનિક કર ચૂકવે છે અને રૂપિયા-મૂળ બેંક થાપણો ધરાવતા ગ્રાહકોને સેવા આપે છે. જુગારનો વ્યવસાય હાલ નાનો છે, પરંતુ તે ઝડપથી વધી રહ્યો છે.

જુગાર રમવા માટે એક લોકપ્રિય માર્ગ ડ્રીમ ઈલેવન છે, જે એક સ્ટાર્ટઅપ છે જે લોકોને પોતાની કાલ્પનિક ટીમો બનાવવા અને અન્ય વપરાશકર્તાઓ સામે સ્પર્ધા કરવાની મંજૂરી આપે છે. પ્રોબો જેવા આગાહી બજારો વિવિધ વાસ્તવિક પરિણામોના વિકલ્પો પ્રદાન કરે છે. લોકો તેમના બેંક ખાતાઓમાંથી રોકડ ઉપાડીને અને તાત્કાલિક સટ્ટાબાજીની સાઈટ પર ક્રેડિટ કરીને વાસ્તવિક-નાણાંનો દાવ લગાવે છે.

હવે જુગારની આ પ્રવૃતિઓથી બેન્કિંગ સિસ્ટમ ભારે ખેંચતાણ અનુભવી રહી છે. ઉન્મત્ત પ્રવૃત્તિ ધિરાણકર્તાઓના આઈટી વિભાગો પર તાણ છે. મેચમાં ટ્રાનઝેક્શન ઝડપથી પૂર્ણ કરવામાં મદદ કરવા માટે તેઓએ ખાતરી કરવી પડશે કે ગ્રાહકોના પૈસા ભારતના યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) દ્વારા ગંતવ્ય બેંક સુધી પહોંચે જે ૬૦૦ થી વધુ સંસ્થાઓ દ્વારા શેર કરવામાં આવતી જાહેર ઉપયોગિતા છે. કાયદેસર સટ્ટાબાજી સાઈટ્સના ખાતા ધરાવતી બેંકો પર ગ્રાહકો દ્વારા દબાણ કરવામાં આવે છે કે તેઓ તેમના માર્ગે આવતા કોઈપણ ભંડોળને ચૂકી ન જાય અથવા તેઓ તેમના વ્યવસાયને બીજી સંસ્થામાં લઈ જશે.

### તાજેતરમાં ઠપ્પ થયેલી યુપીઆઈ સર્વિસ પણ સટ્ટાકીય પ્રવૃતિનું પરિણામ

તાજેતરમાં જ બે વાર યુપીઆઈ સિસ્ટમ ઠપ્પ થઈ ગઈ હતી જે સટ્ટાકીય પ્રવૃતિનું જ પરિણામ છે. ભારે ઝડપથી ડિજિટાઈઝેશનની તલવાર બંને રીતે કાપ મૂકે છે. છેલ્લા બે અઠવાડિયામાં વારંવાર સેવા આઉટેજથી પ્રભાવિત યુપીઆઈ નેટવર્કને જો જાહેર એકાધિકાર રહેવાનું હોય તો તેને વધુ મજબૂત બનાવવાની જરૂર પડશે.

### ચેક, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ દ્વારા વ્યવહારોના કિલયરન્સ માટે સમય મળતો'તો

૨૦૧૬ માં યુપીઆઈના આગમન પહેલાં, ભારતીય બેંકો પાસે વિશ્વભરમાં ડેબિટ અને ક્રેડિટ રેકોર્ડ કરવા માટેનો બધો સમય હતો. જે તેમના પરિસરમાં સંગ્રહિત સર્વર પર ચાલતા હતા. બીજા શહેરમાં એક અલગ સંસ્થા પર લખેલા ચેકને ક્લિયર કરવામાં દિવસો લાગતા હતા. હવે સ્માર્ટફોન-આધારિત ટ્રાન્સફર તાત્કાલિક છે. બેંકોને અચાનક મધ્યસ્થીઓ પાસેથી ડેટાની સુનામીનો સામનો કરવો પડે છે જે ક્લાઉડમાં મોટાભાગનું કમ્પ્યુટિંગ કરે છે.

### દર મિનિટે થતાં હજારો વ્યવહારોમાં મની લોન્ડરીંગ અને ફ્રોડ અંગે ખરાઈ કેમ કરવી?

સરકાર વપરાશકર્તાઓ માટે નેટવર્ક મફત રાખવા માંગે છે, તેથી તે મધ્યસ્થીઓને કેટલાક પ્રોત્સાહનો આપે છે છતાં તે પૂરતા નથી. ઝડપી ગતિવાળા ઈનફ્લો અને આઉટફ્લોના સંપર્કમાં આવતી બેંકો તેમને ઓછી પ્રાથમિકતાવાળી પ્રવૃત્તિ તરીકે ગણી શકે તેમ નથી. મની લોન્ડરિંગ અને છેતરપિંડી દૂર કરવા અને વપરાશકર્તાઓના વાસ્તવિક ટ્રાન્સફરના અનુભવને સુધારવા માટે તેમને ભારે સમયનું રોકાણ કરવું પડે છે.

# છૂટક ભાવાંક ૩.૩૪ ટકા સાથે ૬ વર્ષના તળિયે!: ફુગાવો નથાતા વ્યાજદર વધુ ઘટશે!!!

## માર્ચ મહિનામાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૨.૦૫ થયો જે ૪ મહિનામાં સૌથી નીચું સ્તરઃ નવેમ્બરની શરૂઆતમાં ફુગાવાનો દર ૧.૮૯ ટકા હતો જ્યારે ફેબ્રુઆરીમાં ફુગાવાનો દર ૨.૩૮ ટકા હતો

**અબતક, નવી દિલ્હી**

રિટેલ ફુગાવાનો દર માર્ચ મહિનામાં ઘટીને ૩.૩૪ ટકા થયો હતો, જે છેલ્લાં છ વર્ષમાં સૌથી ઓછો છે. શાકભાજી, ઈંડા, પ્રોટિનથી ભરપૂર વસ્તુઓના ભાવ ઘટતા કુલ ફુગાવો ઘટ્યો હતો. મોંઘવારી ઘટતા રિઝર્વ બેન્ક તેની આગામી પોલિસી મીટિંગમાં સતત ત્રીજી વાર વ્યાજદર ઘટાડશે તેવી સંભાવના વધી છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારીત રિટેલ ફુગાવાનો દર માર્ચમાં ૩.૩૪ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૪.૮૫ ટકા હતો અને ફેબ્રુઆરી-૨૫માં ૩.૬૧ ટકા હતો. ઓગસ્ટ ૨૦૧૯ પછીથી આ સૌથી નીચો ફુગાવો હતો. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસએ જાહેર કરેલા ડેટા અનુસાર ખાદ્યચીજોનો રિટેલ ફુગાવાનો દર માર્ચમાં માત્ર ૨.૬૯ ટકા રહ્યો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૭૫ ટકા અને ગત વર્ષે માર્ચમાં ૮.૫૨ ટકા હતો. શાકભાજીના ભાવ ૭.૦૪ ટકા ઘટ્યા હતા. કઠોળના ભાવ ૨.૭૩ ટકા ઘટ્યા હતા. મરી-મસાલાના ભાવ ૪.૯૨ ટકા ઘટ્યા હતા. ફળના ભાવ ૧૬.૨૭ ટકા વધ્યા હતા. શહેરી વિસ્તારોમાં રિટેલ ફુગાવાનો દર સાધારણ વધીને ૩.૪૩ ટકા રહ્યો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૩૨ ટકા હતો. ગ્રામીણ ક્ષેત્રોમાં રિટેલ ફુગાવાનો દર માર્ચમાં ૩.૨૫ ટકા રહ્યો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૭૯ ટકા હતો. ભૌગોલિક રીતે જોઈએ તો કેરળમાં સૌથી વધુ રિટેલ ફુગાવાનો દર (૬.૫૯ ટકા) રહ્યો હતો, જ્યારે તેલંગણામાં સૌથી ઓછો (૧.૦૬ ટકા) રહ્યો હતો.

હોલસેલ ભાવ આધારીત ફુગાવાનો દર પણ માર્ચમાં ઘટીને ૨.૦૫ ટકા થયો હતો, જે છેલ્લાં છ મહિનામાં સૌથી ઓછો છે. ફેબ્રુઆરી-૨૫માં ડબ્લ્યુપીઆઈ ફુગાવાનો દર ૨.૩૮ ટકા હતો, જ્યારે ગત વર્ષે માર્ચમાં ૦.૨૬ ટકા હતો. ખાદ્યચીજોનો હોલસેલ ભાવ આધારીત ફુગાવાનો દર ઘટીને ૧.૫૭ ટકા થયો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૩૮ ટકા હતો. શાકભાજીના ભાવ નોંધપાત્ર ૧૫.૮૮ ટકા ઘટ્યા હતા.ભારતમાં બે પ્રકારના ફુગાવા છે. એક છૂટક ફુગાવો અને બીજો જથ્થાબંધ ફુગાવો. છૂટક ફુગાવાનો દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતા ભાવ પર આધારિત છે. તેને ગ્રાહક ભાવ સૂચકાંક પણ કહેવામાં આવે છે. તે જ સમયે, જથ્થાબંધ ભાવ સૂચકાંકનો અર્થ એ છે કે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી જે ભાવ વસૂલ કરે છે.

# આવક મર્યાદા વધારતા આરટીઈ હેઠળ આશરે ૪૫,૦૦૦ થી વધુ અરજીઓ આવીઃ એડમિશનનો પ્રથમ રાઉન્ડ ૨૮મીએ!

## ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૧,૯૩૦ અરજીઓનો વધારોઃ હાલ યોજના હેઠળ કુલ ૯૩,૫૨૭ બેઠકો ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે ખાનગી શાળાઓમાં ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને મફત શિક્ષણ આપવાની યોજના, એટલે કે શિક્ષણ અધિકાર (આરટીઈ) હેઠળ પ્રવેશ માટેની કેટલીક મહત્વની જાહેરાતો કરી છે. આ યોજના હેઠળ, ખાનગી શાળાઓ તેમની કુલ બેઠકોમાંથી ૨૫% બેઠકો આર્થિક રીતે નબળા પરિવારોના બાળકો માટે અનામત રાખે છે. ત્યારે તાજેતરમાં જ ગુજરાત સરકારે આવક મર્યાદામાં વધારો કર્યા બાદ અરજી માટે સમાપ્ત થયેલી અંતિમ તારીખ લંબાવ્યા પછી ખાનગી શાળાઓમાં શિક્ષણ અધિકાર (આરટીઈ) બેઠકોમાં પ્રવેશ માટે કુલ ૨,૩૭,૩૧૭ અરજીઓ સબમિટ કરવામાં આવી હતી.

શરૂઆતમાં, આરટીઈ હેઠળ પાત્રતા માટેની આવક મર્યાદા વાર્ષિક રૂ. ૧.૫ લાખ હતી, પરંતુ માર્ચમાં તેને વધારીને રૂ. ૬ લાખ કરવામાં આવી હતી, જેના કારણે વધારાના ૪૪,૯૯૪ અરજીઓ આવી હતી. આવક પાત્રતા મર્યાદામાં વધારા બાદ, ઓનલાઈન પોર્ટલ ફરીથી ખોલવામાં આવ્યું હતું, અને વિસ્તૃત સમયમર્યાદા ૯ એપ્રિલના રોજ સમાપ્ત થઈ હતી. હવે, જિલ્લા સ્તરના અધિકારીઓ બુધવાર સુધીમાં નવા સબમિટ કરાયેલા ફોર્મ માટે મંજૂરી અને અસ્વીકાર પ્રક્રિયા પૂર્ણ કરશે.

જે અરજદારોના ફોર્મ નકારવામાં આવ્યા છે તેમને ૨૩ એપ્રિલ સુધી કોઈપણ ખૂટતા દસ્તાવેજો સબમિટ કરવા માટે સમય આપવામાં આવશે. ત્યારબાદ, અંતિમ યાદી તૈયાર કરવામાં આવશે, અને પ્રવેશ ફાળવણીનો પ્રથમ રાઉન્ડ ૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે.ગયા વર્ષની સરખામણીમાં, જ્યારે રાજ્યભરમાં ૪૫,૦૦૦ RTE બેઠકો માટે લગભગ ૨.૩૫ લાખ ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા, આ વર્ષે લગભગ ૧,૯૩૦ અરજીઓનો વધારો જોવા મળ્યો છે, જે સુધારેલા આવક માપદંડોને મજબૂત પ્રતિસાદનો સંકેત આપે છે.

# સાઉદી અરેબિયાએ પોર્ટલ બંધ કરતા ૪૨,૦૦૦ હજયાત્રીઓની અરજીઓ ઘોંચમાં!!!

## અરજીઓ રદ થતા મુસ્લિમ યાત્રાળુઓ અને સમુદાયના આગેવાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તક્ષેપ કરવા કરી વિનંતી

**અબતક, રાજકોટ**

આ વર્ષે જૂનમાં યોજાનારી પવિત્ર હજ યાત્રા પર સંકટના વાદળો ઘેરાયા છે. લઘુમતી બાબતોના મંત્રાલયે તાજેતરમાં પુષ્ટિ કરી છે કે ૪૨,૦૦૦ જેટલા અરજદારો આ વર્ષે હજ કરી શકશે નહીં. આ સમાચાર સામે આવતા જ ઘણા મુસ્લિમ યાત્રાળુઓ અને સમુદાયના આગેવાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ બાબતે હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી છે.

મંત્રાલય દ્વારા મંગળવારે એક્સ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, હજ સમિતિ ઓફ ઈન્ડિયા દ્વારા ૧,૨૨,૫૧૮ યાત્રાળુઓ સાઉદી અરેબિયાની યાત્રા કરશે. જો કે, અગાઉ ખાનગી ટૂર ઓપરેટરો, જે સત્તાવાર રીતે કમ્બાઈન્ડ હજ ગ્રુપ ઓપરેટરો તરીકે ઓળખાય છે, તેમના દ્વારા બુક કરાયેલા ૫૨,૦૦૦ યાત્રાળુઓની હજ સ્લોટ સાઉદી સરકાર દ્વારા હજ પોર્ટલ બંધ કરી દેવામાં આવતા રદ કરવામાં આવી હતી. મંત્રાલયના હસ્તક્ષેપ બાદ સાઉદી અરેબિયાએ પોર્ટલ ફરીથી ખોલ્યું છે, પરંતુ દુઃખની વાત એ છે કે માત્ર ૧૦,૦૦૦ યાત્રાળુઓને જ મંજૂરી આપવામાં આવી છે.

આ ઘટનાને લઈ ચિંતા વ્યક્ત કરતા કોંગ્રેસના ધારાસભ્ય અમીન પટેલે જણાવ્યું હતું કે ઘણા યાત્રાળુઓએ રદ થવા અંગે મદદ માટે તેમનો સંપર્ક કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ''મેં ઘણા ટૂર ઓપરેટરો સાથે વાત કરી હતી જેમણે જણાવ્યું હતું કે તેમણે ત્રણ મહિના પહેલાં યાત્રાળુઓનું બુકિંગ કરાવ્યું હતું અને હવે તેઓ લાચાર છે.'' પટેલે વડાપ્રધાન મોદી અને અન્ય નેતાઓને અપીલ કરી છે કે તેઓ સાઉદીના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરે, કારણ કે ૪૨,૦૦૦ એ એક મોટી સંખ્યા છે અને જો તેઓને ૨૦૨૬ માં હજ કરવાની મંજૂરી આપવામાં આવે તો પણ મોટો બેકલોગ સર્જાશે.

# પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ૪૮૫૪ કલસ્ટરની રચના

## ત્રણ ગ્રામ પંચાયત દીઠ બે વ્યકિતઓને પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ તાલીમ અપાશે



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ત્રણ ગામ દીઠ બે વ્યકિતઓને પ્રાકૃતિક કૃષિનું પ્રશિક્ષણ આપવાની જવાબદારી સોંપવામાં આવશે. બે વ્યકિતઓમાં એક કોમ્યુનિટી રિસર્ચ પર્સન હશે અને બીજી પ્રાકૃતિક કૃષિ સખી - મહિલા હશે. ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક કલસ્ટર લેખે ૪,૮૫૪ કલસ્ટર્સની રચના કરવામાં આવી છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે રાજભવનમાં આયોજિત બેઠકમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યપાલના અગ્ર સચિવ અશોક શર્મા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સંયુકત સચિવ પી. ડી. પલસાણા, કૃષિ નિયામક પ્રકાશ રબારી અને આત્માના નિયામક સંકેત જોશી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક કૃષિ યોગ્ય પદ્ધતિથી અને પૂરી પ્રમાણિકતાથી થાય તો ખૂબ સારું પરિણામ મળે છે. આ માટે યોગ્ય તાલીમ અત્યંત જરૂરી છે, એમ કહીને રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ખેડૂતોને યોગ્ય અને અસરકારક તાલીમ મળે એ માટે તેમને તાલીમ આપનારા પ્રશિક્ષકોને પણ સમયાંતરે સઘન અને સુયોગ્ય તાલીમ મળતી રહે એ જરૂરી છે. પ્રાકૃતિક કૃષિ એ લોકોને જીવન આપનારું માનવતાનું કામ છે. એમ કહીને તેમણે કહ્યું કે પ્રાકૃતિક ખેતીનું કામ જ પૂજા છે.

ગુજરાતના તમામ શહેરો અને તાલુકા મથકોમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો શરૂ કરવા અને આ વેચાણ કેન્દ્ર પર પ્રમાણિત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો જ વેચાય તેની ચોકસાઈ રાખવા આ બેઠકમાં વિચાર-વિમર્શ કરાયો હતો.

# ખાતેદારની મંજૂરી વગર બેંક કેવી રીતે લોકર ખોલી શકે ?

**અબતક, રાજકોટ**

ઉતરાખંડની હાઈકોર્ટે બેંક ઓફ બરોડાને પૂછ્યું તે ખાતેદાર ની મંજૂરી વગર બેંક કોઈપણ લોકર કેવી રીતે ખોલી શકે? હાઈકોર્ટે બેંક ઓફ બરોડાને કહ્યું છે કે તેમના એવા નિયમો બતાવો જેનાથી બેંકના અધિકારીઓ ગ્રાહકની પરવાનગી વગર તેનું લોકર ખોલી શકે. આ કેસ સુશીલા દેવી નામના ૮૬ વર્ષના એક મહિલાની ફરિયાદના આધારે શરૂ થયો છે. તેમણે કહ્યું કે ૨૦૨૨માં તેમની જાણ વગર તેમનું લોકર ખોલવામાં આવ્યું હતું અને તેમાંથી દાગીના કાઢી લેવામાં આવ્યા હતા.સુશીલા દેવીના દીકરા અનૂપ કુમાર, જે લોકરમાં તેમના માતા સાથે ભાગીદાર છે, તેમને આ વાતની ખબર ત્યારે પડી જ્યારે તેઓ ગયા વર્ષે દેહરાદૂનમાં બેંક ઓફ બરોડાની શાખામાં ગયા હતા. બેંકના અધિકારીઓએ તેમને યોગ્ય જવાબ ન આપ્યો, એટલે તેમણે તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવી. અનૂપ કુમારે કહ્યું, ''મારી માતાએ લોકરમાં ૭૩૦ ગ્રામ સોનું અને ૯૫૦ ગ્રામ ચાંદીના દાગીના રાખ્યા હતા.'' કોર્ટે બેંકને પૂછ્યું છે કે તેઓ આ કિંમતી વસ્તુઓ ફરિયાદીને પાછી કેવી રીતે આપશે.

બેંક ઓફ બરોડાના એક કર્મચારીએ આ ફરિયાદ રદ કરવા માટે કોર્ટમાં અરજી કરી હતી. તેમનું નામ ફરિયાદમાં નહોતું, પણ તે સમયે તેઓ તે શાખામાં કામ કરતા હતા. તેમના વકીલે કહ્યું કે લોકર ધારકને ઘણી નોટિસ આપી અને યાદ દેવડાવવા છતાં જવાબ ન મળતા લોકર ખોલવામાં આવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે કિંમતી વસ્તુઓની યાદી બનાવવામાં આવી હતી અને બધું સીલ કરીને મુખ્ય ઓફિસમાં મોકલી દેવામાં આવ્યું છે.જો કે, લોકરના સહ-ભાગીદાર અનૂપ કુમારે કહ્યું કે તેમને બેંક તરફથી આવો કોઈ સંદેશ ક્યારેય મળ્યો નથી. વધુમાં જણાવ્યું કે ''જ્યારે મેં બેંક અધિકારીઓને નોટિસ અને પત્ર બતાવવાનું કહ્યું, ત્યારે તેઓએ કહ્યું કે તે કાગળો અને રજિસ્ટર પણ ખોવાઈ ગયા છે.'' તેમણે જણાવ્યું કે દાગીનામાં ૨૧ એવી વસ્તુઓ હતી જે '' ભાવનાત્મક રીતે અમૂલ્ય હતી, જેમાંની કેટલીક તો ૧૮૭૫ની પણ હતી.

કોર્ટની સુનાવણી દરમિયાન, જજ પંકજ પુરોહિતે બેંક ઓફ બરોડાના કર્મચારીના વકીલને કહ્યું કે બેંકના એ નિયમો રજૂ કરો જે મુજબ ખાતાધારક જવાબ ન આપે તો લોકર ખોલવાની મંજૂરી મળે છે.

# હીટવેવમાં શેકાયું ગુજરાતઃ કંડલા ૪૪.૬ ડિગ્રી, રાજકોટ ૪૨.૮ ડિગ્રી

## રાજયના ૧૦ શહેરોમાં પારો ૪૦ ડિગ્રીને પારઃ સવારના સમયે થોડી ઠંડકનો અહેસાસઃ અરવલ્લીમાં સામાન્ય છાંટા પણ પડયા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર ગુજરાત ફરી એકવાર હીટવેવમાં શેકાયું છે. કચ્છના કંડલા એરપોર્ટ પર મહત્તમ તાપમાનનો પારો ૪૪.૬ ડિગ્રીએ પહોંચી ગયો છે. રાજકોટ ૪૨.૮ ડિગ્રી સેલ્સીયસ તાપમાન સાથે રાજયનું બીજા નંબરનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. આજે સવારના સમયે વાતાવરણમાં થોડી ઠંડકનો અનુભવ થયો હતો. અરવલ્લી પંથકમાં સામાન્ય છાંટા પડયા હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યાં છે.ગુજરાતમાં ૧૭મી એપ્રિલ સુધી હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્દ્વારા ઉચ્ચારવામાં આવી છે. આજે રાજયના કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર થઈ જવાની પણ પ્રબળ સંભાવના જણાય રહી છે.આજે સવારે વાતાવરણમાં થોડો પલ્ટો જોવા મળ્યો હતો. ઠંડકનો અનુભવ થતો હતો આકાશમાં વાદળો છવાયા હતા. જો કે સૂર્યોદયની સાથે જ ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો. મંગળવારે સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં હીટવેવનો પ્રકોપ જોવા મળ્યો હતો. ઉત્તર ગુજરાતમાં અમદાવાદનું તાપમાન ૪૨.૩ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૧.૫ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૨.૩ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, દક્ષિણ ગુજરાતમાં વડોદરાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૪૧.૨ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૪.૩ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૫.૭ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૪.૬ ડિગ્રી નોંધાયું હતું.સૌરાષ્ટ્રમાં અમરેલીનું તાપમાન ૪૨ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, દ્વારકાનું ૩૧.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૨.૮ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૮ ડિગ્રી, દિવનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨.૫ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૮.૪ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૭.૨ ડિગ્રી સેલ્સીયશ નોંધાયું હતું.આજે પણ સુર્યનારાયણ લાલચોળ જ રહેશે. રાજયના કેટલાક શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રીને પાર થઈ જવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. આજે સવારથી ગરમીનો અહેસાસ થવા માંડયો છે.

# શહેરી વિસ્તારમાં ૨.૮૩ લાખ લોકોએ ફક્ત એક જ પોલીસ સ્ટેશન !!!

## ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ સ્ટેશનની દ્રષ્ટિએ ગુજરાત નવમા ક્રમેઃ સરેરાશ ૭૭,૩૪૪ લોકોએ એક પોલીસ સ્ટેશન !!

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં રહેતા શહેરીજનો માટે એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. એક તાજેતરના અહેવાલ મુજબ, ગુજરાતનું દરેક પોલીસ સ્ટેશન સરેરાશ ૨.૮૩ લાખ લોકોની વસ્તીની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિભાવે છે. 'ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ' દ્વારા જાહેર કરવામાં આવેલા આ તારણો દર્શાવે છે કે દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતની શહેરી વસ્તી તેના પોલીસ તંત્ર પર વધુ નિર્ભર છે. રાષ્ટ્રીય સ્તરે શહેરી વિસ્તારમાં એક પોલીસ સ્ટેશન પર સરેરાશ ૯૩,૧૦૭ લોકોનો બોજો હોય છે, જેની સામે ગુજરાતનો આ આંકડો લગભગ ત્રણ ગણો વધારે છે.

આ રિપોર્ટ અનુસાર, શહેરી વિસ્તારોમાં પોલીસ સ્ટેશન પર વસ્તીના ભારણની બાબતમાં કેરળ (૨.૩૦ લાખ લોકો) અને મહારાષ્ટ્ર (૨.૧૬ લાખ લોકો) ગુજરાત પછીના ક્રમે આવે છે. આ આંકડા શહેરો અને નગરોમાં વિવિધ રાજ્યો દ્વારા પોલીસ સેવાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે તેમાં રહેલા તીવ્ર વિરોધાભાસને ઉજાગર કરે છે.જો ગ્રામીણ વિસ્તારોની વાત કરીએ તો, ગુજરાતની સ્થિતિ થોડી સુધરેલી જોવા મળે છે. અહીં દરેક પોલીસ સ્ટેશન સરેરાશ ૭૭,૩૪૪ લોકોને સેવા આપે છે, જેના કારણે રાષ્ટ્રીય સ્તરે ગુજરાત નવમા ક્રમે આવે છે. જો કે, પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોની તુલનામાં આ આંકડો હજુ પણ ઘણો વધારે છે, જ્યાં ૩ લાખથી વધુ ગ્રામીણ વસ્તી માટે માત્ર એક પોલીસ સ્ટેશન છે. અરુણાચલ પ્રદેશ જેવા નાના રાજ્યમાં તો એક પોલીસ સ્ટેશન માત્ર ૮,૫૦૦ લોકોને સેવા આપે છે, જેની સામે ગુજરાતનો આ આંકડો ચિંતાજનક છે. જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં, આ વલણ દેશના નવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જોવા મળ્યું હતું, જ્યાં પ્રતિ પોલીસ સ્ટેશન સરેરાશ શહેરી વસ્તી ૧ લાખને વટાવી ગઈ હતી.માત્ર વસ્તીનું ભારણ જ નહીં, પરંતુ પોલીસ સ્ટેશનોની સ્થાનિક ઉપલબ્ધતાની બાબતમાં પણ ગુજરાત પાછળ છે. ગ્રામીણ વિસ્તારોમાં, એક પોલીસ સ્ટેશન સરેરાશ ૩૯૮ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે, જે મોટા અને મધ્યમ કદના રાજ્યોમાં પાંચમું સૌથી ખરાબ પ્રદર્શન છે. આ બાબતમાં રાજસ્થાન સૌથી ખરાબ સ્થિતિમાં છે, જ્યાં દર ૬૪૭ ચોરસ કિલોમીટરે એક પોલીસ સ્ટેશન છે. ત્યારબાદ મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ (૬૪૧) અને પશ્ચિમ બંગાળ (૪૦૨) આવે છે. શહેરી વિસ્તારોમાં પણ, ગુજરાતના પોલીસ સ્ટેશનો સરેરાશ ૬૦.૨ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે, જે કેરળ (૬૪.૯ ચોરસ કિલોમીટર) કરતાં થોડું સારું છે.રિપોર્ટમાં પોલીસ તાલીમ પર થતા ખર્ચ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતે વર્ષ ૨૦૨૦-૨૧માં પોલીસ તાલીમ માટે ફાળવેલા ૫૨.૫ કરોડ રૂપિયાના બજેટને ઘટાડીને ૨૦૨૧-૨૨માં ૪૮.૯ કરોડ રૂપિયા કરી દીધું હતું, જેમાંથી ૯૮.૭% ખર્ચાયો હતો. પ્રતિ વ્યકિત તાલીમ ખર્ચ માત્ર ૫,૪૭૬ રૂપિયા હતો, જે રાષ્ટ્રીય સરેરાશ ૮,૩૪૩ રૂપિયા કરતાં ઘણો ઓછો છે અને દેશમાં ચોથો સૌથી ઓછો છે. આ યાદીમાં પશ્ચિમ બંગાળ સૌથી નીચે છે, જે પ્રતિ વ્યક્તિ માત્ર ૧૨૫ રૂપિયા ખર્ચ કરે છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ (૫,૩૭૩ રૂપિયા) અને આંધ્ર પ્રદેશ (૫,૪૩૦ રૂપિયા) આવે છે. પ્રતિ કર્મચારી તાલીમ પર સૌથી વધુ ખર્ચ બિહારમાં (૨૦,૫૩૦ રૂપિયા) નોંધાયો હતો.

જો કે, આ અહેવાલમાં એક સકારાત્મક બાબત એ છે કે ગુજરાત પોલીસ દળમાં મહિલા પ્રતિનિધિત્વની સ્થિતિ અન્ય રાજ્યોની તુલનામાં સારી છે. કોન્સ્ટેબલ સ્તરે, ગુજરાતના દરેક પોલીસ સ્ટેશનમાં સરેરાશ ૧૫.૩ મહિલા કોન્સ્ટેબલ છે, જ્યારે જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૯ હતી. આમ છતાં, પોલીસ સ્ટેશનો પર વસ્તીનું વધુ પડતું ભારણ અને તાલીમ ખર્ચમાં ઘટાડો જેવા મુદ્દાઓ ગુજરાતના પોલીસ તંત્ર સામે ગંભીર પડકારો ઊભા કરે છે, જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

### જામનગર શહેરને મળશે નવું નજરાણું

# રંગમતી નદી હવે ''રૂપમતી''નું રૂપ ધારણ કરશે

## રંગમતી નદીના બ્યુટીફિકેશન થકી રિવરફ્રન્ટની આસપાસ નવા વેપારી વિસ્તારો વિકસશે, આધુનિક અને વિકાસશીલ શહેર તરીકે નવી ઓળખ મળશે: ધારાસભ્ય દિવ્યેશ અકબરી તથા અન્ય અધિકારીઓની ટીમ દ્વારા નિરીક્ષણ



જામનગર શહેરને નવું નજરાણુ મળી રહ્યું છે લોક ભાગીદારી તેમજ ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતીની ઉજવણીના ભાગરૂપે જામનગરની ઐતિહાસિક રંગમતી નદી કે જેના પર રિવરફ્રન્ટ બનાવવાનો પ્રોજેક્ટ મંજુર થયો છે જેના પ્રાથમિક તબક્કે આશરે ચાર કરોડના ખર્ચે રંગમતીને ઊંડી ઉતારવાની કામગીરી નો પ્રારંભ થઈ ગયો જેમાં રંગમતી નદીનું બ્યુટીફિકેશન હાથ ધરવામાં આવ્યું છે.આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય નદીના કિનારાને સુંદર બનાવવાનો અને લોકોને ફરવા માટે એક નવું સ્થળ ઉપલબ્ધ કરાવવાનો છે. આ ઉપરાંત, નદીમાં પાણી ભરાવાની સમસ્યાને દૂર કરવા માટે પણ કામગીરી કરવામાં આવશે. રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં નદીની આસપાસનો કચરો સાફ કરવામાં આવશે અને ગંદુ પાણી નદીમાં જતું અટકાવવા માટે વ્યવસ્થા કરવામાં આવશે. આનાથી નદીનું પાણી સ્વચ્છ થશે અને પર્યાવરણ સુધરશે. રિવરફ્રન્ટમાં પાળા અને અન્ય બાંધકામો કરવામાં આવશે જેનાથી ચોમાસામાં નદીના પાણીને શહેરની અંદર આવતું અટકાવી શકાશે અને પૂરનું જોખમ ઘટશે. રિવરફ્રન્ટની આસપાસ બગીચા અને વૃક્ષો વાવવામાં આવશે, જેનાથી શહેરમાં હરિયાળી વધશે અને લોકોને તાજી હવા મળશે. રિવરફ્રન્ટ બનવાથી લોકોને ફરવા, બેસવા અને આરામ કરવા માટે એક સુંદર જગ્યા મળશે. અહીં બગીચા, પાથવે, બેઠક વ્યવસ્થા વગેરે હશે, જે લોકોના જીવનધોરણને સુધારશે.રિવરફ્રન્ટ પર સાંસ્કૃતિક કાર્યક્રમો, મેળાવડા અને પ્રદર્શનો યોજી શકાશે, જેનાથી શહેરની સાંસ્કૃતિક ઓળખ વધુ મજબૂત થશે અને લોકો એકબીજા સાથે જોડાઈ શકશે.રિવરફ્રન્ટ એક નવું આકર્ષણનું કેન્દ્ર બનશે, જેના કારણે દેશ-વિદેશના પ્રવાસીઓ જામનગરની મુલાકાત લેશે. આનાથી હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય સ્થાનિક વ્યવસાયોને ફાયદો થશે. રિવરફ્રન્ટની આસપાસ નવા વેપારી વિસ્તારો વિકસશે, દુકાનો અને અન્ય વ્યવસાયો ખુલશે, જેનાથી શહેરના અર્થતંત્રને વેગ મળશે. રિવરફ્રન્ટ જામનગરને એક આધુનિક અને વિકાસશીલ શહેર તરીકે નવી ઓળખ આપશે. .આમ, જામનગરની રંગમતી નદી પર રિવરફ્રન્ટ બનવાથી શહેરના પર્યાવરણ, સમાજ અને અર્થતંત્રને અનેક રીતે ફાયદો થશે અને જામનગર એક વધુ સારું અને આકર્ષક શહેર બનશે.જામનગર મહાનગર પાલિકા ના આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાની તેમજ અન્ય અધિકારીઓની ટીમ વગેરે સ્થળ પર હાજર રહી હતી, અને વહેલામાં વહેલી તકે રિવરફ્રન્ટ ના પ્રોજેક્ટ ને આગળ વધારવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે.` સમગ્ર કવાયત કરવામાં આવી હતી.

આ વેળાએ ધારાસભ્ય દિવ્યેશ અકબરી સાથે વોર્ડ નંબર ૧૬ ના કોર્પોરેટર પાર્થ કોટડીયા, પૂર્વ કોર્પોરેટર મહાવીરસિંહ જાડેજા વગેરે પણ જોડાયા હતા, અને જાત નિરીક્ષણ કર્યું હતું.



# નિવૃત્ત પોલીસ તથા પોલીસ પરિવારના વડીલોને સોમનાથ તીર્થ સહિતની યાત્રા કરાવતા એસપી પ્રેમસુખ ડેલુ

## પોલીસ પરિવારના માતાપિતા, વડીલો સહિત નિવૃત પોલીસકમીઓને સોમનાથ તીર્થની યાત્રા કરાવી સરાહનીય કામગીરી કરી

જામનગર જિલ્લાના એસ.પી પ્રેમસુખ ડેલુ દ્વારા પોલીસ વિભાગ માટે જુદી જુદી એક્ટિવિટી કરવામાં આવે છે, તેની સાથે સાથે પોલીસ પરિવારના સિનિયર સિટીઝનો માટે પણ અલગથી ચિંતા કરવામાં આવી હતી, અને તેઓ માટે સોમનાથ તીર્થ સહિતની યાત્રા કરાવવા માટેનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, અને પોલીસ પરિવારના વડીલ સિનિયર સિટીઝનો તેમજ નિવૃત પોલિસ કર્મચારીઓ જે તમામને બસ મારફતે સોમનાથ તીર્થની યાત્રા કરાવવા માટેની વ્યવસ્થા ગોઠવી આપવામાં આવી હતી. એસ.પી. પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગની વેલફેર સોસાયટી અંતર્ગત જામનગર જિલ્લાના પોલીસબેડામાં ફરજ બજાવતા પોલીસકર્મીઓ, કે જેઓ પોતાની ફરજ ના કારણે પરિવાર પાછળ સમય આપી શકતા નથી, જે તાજેતરમાં અથવા થોડા સમય દરમિયાન પોલીસ વિભાગમાંથી નિવૃત થયેલા હોય, પરંતુ જામનગર શહેરમાંજ વસવાટ કરતા હોય, તેવા પૂર્વ પોલીસ કર્મચારીઓને પણ એકત્ર કરીને તમામને યાત્રા કરાવવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.



અનુસાર જામનગર થી ત્રણ ખાનગી બસોને તૈયાર કરીને સોમનાથ તીર્થ અને આસપાસના ધાર્મિક સ્થળોએ દર્શન કરાવવા માટે મોકલવામાં આવી હતી. તેમાં પોલીસ પરિવારના સિનિયર સિટીઝન સભ્યો, તેમજ

જામનગર થી બસો મારફતે ૧૫૦ થી વધુ સિનિયર સિટીઝન ને સોમનાથ તીર્થ તેમજ અન્ય ધાર્મિક સ્થળોએ યાત્રા પ્રવાસે મોકલવામાં આવ્યા હતા. પોલીસ પરિવાર માટેની આ વિશેષ કાર્યવાહીને લઈને સમગ્ર પોલીસ પરિવારે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ નો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો, અને પોલીસ પરિવારના સિનિયર સિટીઝનોમાં પણ ખુશી જોવા મળી હતી.

# પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ સીદસર ખાતે ક્રાઈમ અવેરનેશ કાર્યક્રમ યોજયો

## સેમિનારમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ બચવા માહિતીગાર કરાયા

જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ એ જિલ્લા ક્રાઈમ કોન્ફરન્સ અનુસંધાને માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા ''સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ'' નું આયોજન વિજાપુરા વિધ્યાસંકુલ સિદસર જી.-જામનગર માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન પો.ઈન્સ. આઈ.એ. ધાસુરા ના માર્ગદર્શન હેઠળ કરવામા આવ્યું.હતું .

આ સેમીનારમાં ૩૨૦ જેટલા વિધ્યાર્થી તથા ૨૦ જેટલા શિક્ષકો ને વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ જેવા કે, વીશીંગ કોલ, ફીશીંગ મેઈલ, ફેક શોપીંગ વેબસાઈટ, ક્યુઆર કોડ સ્કેમ વિગેરે બાબતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિગતવારની સમજ આપવામાં આવી હતી.તેમજ તેનાથી બચવાના ઉપાયો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ સાયબર ક્રાઈમ અવેરનેસ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું.હતું.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર તેમજ વોટ્સએપ ચેનલ પેજ પર નવી માહિતી શેર કરીને, લોકોને સતત સાયબર ફ્રોડની નવિન ઘટનાઓ વિશે માહિતગાર કરવામાં આવે છે.

આ કાર્યક્રમનું પ્રેજન્ટેશન પો. સબ.ઈન્સ.એન.પી.ઠાકુર, તથા સ્ટાફ ના આર.ડી.ટાંક , રાજેશ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરનાથ યાત્રાના રજીસ્ટ્રેશન કરાવવા પંજાબ બેંકમાં અફડાતફડી મચી

## રોજના ૨૫ નામ નોંધણીની જગ્યાએ વધુ નામ નોંધવા લોકમાંગ

જામનગરની પંજાબ બેંકમાં ગઈકાલથી અમરનાથ યાત્રા માટેનું રજિસ્ટ્રેશન શરૂ થયું છે, પરંતુ ભારે ગીર્દી હોવાથી બેંકમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. અરજદારો કરતાં રજિસ્ટ્રેશન ઓછું થતું હોવાથી હોબાળો મચી જવા પામ્યો હતો.

પ્રતિવર્ષ અમરનાથજી યાત્રા યોજાય છે. તેના માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જામનગરમાં ગઈ કાલથી પંજાબ બેંકમાં રજિસ્ટ્રેશન કામગીરીનો પ્રારંભ થયો છે.



જામનગરમાં દરરોજ માત્ર ૨૫ લોકોની જ નામનોંધણી થાય છે. જ્યારે ગઈકાલે પ્રથમ દિવસે જ ૨૦૦ થી ૨૫૦ લોકો રજિસ્ટ્રેશન માટે આવ્યા હતા.

આમ માત્ર ૨૫ લોકોનું જ રજિસ્ટ્રેશન થતું હોય, જે સંખ્યા ઘણી ઓછી છે. આથી ક્વોટાની સંખ્યા વધારવાની ખાસ જરૂર છે.

આજે પણ અરજદારોની સંખ્યા વધુ હોવાથી બેંકમાં હોબાળો મચી જવા પામ્યો હતો.

આ ઉપરાંત બેંકમાં મહિલા-પુરુષો માટે અલગ લાઈનની વ્યવસ્થા નથી. આથી માથાકુટો થઈ રહી છે.

સત્વરે રજિસ્ટ્રેશનનો ક્વોટા વધારી વ્યવસ્થા સુધારવી જોઈએ તેવી લોકમાંગણી ઊઠવા પામી છે.

# નવાગામ ઘેડમાં દુકાનમાં શોર્ટ સર્કિટથી આગ લાગી

## ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબૂ લીધોઃ કોઈ જાનહાની નહિ

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી એક નાસ્તાની દુકાનમાં ગઈકાલે રાત્રિના સમયે એકાએક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગતા દોડધામ થઈ હતી. ફાયર શાખાની ટુકડીએ દોડી જઈ સમયસર આગને કાબુમાં લઈ લેતાં સર્વે લોકોએ હાશકારો અનુભવ્યો હતો. આગના કારણે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા.



આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી એ-૧ નાસ્તા હાઉસ નામની દુકાનમાં રાત્રે અરસામાં અકસ્માતે શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી, અને આગની જવાળાઓ દુકાનની બહાર દેખાવા લાગી હતી. જેને લઈને ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

નવાગામ ઘેડ વિસ્તારમાં ગીચ અને અનેક રહેણાક મકાનો આવેલા હોવાના કારણે ભારે દેકારો થયો હતો, અને મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થયા હતા, તેમ જ ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવી હતી.

જેથી ફાયર શાખાની ટિમ તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીના એક ટેન્કર વડે આગને કાબુમાં લઈ લેતાં આગ વધુ પ્રસરતી અટકી હતી, અને સર્વેએ હાશકારો અનુભવ્યો હતો. આગ બુઝાવવા ના સમયે પીજીવીસીએલની ટીમ પણ પહોંચી ગઈ હતી, અને વિજ પુરવઠો બંધ કરી દેતાં થોડીવાર માટે ઉપરોકત વિસ્તારમાં અંધારપટ છવાયો હતો. પરંતુ ત્યાર પછી વિજ પુરવઠો પૂર્વવત બનાવી દેવાયો હતો.

# ઓશવાળ સર્કલથી સાધના કોલોની રોડ પર દબાણ હટાવાયું

## શેરડીના રસના ચિચોડા, તરબૂચ અને કેરીના સ્ટોલ સહિતના એક ડઝનથી વધુ મંડપ સામિયાણા દબાણો દૂર કરાયા

જામનગર મહાનગર પાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરમાં દબાણ હટાવવા માટેની ઝુંબેશ અવિરત ચાલુ રાખવામાં આવી છે. જેના ભાગરૂપે ઔષવાળ હોસ્પિટલના સર્કલથી પવનચક્કી થઈને સાધના કોલોની રણજીતસાગર રોડ પરના તમામ સ્થળોએ થી દબાણ દૂર કરવાની કામગીરી મોટાપાયે હાથ ધરવામાં આવી હતી. મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા ની મોટી ટુકડી રણજીત સાગર રોડ પર દોડતી થઈ હતી, અને ત્રણ જેટલા ટ્રેક્ટર માં રેકડી પથારાના માનસામાન ની જપ્તિકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉપરોક્ત માર્ગે મોટાપાયે શેરડીના રસ ના



ચિચોડા અથવા તો કેરીના રસના સ્ટોલ ઊભા કરાવી દેવાયા હતા. ઉપરાંત તરબૂચ, કેરી તથા અન્ય ફળ ફ્રૂટ ના વેચાણના સ્ટોલ માટે હંગામી છાવણી ઊભી કરી દેવામાં આવી હતી, તેવા ૧૫ જેટલા સ્ટોલ હટાવી લેવામાં આવ્યા છે, અને આશરે ત્રણ ટ્રેક્ટર ભરીને માલસામાન જપ્ત કરીને મહાનગર પાલિકાની કચેરીમાં જમા કરાવી દેવાયો છે. એસ્ટેટ શાખાની આ કાર્યવાહીને લઈને ઉપરોકત વિસ્તારમાં રેકડી પથારાના ધંધાર્થીઓમાં ભારે નાસભાગ થઈ હતી.

# મહાપાલિકાના અધિકારીઓએ બઢતી આપવામાં વિલંબ કરાતાં કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી

## બઢતી માટેની પાંચ ફાઈલો ઓફિસર્સ સ્ટાફ સીલેકશન કમિટી સમક્ષ લાંબા સમયથી પેન્ડીંગ

જામનગર મહાનગર પાલિકામાં વર્ગ-૧ માં અધિકારી ની બઢતી ના પ્રશ્ને આજે અધિકારીઓ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી હતી. અને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

જામનગર મહાનગર પાલિકામાં વર્ગ-૧ ના અધિકારીઓ જેવા કે, આસી. કમીશનર, એકઝી. એન્જી., ચિફ ઓડીટર સહિત ના હોદ્દા ઉપર બઢતી માટે લાંબા સમય થી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.આથી જામનગર મહાનગર પાલિકામાં ગઈકાલથી ટેકનિકલ યુનિયન દ્વારા કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવવા સાથે વિરોધ પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સિટી ઈજનેર ભાવેશ જાની, ચિફ. એકા. ઓફિસર જીગ્નેશ નિર્મળ, સ્લમ શાખા ના ઈજનેર અશોક જોષી, એસ્ટેટ વિભાગ ના કન્ટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવા, વોટર વર્કસ ના નરેશ પટેલ, ચિફ ઓડીટર કોમલબેન પટેલ, આરોગ્ય વિભાગ ના ભટ્ટ, સહિત ના અધિકારીઓ ગઈકાલે કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી હતી.બઢતી માટેની પાંચ ફાઈલો ઓફિસર્સ સ્ટાફ સીલેક્શન કમિટી સમક્ષ લાંબા સમય થી પેન્ડીંગમાં છે. પરંતુ ત્યાંથી કોઈ નિર્ણય લેવામાં નહીં આવ્યો હોવા થી આજ થી વિરોધ પ્રદર્શન શરૂ કરાયું છે.

### ટેકનિકલ યુનિયન અને વહીવટી યુનિયનના સંયુક્ત ઉપક્રમે કાળીપટ્ટી બાંધીને વિરોધ પ્રદર્શનઃઆસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાની



અબતક સાથેની વાતચીતમાં જામનગર મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાનીએ જણાવ્યું હતું કે ,ટેકનિકલ યુનિયન તેમજ વહીવટી યુનિયન દ્વારા કાળી પટ્ટી બાંધી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો છે, મહાનગરપાલિકા નું સેટઅપ મંજુર થયેલ છે ભરતીની પ્રક્રિયા પણ નિયમ અનુસાર ચાલુ કરેલ છે,અમુક નિયમ અનુસાર બઢતીની પ્રક્રિયા ઓગસ્ટ મહિનામાં થી જ શરૂ કરવાની હતી પરંતુ તે છ મહિનાથી પેન્ડિંગ હોવાના કારણે ટેકનિકલ યુનિયન અને વહીવટી યુનિયનના સંયુક્ત ક્રમે કાળી પટ્ટી બાંધીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો અને જ્યાં સુધી માંગ પૂરી નહીં થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

# ઠેબા મોટા થાવડીયા તથા સુવરડા ગામે લોક સંપર્ક કરી પ્રશ્નનું ત્વરીત નિકાલની ખાતરી આપતા મંત્રી રાઘવજીભાઈ

## ગામની રૂબરૂ મુલાકાત કરી પાણી, રસ્તા-રોડ, સ્વચ્છતા સહીતના મુદ્દે ચર્ચા કરી

જામનગર તાલુકાના ઠેબા, મોટા થાવરીયા તથા સુવરડા ગામે રાજયના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી







રાઘવજીભાઈ પટેલ દ્વારા લોકસંપર્ક યોજાયો હતો. મંત્રીએ આ ગામો ખાતે લોકસંપર્ક યોજી ઉપસ્થિત રહેલ નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળ્યા હતા.તેમજ તેઓની રજૂઆતો ધ્યાને લઈ સત્વરે તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.મંત્રી દ્વારા યોજવામાં આવેલ આ લોકસંપર્કમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેઓએ પોતાની રજૂઆતો મંત્રીશ્રી સમક્ષ મૂકી હતી. ગ્રામજનોના પ્રશ્નો સાંભળી તેના નિવારણ માટે લગત વિભાગો તથા સંબંધિતોને ટેલિફોનિક સૂચના આપી અથવા તો લેખિત કાર્યવાહી કરી લોક પ્રશ્નોના નિરાકરણનું મંત્રી માધ્યમ બન્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ગામના નાગરિકો સાથે મંત્રીએ રૂબરૂ મુલાકાત કરી ગ્રામજનોની સમસ્યાઓ જાણી હતી. ગામ વિકાસના પ્રશ્નો જેમ કે પીવાના પાણીની સુવિધા, માર્ગ વ્યવસ્થા, સ્વચ્છતા, આરોગ્ય તથા શિક્ષણ સંબંધિત મુદ્દાઓ ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવ્યા.જે પરત્વે લોક સંપર્ક દરમિયાન મંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહેલ અધિકારીઓએ પણ સંવેદનશીલતાપૂર્વક સંભાળ લઈને તત્કાલ અને લાંબા ગાળાના ઉકેલ માટે યોગ્ય પગલાં લેવા ખાતરી આપી.

### ચૂંટણી સમયે 'ઝબ્બા' કાઢવા વાળા નહીં કાયમી ખાદી પહેરવાવાળાને કોંગ્રેસ આપશે પ્રાધાન્ય

# કોંગ્રેસ મોટા નેતાઓની જવાબદારીઓ ફિકસ કરશે: ૩૧ મે સુધીમાં જિલ્લા પ્રમુખો જાહેર થશે

### ૨૩ એપ્રિલથી ૮ મે સુધી નિરિક્ષકોની ટીમ દરેક જિલ્લામાં થશે: જિલ્લા પ્રમુખ પદ માટે ૬-૬ નામોની પેનલ બનાવાશે ૨૦૨૭માં ભાજપને હરાવવા નેતાઓને ટાસ્ક અપાશે



**અબતક, રાજકોટ**

માત્ર ચૂંટણી સમયે ઝબ્બા ધારણ કરી નેતા બની નિકળી પડતા વ્યકિતઓને નહીં પરંતુ કાયમી ખાદી ધારણ કરી સતત લોકોની વચ્ચે રહેનારા વ્યકિતને હવે કોંગ્રેસ દ્વારા પ્રાધાન્ય આપવામાં આવશે. મારો તે સારો નહી પણ સારો તે માટે તે મુજબ કાર્યવાહી હાથ પર લેવામાં આવશે. અને સંગઠનમાં સ્થાન આપવામાં આવશે. હાલ બારમાસી ઘંઉ ભરવાની સીઝન ચાલી રહી છે. ત્યારે કોંગ્રેસે પણ હવે ઘંઉ (પક્ષ) માંથી કાંકરા (ભાજપની બી ટીમ સમા નેતાઓ)ને વીણી વીણીને કાઢવાનો નિર્ણય લીધો છે. આગામી ૩૧મી મેં સુધીમાં કોંગ્રેસ દ્વારા તમામ જિલ્લા અને શહેર પ્રમુખોના નામની જાહેરાત કરી દેવામાં આવશે.

કોંગ્રેસ દ્વારા ૨૦૨૫ને સંગઠન વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો છે. સંગઠનમાં ધરમુળથી પરિવર્તન કરવા માટેના પાયલોટ પ્રોજેકટની ગુજરાતથી શરુઆત કરવામાં આવી છે. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને લોકસભાના વિરોધ પક્ષના

## મોડાસાથી સંગઠનમાં પરિવર્તનના પાયલોટ પ્રોજેકટ 'સંગઠન સર્જન અભિયાન' નો આરંભ કરાવતા રાહુલ ગાંધી: ૧૨૦૦ કાર્યકરો સાથે સંવાદ



નેતા રાહુલ ગાંધીએ આજે મોડાસાથી 'સંગઠન સર્જન અભિયાન' નો આરંભ

(અનુ. આઠમા પાને)

### ચોમાસા સુધી લોકોએ પાણીની હાડમારી વેઠવી ન પડે તેવું રાજય સરકારનું આયોજન

# સૌરાષ્ટ્રના ૩૫ અને કચ્છના ૯ ડેમોનું પાણી પીવા માટે અનામત

### ઉતર ગુજરાતના ૮, મધ્ય ગુજરાતના ૬ અને દક્ષિણ ગુજરાતના ૪ જળાશયોના પાણી પણ રાખયા અનામત: સરદાર સરોવર ડેમ સહિત ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ધનમીટર પાણી સંગ્રહિત

**અબતક, રાજકોટ**

ગુજરાતની જનતાને ચોમાસાની સિઝન સુધી પીવાના પાણીની હાડમારી વેઠવી ન પડે તે માટે રાજય સરકાર દ્વારા ૨૦૭ જળાશયો પૈકી સૌરાષ્ટ્ર-કચ્છના ૪૪ સહિત રાજયના ૬૨ ડેમના પાણી પીવા માટે અનામત રાખવાનો નિર્ણય લીધો છે.

સરદાર સરોવર ડેમ સહિત રાજયના ૨૦૭ જળાશયોમાં હાલ ૧૪,૨૬૯.૭૩ મિલિયન ધન મીટર પાણી સંગ્રહિત છે.

સૌરાષ્ટ્રના ૩૫, કચ્છના ૯, ઉત્તર ગુજરાતના ૮, મધ્ય ગુજરાતના ૬, દક્ષિણ ગુજરાતના ૪ સહીત કુલ ૬૨ જળાશયોના પાણી પીવા માટે અનામત રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં ઉનાળા દરમિયાન નાગરિકોને સરળતાથી પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધિ થાય તે માટેના આયોજનની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી.

મુખ્યમંત્રીએ આ હેતુસર પાણી પુરવઠા વિભાગ, જળ સંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેયના સંકલનથી લોકોને પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવાના દિશા નિર્દેશો આપ્યા હતા.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી મુકેશ પટેલ, મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના સલાહકાર રાઠૌર, નર્મદા નિગમના સી.એમ.ડી. મુકેશ પુરી, અધિક મુખ્ય સચિવ(નર્મદા) સી.વી. સોમ અને વરિષ્ઠ સચિવો આ બેઠકમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી સમક્ષ આ બેઠકમાં કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં રાજ્યના જળાશયોની હાલની સ્થિતિ તેમજ પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકોને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે માટેની કામગીરીનું વિવરણ આપવામાં આવ્યું હતું.

- સમાન સરદાર સરોવર ડેમમાં ૬૧ ટકાથી વધુ પાણીની જથ્થો
- દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ
- મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા જળ સંગ્રહ
- સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા જળ સંગ્રહ
- કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ જળ સંગ્રહ

આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૬૨ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં, સરદાર સરોવર ડેમ સહિત કુલ ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘન મીટર પાણી સંગ્રહિત થયેલું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ કરીને કચ્છ જિલ્લામાં પીવાના પાણીની કોઈ મુશ્કેલી ન થાય તેને ધ્યાને લઈને ટપ્પર ડેમમાં વર્ષ દરમિયાન જરૂરિયાત પ્રમાણે નર્મદા કેનાલથી પાણી ભરવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલમાં પૂરતા પ્રમાણમાં નર્મદા જળ ઉપલબ્ધ કરાવવા અંગે સરદાર સરોવર નર્મદા નિગમને જણાવ્યું હતું.

રાજયના કુલ ૧૮૧૫૨ ગામો/ ૨૯૨ શહેરો પૈકી ૧૫૭૨૦ ગામો/ ૨૫૧ શહેરોને ૩૭૨ જેટલી જુથ યોજનાઓ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં ૧૦૬૫૯ ગામો/ ૧૯૦ શહેરોને નર્મદા આધારીત યોજનાથી તેમજ ૫૦૬૧ ગામો તથા ૬૧ શહેરોને અન્ય ડેમ આધારીત યોજનાથી પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે તેની વિગતો પાણી પુરવઠા વિભાગે પુરી પાડી હતી.

આ ઉપરાંત પાણી પુરવઠાની સ્થિતિ પર દેખરેખ રાખવા માટે ગાંધીનગરમાં ૨૪ડ૭ કંટ્રોલ રૂમ અને ૧૯૧૬ ટોલ ફ્રી નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. તેની અને હેન્ડ પંપ રિપેરીંગ માટે ૧૧૯ જેટલી ટીમો નિયુક્ત કરવામાં આવી છે તેની વિગતો અગ્ર સચિવ શ્રીમતી શાહમીના હુસેને આ બેઠકમાં આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા સરદાર સરોવર ડેમમાંથી પાણી ઉપલબ્ધ થાય તે માટેના આયોજન અંગે પણ નિગમના સી.એમ.ડી. શ્રી મુકેશ પુરી સાથે ચર્ચા પરામર્શ કર્યા હતા. જળ સંપતિ સચિવ શ્રી વ્યાસ અને સંબંધિત અધિકારીઓ પણ આ બેઠકમાં જોડાયા હતા.

હાલ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૭ ટકાથી વધારે જળ સંગ્રહ છે જેમાંથી ઉનાળની સીઝનમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે.

(અનુ. આઠમા પાને)